આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૨ ● અંક : ૦૭
સળંગ અંક : ૯૮૩
સપ્ટેમ્બર-૨૦૨૨

## સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત સરસ્વતી બાલવિહારના બાળકો દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી





આઝાદીનો અમૃત મહોત્સવ - સરસ્વતી બાલવિહાર



જન્માષ્ટમીની ઉજવણી - સરસ્વતી બાલવિહાર



વાલી સંમેલન - સરસ્વતી બાલવિહાર



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૨

સળંગ અંક : ૯૮૩ | સપ્ટેમ્બર-૨૦૨૨



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


માનવતાની મહેંક — ઋતુ શાહ /૪

સંપાદકીય : અનોખું વ્યક્તિત્વ — જ્યોતીન્દ્ર દવે /૫

શિક્ષણના સિતારા — ડો. ઈશ્વર પરમાર /૭

અવૈધિક કેળવણીનો અનોખો પ્રયોગ — હીરજીભાઈ નાકરાણી/૧૪

શિક્ષકની ચેતના — ડૉ. અરુણ કક્કડ /૨૪

કસ્તૂરી : ભારતીયોની વિચારધારામાં સ્વચ્છતા — હેતલબેન ડી. શાસ્ત્રી /૨૭

એક વખતની વાત - નાનાભાઈની અટલ શ્રદ્ધા — હાજી. ફાજલભાઈ ચૌહાણ/૩૦

લોકસાહિત્ય - કવિશ્રી દાદ — વનિતાબેન વાછાણી/૩૨

શિક્ષક — પટેલ હિતેન્દ્રભાઈ/૩૩

ચંપકની ચાલબાજી — માધવી આશરા/૩૪

આપણું અસ્તિત્વ ઓક્સિજન — આશાબેન પંચાલ/૩૫

૧૬ સપ્ટેમ્બર વિશ્વ ઓઝોન દિવસ — ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ/૩૬

ગુગલથી ગુરુ તરફ... — ડૉ. મહેશકુમાર એન. ઠાકર 'દર્શન'/૩૮

વિધાનપરિષદ : એક પરિચય — પ્રા. મહેન્દ્ર જે. પરમાર/૪૨



કાર્યાલય

**"ઘરશાળા" શૈક્ષણિક માસિક**

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# માનવતાની મહેંક

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ ઍક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

કિરણ નામનો એક છોકરો ત્રણ વર્ષથી વિદ્યાદાને દત્તક લીધો હતો. જે વર્ષે તે દસમા ધોરણમાં હતો ત્યારની આ વાત છે.

કિરણનો પરિવાર ખૂબ ગરીબ. માતા-પિતા માલિશ કરવાનું કામ કરે. એ કામ શિયાળામાં વધુ મળે. ક્યારેક કામ ન પણ મળે. કિરણની મમ્મીને ટી.બી. થયેલો. દવા-દારૂનો ખર્ચ પણ થાય. વસ્તારી પરિવાર. ઓછી આવકમાં છ વ્યક્તિનું પાલન-પોષણ કરવાનું. ક્યારેક ઘરમાં ચૂલો પણ ન સળગે.

કિરણની તેજસ્વિતા અને ઉજ્જવળ ભવિષ્યની શક્યતા જોઈને વિદ્યાદાને તેને ખાસ કેસમાં વધુ લાભો આપેલા. જેમ કે, સફારી (વિજ્ઞાન વિષયનું સામયિક) સહિત કેટલાંક સામયિકો તેના ઘરે બંધાવી આપેલાં. તેના ઘરે દરરોજ વર્તમાનપત્ર પણ આવતું. મૂળ ભાવના એવી કે કિરણ સરસ રીતે ભણે અને આગળ વધે.

તેની વકતૃત્વ કળા સારી હતી. આ સ્પર્ધામાં તે નંબર પણ લાવતો. એક વખત ખાનગી શાળામાં રાજ્યકક્ષાની શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા હતી. તેમાં તેણે ભાગ લીધેલો. એ વખતે વિદ્યાદાનનાં સ્થાપક ઋતુ શાહ શ્રોતાઓમાં સામે બેઠાં હતાં. દરેક સ્પર્ધક ચિઠ્ઠી ઉપાડીને જે વિષય આવે તે વિષય પર બોલતો. કિરણે ચિઠ્ઠી ઉપાડી. વિષય આવ્યો : માનવતા. તે માઈકની સામે આવ્યો ત્યારે થોડી વાર તો શૂન્યમનસ્ક થઈ ગયો. કોઈ પ્રકારનો કોઈ ભાવ જ નહીં. એ પછી તે ખૂબ રડવા લાગ્યો. બધાંને નવાઈ લાગી. નિર્ણાયકોએ તેને શાંત કર્યો. તેને પાણી પીવડાવવામાં આવ્યું. થોડો સ્વસ્થ થયો એટલે આયોજકોએ તેને પુનઃ બોલવાનું કહ્યું. પછી તો એ માનવતા વિષય પર ખૂબ સરસ બોલ્યો. તેણે વિદ્યાદાનની વાત કરી. વિદ્યાદાન સંસ્થા દ્વારા ઝૂંપડપટ્ટીનાં બાળકોને કઈ રીતે ભણાવવામાં આવે છે તથા તેમનું સર્વાંગી રીતે કઈ રીતે ઘડતર કરવામાં આવે છે તેની વાતો તેણે ઉદાહરણો આપીને કરી. આ સંસ્થાએ પોતાને કેટલી મદદ કરી છે તે કેફિયત પણ કહી.

એ સ્પર્ધામાં કિરણનો બીજો નંબર આવ્યો.

એક દિવસ ઋતુ શાહ ઉપર ખાનગી શાળાના આચાર્યનો ફોન આવ્યો. તેમણે કહ્યું કે આજે કિરણનું સન્માન થવાનું છે. તમે જરૂર આવજો. એ દિવસે ઋતુ શાહે કિરણને પૂછ્યું કે વકતૃત્વ સ્પર્ધાના દિવસે તું આટલું બધું કેમ રડ્યો હતો ? કિરણે જે જવાબ આપ્યો તે અકલ્પનીય હતો.

જે દિવસે તેને આ સ્પર્ધામાં આવવાનું હતું તે દિવસે વિદ્યાદાનના એક સ્વયંસેવકનો કિરણ પર ફોન ગયો હતો. એ સ્વયંસેવકે કિરણને કોઈ પુસ્તક કે ચોપડો કે અન્ય કોઈ સામગ્રી જોઈતી હોય તો કહેવા જણાવ્યું. ફોન પર રડતાં રડતાં કિરણે કહ્યું કે સાહેબ, ચોપડી નથી જોઈતી, રોટલી જોઈએ છે. હું ઘણા દિવસથી જમ્યો નથી. ઘરમાં જમવાનું નથી. આ સાંભળીને વિદ્યાદાનનો એ સ્વંયસેવક બાઈક પર કિરણના ઘરે ગયો. નોકરીએ જતી વખતે પોતાની સાથે જે ટિફિન લઈ જતો હતો તે ટિફિન તેણે કિરણને આપ્યું. એ ટિફિન કિરણના સમગ્ર પરિવારે વહેંચીને ખાધું.

પેટમાં થોડુંક અનાજ ગયું એટલે કિરણમાં થોડી શક્તિ આવી. એ વકતૃત્વ સ્પર્ધામાં બોલવા આવ્યો. 'માનવતા' વિષય પર બોલવાનું આવ્યું. જેનો અનુભવ હતો તેની જ વાત કરવાની હતી.

વિદ્યાદાનના વિશાળ પટ પર આવાં તો કેટલાંય બિન્દુઓ સિતારાની જેમ ઝળહળી રહ્યાં છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## અનોખું વ્યક્તિત્વ

જે દિવસે મેં મારી અનુસ્નાતકની ડિગ્રી મેળવી ત્યારે, એક પળ બગાડ્યા વગર શિક્ષક બનવા માટે, હું બંગાળમાં આવેલા મારા ગામ ઓસગ્રામ પાછો દોડી ગયો. અલબત્ત, મને મોટા શહેરોની શાળાઓ તરફથી ઉચ્ચપગારનો પ્રસ્તાવ પણ મળ્યો હતો. પરંતુ મારા માટે રૂ. ૧૬૯ના પગારની મારી શાળાનો પ્રસ્તાવ વધારે મૂલ્યવાન હતો.

વાસ્તવમાં હું મારા ગામનાં બાળકોને ભણાવવા ખૂબ જ તત્પર હતો અને આ એ જ વિદ્યાર્થીઓ હતા કે, જેઓને સારા શિક્ષકની જરૂર હતી. જોતજોતામાં ૩૯ વર્ષ શિક્ષકયજ્ઞમાં વિત્યા અને અચાનક નિવૃત્તિનો સમય આવ્યો એટલે મને ખબર પડી કે, અરે ! ૬૦ વર્ષ તો વીતી ગયા ! આ થોડુંક હાસ્યાસ્પદ લાગ્યું. કેમકે, માનસિક રીતે હું હજુ નિવૃત્ત થયો જ નહોતો.

આખરે ૬૦ વર્ષની ઉંમરે એ વખતે મને એવું લાગ્યું કે ચાલો હવે નિવૃત્ત તો થઈ ગયા. તો બાકીની જિંદગી ખાટલામાં બેસી, સરસ ચાની ચુસકી સાથે યાદો ગુજારીશ. પણ થોડાક જ સમયમાં હું બેચેન થઈ ગયો. મારા ખયાલથી હું નિવૃત્ત થવા માગતો જ નહોતો. મનો-મન હવે શું કરીશ ? તે સતત વિચારતો હતો, ત્યારે અચાનક મારા પ્રશ્નનો જવાબ મળતા, મારા જીવમાં જીવ આવી ગયો, બન્યું એવું કે એક સવારે લગભગ ૬.૩૦ વાગ્યે મને મળવા, ત્રણ બાલિકાઓ આવી. તેઓ ૨૩ કિ.મી. સાઈકલ ચલાવી મને મળવા આવી હતી. તે સાંભળી હું ચોંકી ગયો. તેઓ હાઈસ્કૂલમાં ભણતી હોય તેટલી ઉંમરવાળી આદિવાસી વિદ્યાર્થીબહેનો હતી. જેમની આંખોમાં ભણવાની ભૂખ અને કેટલાંય સપનાની લહેરખી મેં જોઈ. તેઓએ હાથ જોડી મને વિનંતી કરી કે,

'માસ્ટરજી, અમને ભણાવશો ?'

મેં તરત જ હા પાડી અને મજાકમાં કહ્યુ, હું તો ભણાવીશ પણ, તમારે મારી ઘરશાળામાં આખા વર્ષની ફી ચૂકવવી પડશે.

તેઓએ ગમે તેમ કરી પૈસાની વ્યવસ્થા કરશે એમ કહ્યું ત્યારે મેં કહ્યું, 'આખા વર્ષની ફી હશે માત્ર રૂ. ૧.' આ સાંભળતા જ તેઓની આંખો હર્ષના અશ્રુથી છલકાઈ ગઈ. મને તેઓ કહેવા લાગ્યા, એ તો ૧ રૂપિયો અને ઉપર ચાર ચોકલેટ પણ આપીશું.

હું તો ખૂબ જ ઉત્સાહિત હતો તેથી તેઓના ગયા બાદ સીધો મારી શાળાએ જઈ સંચાલકો પાસે એક વર્ગખંડની માગણી કરી, પરંતુ મને સફળતા ન મળી, પણ હું ત્યાં અટકવાનો થોડો હતો. કેમકે મારામાં હજુ એક શિક્ષક જીવંત હતો. હું ઘરે ગયો, મારા ઘરનો

વરંડો સાફ કરાવ્યો અને ત્યાં જ ભણાવવાનું નક્કી કર્યું. મને બરાબર યાદ છે, તે ૨૦૦૪નું વર્ષ જ્યારે મેં પોતાની પાઠશાળા એ ફક્ત ત્રણ આદિવાસી બાલિકાઓથી શરૂ કરી જે જોતજોતામાં ૩૦૦૦ બાલિકાઓ સુધી પહોંચી ગઈ. જેમાં મોટાભાગની યુવા આદિવાસી બાલિકાઓ અભ્યાસ કરે છે.

મારો દિવસ હજુ પણ સવારે ૬.૦૦ વાગ્યે ગામની આસપાસ વિહાર કરવાનો, ત્યારબાદ વિવિધ સ્થળેથી આવતા વિદ્યાર્થીઓ માટે મારી શાળના દરવાજા ખૂલે છે. કેટલીક બાલિકાઓ ૨૦ કિ.મી.થી પણ વધુ ચાલીને આવે છે. જેઓનો ભણવા પ્રત્યેનો ગજબનો જુસ્સો જોઈ, મને પણ તેમની પાસેથી શીખવાની તત્પરતા થાય છે. આમ, વર્ષોથી મારા વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી વિવિધ ઉચ્ચપદો શોભાવી રહ્યાં છે. જ્યારે તેમાંથી નોકરી લાગ્યાના સમાચાર મને મળે છે ત્યારે હંમેશની જેમ હું કહું છું કે, 'ચોકલેટ ખવડાવીને મોઢું તો મીઠું કરાવો...!'

ગયા વર્ષે, જ્યારે મને પદ્મશ્રીનો પુરસ્કાર મળ્યો ત્યારે મારા ફોનની ઘંટડી રણક્યા જ કરતી, આખા ગામે મારી સાથે ઉજાણી કરી, તે ખૂબ જ આનંદનો દિવસ હતો. પરંતુ એ દિવસે પણ મેં મારી શાળા બંધ નહોતી રાખી. મારી શાળાના દરવાજા બધાય માટે ખુલ્લા જ છે. ગમે ત્યારે મારી અને મારી પાઠશાળાની મુલાકાતે આવો. મારું ગામ રળિયામણું અને મારા વિદ્યાર્થીઓ તેજસ્વી તો ખરા જ. મને ખાતરી છે કે તમે પણ મારા વિદ્યાર્થીઓ થકી કંઈક શીખશો.


**- સુજિત ચેટરજી**

'આ પૃથ્વી પર મારો જન્મ ભણાવવા માટે જ થયો છે.' આ વાક્ય દરેક શિક્ષકો માટે શિક્ષક દિન નિમિત્તે પ્રેરણા દાયક બની રહેશે.

**- તંત્રી**

**અનુવાદક : મૃણાલ ઓઝા**

# પ્રતિભાવ



**સ્નેહીશ્રી મુ.જશીબહેન, જયોતીન્દ્રભાઈ, તથા ઘરશાળા પરિવાર...**

કુશળ હશો...

'ઘરશાળા' સળંગ અંક : ૯૮૦, જુન - ૨૦૨૨ મળ્યો. આપ સૌનો ખૂબ ખૂબ આભાર. લગભગ એક વર્ષના વિરામ બાદ અંક મળતાં અત્યંત આનંદની લાગણી અનુભવાય છે. અભિનંદન.

લગભગ ૧૨૨ પાનાનો દળદાર વિવિધ લેખોથી સમૃદ્ધ અંક છે. આપ સૌએ ભેગા મળીને એક વર્ષનું સાટું વાળતા હોય તે રીતે ગુજરાતના ખ્યાતનામ નિવડેલ અને જાણીતા સાહિત્યકારો અને કેળવણીકારોના લેખોથી અંકને અનોખો બનાવ્યો છે. અંકને બદલે શિક્ષણ 'સાહિત્યનું નાનકડું પુસ્તક' બન્યું છે તેમ કહેવું વધુ યોગ્ય છે. લગભગ તમામ લેખો મનનીય અને ચિંતનશીલ છે. શિક્ષણના ઋષી નાનાભાઈથી લઈને જાણીતા તથા માણીતા લેખકો મનસુખભાઈ, ચંદ્રકાન્તભાઈ, આચાર્ય દેવવ્રતજી, રવિન્દ્રભાઈ વગેરેના લેખોનો સમાવેશ છે. ગુજરાતના શિક્ષણના સિતારા હરેશભાઈ, ભદ્રાયુભાઈ, ઈશ્વરભાઈ પરમાર, ડૉ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, કેશુભાઈ પટેલ, ગુલાબભાઈ જાની વગેરે જેવાઓના લેખોનો કારણે અંક સંસ્થાના પુસ્તકાલયમાં સાચવવા જેવો તૈયાર કર્યો છે. આપ સૌને અંતઃકરણથી અભિનંદન પાઠવતાં રાજીપો વ્યક્ત કરીએ છીએ.

**રણછોડ શાહની મધુસ્મૃતિ.**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષણના સિતારા

**ડો. ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫.
મો. ૯૪૨૭૨૮૪૭૪૨

***વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે 'શિક્ષણના સિતારા' પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે 'શિક્ષણના સિતારા'ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.***

## એક સ્વપ્નદૃષ્ટા અને સંગીન સારસ્વત

"સાહેબ, સાહેબ, આપણા અધ્યાપકને ત્રણ જણા મારે છે !"

"એક વાલી છે ને એના બે દીકરા."

"ક્યાં છે એ ?"

"આપણા અધ્યાપક-ખંડમાં."

શિક્ષણાધિકારીની મીટિંગમાં હાજરી આપીને પરત આવેલા મહિલા કૉલેજના એ આચાર્ય સાથી (પટાવાળા) દ્વારા આ ખેદ-ખબર સાંભળીને તરત અધ્યાપક-ખંડ તરફ ધસી ગયા.

ગુસ્સાથી ધ્રૂજતો મજબૂત જણ હાથમાં સાઈકલની ચેન લઈને અધ્યાપકને ઝૂડતો હતો. બે જુવાનો પેલા અધ્યાપકને જકડીને તેના બાવડા પકડવા મથતા હતા. લાચાર આંખે ઊભેલા બીજા કર્મચારીઓએ જોયું કે આચાર્યે તો ધસી જઈને સીધા જ પેલા ચેનધારી વાલીને બથમાં લઈ લીધા ! હવે સૌમાં હિંમત આવી. બધાએ મળીને ત્રણે જણાને પકડી લીધા. તેમને પોલીસ સ્ટેશને લઈ ગયા. ઘાયલ અધ્યાપકને દવાખાને લઈ ગયા. ઈજા થયાં અંગેનું પ્રમાણપત્ર મેળવ્યું. લોહીના ડાઘવાળો ને ફાટેલો બુશકોટ પોલીસને સોંપ્યો.

એ અધ્યાપકનો વાંક એટલો જ કે એમણે કૉલેજની પરીક્ષામાં ચોરી કરવા ઇચ્છતી એક વિદ્યાર્થિનીને તેમ કરતાં અટકાવી ! એને પ્રશ્નપત્ર અઘરું લાગ્યું એટલે બીજી વિદ્યાર્થિનીની ઉત્તરવહી ખેંચવા માંડી. તે બંને વચ્ચે રકઝક થવા માંડી. અધ્યાપકે પેલી ચોરી કરવા ઇચ્છતી વિદ્યાર્થિનીને રોકી અને ઠપકો આપ્યો. આથી એણે તો ફાવે તેમ બોલવા માંડ્યું ! ગયા વરસે પણ નાપાસ થયેલી એ વિદ્યાર્થિની પોતાની બંગડીઓ જાતે જ તોડતાં તોડતાં પરીક્ષાખંડ છોડી ગઈ !

ઘેર જઈને ફરિયાદ કરી : "અમારા સાહેબે ચાલુ પરીક્ષાએ મારો હાથ પકડ્યો. આ ખેંચતાણમાં મારી બંગડીઓ ફૂટી ને હાથે વાગ્યું !" - અને આંસુડાં તો એને આંખવગાં જ હતાં !

દીકરીની વાત સાંભલીને પિતાનું લોહી તપી ગયું. બંને ભાઈઓ ભભૂકી ઊઠ્યા. ત્રણેય આવી ઘૂસ્યા કૉલેજમાં ને પેલા અધ્યાપકને કૉમન-રૂમમાં જ ઝૂડવા માંડ્યા ! ભલું થયું કે આચાર્યે આવીને વાલીને જકડી લીધા. અન્ય કર્મચારીઓએ મળીને ત્રણેયને પકડી લીધા. મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો. વાલીએ પણ આચાર્ય વિરુદ્ધ ફરિયાદ લખાવી !

આચાર્ય અને તેમના સાથી-અધ્યાપકોએ શહેરના ચોકમાં ઉપવાસ આંદોલન કર્યું. કૉલેજમાં આવી હિંસક હરકત કેમ ચલાવી લેવાય ? શહેરનીય સહાનુભૂતિ અને સાથ મળ્યો.

કોર્ટમાં બે વરસ કેસ ચાલ્યો. તે દરમિયાન પેલા

અધ્યાપક અને આચાર્યને ભયંકર જાસા મળવા માંડ્યા; છતાં બંને મક્કમ રહ્યા. છેવટે, એ ત્રણેયને બબ્બે વર્ષની સખત કેદની સજા થઈ. હવે વાલી ગભરાયા. પસ્તાયા. માંફી માંગી. કૉલેજે ઉદારતા દાખવી. પછી તો તે વાલીએ આચાર્ય સાથે મીઠાં સંબંધ બાંધ્યા ને જાળવ્યા !

●

આ મક્કમ અને મુલાયમ આચાર્ય : શ્રી જયેન્દ્રભાઈ ગિરિજાશંકર ત્રિવેદી, કૉલેજ : શ્રીમતી ગાંધી મહિલા કૉલેજ, શહેર : ભાવનગર. આચાર્યનો જન્મ, ઉછેર, અભ્યાસ, વ્યવસાય, નિવૃત્તિ ને કર્મભૂમિ : સંસ્કારનગરી ભાવનગર. ગુજરાતના સાહિત્ય અને શિક્ષણપ્રેમીઓને મન જયેન્દ્રભાઈ ત્રિવેદી એટલે ભાવનગર અને ભાવનગર એટલે જયેન્દ્રભાઈ ત્રિવેદી ! જન્મ તારીખ : ૨૫-૭-'૨૬.

એમના પિતાજી ભાવનગર સ્ટેટની રેલવેના મોભાદાર દાક્તર હતા. વાંચવાના શોખીન. બાળકોને રમકડાં કે મીઠાઈ લાવી આપવાને બદલે 'દક્ષિણામૂર્તિ'નાં પુસ્તકો આપવાનું વિશેષ પસંદ કરતા. પ્રસિદ્ધ સામયિક 'કુમાર' મંગાવતા. રેલવેની લાયબ્રેરી પણ સારી. તેનો લાભ લેતા અને બાળકોને લેવા પ્રેરતા. એમણે તો વારસામાં ભાઈભાંડુઓને પુસ્તકોય વહેંચી આપ્યાં હતાં !

માતા કાન્તાગરીને પણ વાચનનો ખૂબ શોખ. વાચનપ્રેમી પુત્ર જયેન્દ્રને મોટેથી વાંચવા કહે. એ કામ કરતાં જાય અને સાંભળતા જાય. એમનો કંઠ મધુર. હજારો પંક્તિઓ એમને કંઠસ્થ. પ્રેમાનંદનાં આખ્યાનો, બોટાકદર-મેઘાણીની કવિતાઓ, નરસિંહ-મીરાંનાં ભજનો.

આ સંસ્કારપ્રેમી પરિવારનું પુષ્પ જયેન્દ્ર ભણવામાં હોશિયાર. એ બાળકને ત્રીજા ધોરણમાં ભારે આઘાત લાગેલો ! બન્યું એવું કે શાળાના વાર્ષિક દિને સમારંભમાં જે નાટક રજૂ કરવાનું હતું તેમાં રાજા સિદ્ધરાજનું પ્રભાવી પાત્ર પણ હતું. જયેન્દ્રને મન તે પાત્ર માટે પોતે જ સુપુત્ર ! - પણ એને તો રાજાના પુરોહિતનું પામર લાગે તેવું પાત્ર અપાયું. રાજા સિદ્ધરાજ ગાદીએ બેસે ત્યારે પુરોહિત તેને કપાળે ચાંદલો-ચોખા કરવા ને શ્લોક બોલવાનો : "સ્વસ્તિના ઈન્દ્રો."

પ્રવાહી રાજાનું પાત્ર ન મળ્યાના આઘાતને પચાવીને બાળક જયેન્દ્રે પુરોહિતપણું ભજવ્યું એવું આબાદ કે શુદ્ધ ઉચ્ચારણ માટે તેને પહેલું ઈનામ મળ્યું ! ભાવનગર પરામાં ખૂલેલી વ્યાયામશાળામાં નિયમિત જતા જયેન્દ્રે આગળ જતાં નવી પેઢીને ઘડતાં ઘડતાં 'સ્વસ્તિના ઈન્દ્રો'વાળો શ્લોક જ જીવ્યા કર્યો ને ?

માધ્યમિક શિક્ષણ લેવા માટે કિશોર જયેન્દ્રને ભાવનગરની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં દાખલ કરાયો. આઠમા ધોરણમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવા બદલ તેને ઈનામ મળ્યું. તે વખતે રોકડ ઈનામ ન અપાતું. ઈનામની રકમ જેટલી કિંમતની ચોપડી ભેટ અપાતી. આચાર્યશ્રી વી. કે. પટેલે પૂછ્યું, 'બોલ ભાઈ તારે કઈ ચોપડી જોઈએ છે ?'

તે દિવસોમાં જયેન્દ્રનાં માસી બી.એ.માં ભણતાં હતાં. તેમના પાઠ્યક્રમમાં 'યુગવંદના' હોવાથી તે અને તેમની સખીઓ 'યુગવંદના' ગાતા. એ સાંભળતા સાંભળતા જ જયેન્દ્રને તે પુસ્તક પ્યારું લાગતું હતું. આથી એણે આચાર્યને જવાબ આપ્યો, "મારે 'યુગવંદના' જોઈએ છે."

"અલ્યા, એ ચોપડીમાં તું શું સમજી શકશે ? એમાં તો કેવળ કવિતાઓ જ છે."

"સાહેબ, 'યુગવંદના'માંથી આપ કોઈ પણ કવિતાની પહેલી પંક્તિ બોલો, હું તે પછીની પંક્તિ બોલી બતાવીશ."

"એમ ? - તો સાંભળ : તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતાભરી ?"

"મુરદા મસાણેથી જાગતાં, એવી શબ્દમાં શી સુધા ભરી !"

સને ૧૯૪૨માં મૅટ્રિકના વિદ્યાર્થી જયેન્દ્રના ગણિત-શિક્ષક શંભુભાઈ. તેઓ ગણિતને બદલે વાતાવરણવશ રાષ્ટ્રીયતાના પાઠ ભણાવે. તે વર્ષના ઓગસ્ટમાં તો એમણે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવી કે હવે તો દેશ આઝાદ થાય પછી જ અમે શાળામાં પાછા આવીશું. તરુણ જયેન્દ્રે યથાશક્તિમતિ સ્વતંત્રતાની લડતમાં ભાગ લેવો શરૂ કર્યો.

તેમ કરતાં મહિનાઓ પસાર થઈ ગયા પણ બેતાલીસની સાલમાં આઝાદી ન આવી ! ધીરે ધીરે બધું શાંત થઈ ગયું અને શાળાઓ પણ ખૂલી ગઈ. જયેન્દ્ર અને કેટલાક મિત્રો શાળા સુધી જાય પણ પેલી પ્રતિજ્ઞાને કારણે શાળામાં ન જાય. એક મિત્રના ઘેર અગિયારથી પાંચ વાગ્યા લગી સ્વાધ્યાય કરે. એમના પ્રિય વર્ગશિક્ષક અંજારિયાસાહેબને ખબર પડતાં તેઓ તેમને તેડવા પેલા ઘેર ગયા - જયેન્દ્રે પ્રતિજ્ઞાના બંધનની વાત કરી. અંજારિયાસાહેબ ગણિત-શિક્ષક શંભુભાઈને લઈને પાછા એ પ્રતિજ્ઞાબદ્ધ વિદ્યાર્થીઓ પાસે ગયા. શંભુભાઈએ તે તરુણોને પ્રતિજ્ઞામાંથી મુક્ત કર્યા અને તેઓ ગ્લાનિપૂર્વક વર્ગમાં જઈ ભણવા લાગ્યા.

વિદ્યાર્થી જયેન્દ્રે પરિવારમાં વસાવાયેલ શિષ્ટ પુસ્તકો ઉપરાંત શાળાના પુસ્તકાલયમાંથી પ્રશિષ્ટ સાહિત્ય જ નહીં, અંગ્રેજીમાંથી અનુવાદિત સાહિત્ય પણ સારા પ્રમાણમાં વાંચી લીધું હતું. કિશોર-અવસ્થાથી લખવાનું પણ શરૂ કર્યું હતું.

અભ્યાસ-માર્ગે એને જવું તો હતું ભાષા-સાહિત્યની સૃષ્ટિમાં. પણ પ્યારા પૌત્રને દાક્તર તરીકે જોવાની દાદાની ખૂબ મરજી હતી. મૅટ્રિકમાં ગણિત-વિજ્ઞાનમાં માર્ક્સ પણ ખૂબ સારા આવ્યા. જયેન્દ્ર વડીલોને કહી ન શક્યો કે મારે આર્ટ્સમાં જવું છે. પરાણે વિજ્ઞાનના વિષયોમાં મન પરોવ્યું. ચિત્રકામ જરાય ફાવતું નહીં; તેથી ઈન્ટર સાયન્સમાં બી-ગ્રુપમાં પ્રવેશ ન મળ્યો ને દાક્તર ન થવાયું. ન છૂટકે બી.એસસી. થવું પડ્યું.

એમની રુચિ તો હાઈસ્કૂલ-ટાઈમથી જ ભાષા-સાહિત્યલક્ષી હતી. તે સમયથી જ રાષ્ટ્રભાષા હિન્દીની પરીક્ષાઓ આપવા માંડેલી. કૉલેજ કાલ દરમિયાન સાપ્તાહિક ‘ફૂલછાબ’માં ‘ફિલ્મી ગીતોમાં કાવ્યતત્ત્વ’ પર પહેલો લેખ છપાયો હતો. ૧૯૪૮થી હિન્દી પ્રચારક તરીકે સેવા આરંભી હતી. કૉલેજમાં હતા તે દરમિયાન આપેલી ‘રાષ્ટ્રભાષા રત્ન’ની પરીક્ષામાં સમસ્ત ભારતમાં પ્રથમ ક્રમે આવ્યા. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ તેમને સન્માન સાથે સુવર્ણચંદ્રક આપ્યો ત્યારે તે સમિતિ સાથે સંયોજાઈને ભાવનગરના વિદ્યાપ્રેમી નાગરિકોએ એમને બીજો સુવર્ણચંદ્રક ધનરાશિ સહિત આપ્યો. એ ધનરાશિ જયેન્દ્રભાઈએ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિને સોંપી તેને પ્રતાપે નગરમાં રાષ્ટ્રભાષાનું સમૃદ્ધ પુસ્તકાલય અસ્તિત્વમાં આવ્યું. રાષ્ટ્રભાષાના વર્ગો લેવાનું એમને ગમતું ને ભણાવવાના સુખનો ભરપૂર અનુભવ થતો.

પણ જીવન કશા ધ્યેય વિના આ તે પ્રવૃત્તિમાં પસાર થતું હતું. સાયન્સ ગ્રેજ્યુએટ જયેન્દ્રભાઈએ પોતાના મિત્ર જાફરખાન પઠાણ સાથે મળીને કૉમર્સ-સ્કૂલ શરૂ કરી. શાળા જામવા માંડી; પરંતુ નગરના અન્ય ઉદ્યોગપતિને કૉમર્સ હાઈસ્કૂલ શરૂ કરવા માટે સરકારી માન્યતા મળે તેટલા ખાતર પ્રસિદ્ધ કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીનો પ્રેમાદેશ માથે ચડાવીને એમણે પોતાની શાળા સંકેલી લીધી. એ પછીની એક સાંજે બાર્ટન લાઈબ્રેરીના પગથિયે મળી ગયેલ પ્રો. વી. જે. ત્રિવેદીએ કહ્યું, ‘આમ દિવસો શા માટે વેડફે છે ? હિન્દી વિષયમાં એમ.એ. થઈ જા ને ?’

‘એ શી રીતે બને ? હું તો સાયન્સ ગ્રેજ્યુએટ છું.’ ‘ભારતની કેટલીક યુનિવર્સિટીઓમાં કોઈ પણ વિષયના ગ્રેજ્યુએટને આર્ટ્સમાં એમ.એ.ની પદવી માટે પ્રવેશ મળે છે.’

આ વાત થયા પછી તરત જ જયેન્દ્રભાઈએ બનારસ હિન્દુ યુનિવર્સિટી સાથે પત્રવ્યવહાર કર્યો. એમ.એ.માં પ્રવેશ મેળવ્યો. હિન્દી ભાષા અને સાહિત્ય સાથે એમ.એ.ની પદવી સારા ગુણ સાથે પ્રાપ્ત કરી. આ રીતે બનારસ જનારા તેઓ સૌરાષ્ટ્રમાંથી પહેલા હતા.

એમ.એ.ના અભ્યાસ નિમિત્તે જયેન્દ્રભાઈને બનારસમાં હિન્દી સાહિત્યના પ્રખર પંડિત વિશ્વનાથ પ્રસાદ મિશ્રનાં મમતા અને માર્ગદર્શન મળ્યા. એમણે જીવન સંદેશ આપ્યો : ‘પદ અને અર્થનો મોહ કલહ પેદા કરે છે આથી તેની લિપ્સા ન રાખવી.’ આ ગુરુમંત્ર સ્વીકારીને જયેન્દ્રભાઈએ ભૌતિક વૈભવને કદી સાધ્ય માન્યું નથી કે ન તો તેને માટે સંઘર્ષ કર્યો. વિદ્યાવૈભવ માટે સદા જાગૃત્ત રહ્યા અને તેથી જ કદાચ આચાર્યપદ આ સારસ્વતને શોધતું આવ્યું.

બન્યું એવું કે ભાવનગર સ્ત્રી-કેળવણી મંડળે સ્થાપેલ

મહિલા કૉલેજમાં જયેન્દ્રભાઈ હિન્દીના અધ્યાપકપદે રહ્યા (૧૯૫૧-'૫૫) ગુજરાતની બીજી યુનિવર્સિટીઓમાં તો હિન્દીનો વિષય ન હતો. મુંબઈની એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠમાં હિન્દીનો વિષય હતો. ભાવનગરમાં નવી શરૂ થયેલ મહિલા કૉલેજ મુંબઈની એ વિદ્યાપીઠ સાથે જોડાયેલી હતી. તેથી હિન્દીના અધ્યાપક તરીકે જયેન્દ્રભાઈ જોડાયા. એ રીતે સમસ્ત પ્રદેશમાં તેઓ હિન્દી વિષયના પહેલા વ્યાખ્યાતા બન્યા.

ભાવનગરમાં મહિલા કૉલેજ ચલાવતી સંસ્થા દર મહિને નિયમિત પગાર કરી શકે તેવી આર્થિક સ્થિતિમાં ન હતી. જયેન્દ્રભાઈના પિતાજી નિવૃત્ત થઈ ચૂક્યા હતા. નાના ભાઈઓ હજુ ભણી રહ્યા હતા.

આ સંજોગોમાં મહિલા કૉલેજમાંથી છૂટા થઈને જયેન્દ્રભાઈ સરકારની શામળદાસ કૉલેજમાં આઠ વર્ષ (૧૯૫૫-'૬૩) રહ્યા. કૉલેજમાં હિન્દી વિભાગના અધ્યક્ષ તરીકે કામ કરીને તે વિભાગને તેમણે અનુસ્નાતક કક્ષા સુધી વિકસાવ્યો. દક્ષ શિક્ષક તરીકેની તેમની પ્રતિભાનાં તેજ પથરાવા માંડ્યા. એ તેજ ઝીલીને કવિ કિસ્મત કુરેશીએ પ્રશસ્તિ લખી :

'ઉચ્ચ જેનાં ધ્યેય ને આદર્શ છે,
ત્યાગ ને અર્પણમાં જેનો હર્ષ છે,
નિતનવો જેનો અભિગમ શિક્ષણે
પારખું દૃષ્ટિ સદાય નિરીક્ષણે.
શિસ્ત સંનિષ્ઠા ફરજના પાલને
શક્તિ ને કૌશલય શાં સંચાલને !
એની પ્રતિભાના પ્રતિબિંબ લેખને
દાખવ્યા ઉત્કર્ષ એના ચિંતને.'

એક વખત જયેન્દ્રભાઈ સરકારી શામળદાસ કૉલેજમાં ભણાવવા સાઈકલ પર જઈ રહ્યા હતા. (૧૯૬૨) ત્યારે ભાવનગર સ્ત્રી-કેળવણી મંડળના સ્થાપક-પ્રમુખ શ્રી બળવંતરાય મહેતા પોતાના ઘરની બાલ્કનીમાં ઊભા હતા. તેમણે અધ્યાપક જયેન્દ્રભાઈને બોલાવીને પૂછ્યું, 'તમને સરકારી નોકરીનો મોહ ખરો?' જયેન્દ્રભાઈનો નકાર સાંભળીને એમણે સ્નેહપૂર્વક ફરમાવ્યું : 'તો રાજીનામું આપીને મને રાત્રે મળો.'

જયેન્દ્રભાઈએ રાજીનામું લખ્યું. તે શામળદાસ કૉલેજના પ્રિન્સિપાલને આપતી વખતે પોતાને બળવંતભાઈ સાથે થયેલી વાત એમને કહી. એ સાંભળીને પ્રિન્સિપાલ કહે - 'જુઓ ત્રિવેદી, હું તમારું રાજીનામું ટેબલના આ ખાનામાં મૂકી રાખું છું. રાજપુરુષોની વાત પર પૂરો વિશ્વાસ મુકાય નહીં. કાલે ફરી વિચાર કરીશું.'

એ રાજપુરુષ - બળવંતભાઈ મહેતા - તો અઠવાડિયા પછી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ લેવાના હતા. એમને ગુજરાતી-હિન્દી-અંગ્રેજીના એક ભાષા-નિષ્ણાત અંગત સચિવની જરૂર હતી. જયેન્દ્રભાઈ રાત્રે એમને મળ્યા કે તરત પૂછ્યું, 'રાજીનામું આપીને આવ્યા છો ?'

'હા, પરંતુ અંગત સચિવ થઈને મારે ભણાવવાનું સુખ જતું કરવું નથી.'

'તમને અધ્યાપક જ રાખવા છે; બલ્કે આચાર્ય બનાવવા છે. સાંભળો, અમારી સંસ્થામાં આવવા માટે તમે અરજી કરતા નથી; અમે તમને નિમંત્રણ આપીએ છીએ. તમને થોડા સમયમાં સંસ્થાનું મંત્રીપદ પણ આપીશું જેથી કૉલેજના વિકાસમાં તમને કોઈ વહીવટી અવરોધ ન રહે.'

'કૉલેજમાં હાલ તો શાહસાહેબ આચાર્ય તરીકે છે જ ને ? એમને' -

'તેઓ થાક્યા છે. આમેય તેઓ વેતન તો લેતા જ નથી; તેથી આચાર્યનો સ્કેલ તો તમને અત્યાથી જ આપીશું. પણ તમે થોડો સમય શાહસાહેબ પાસે ઘડાઓ અને પછી આચાર્યપદ સંભાળી લો.'

સૌરાષ્ટ્રની પહેલી મહિલા કૉલેજ શ્રીમતી ગાંધી મહિલા આર્ટ્સ ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના વગર અરજીએ આચાર્ય (૧૯૬૩-'૮૬) થનાર જયેન્દ્રભાઈએ જોતજોતામાં તે સંસ્થાને સુપ્રતિષ્ઠિત કરી. તેના ભૌતિક વિકાસની સાથોસાથ તેનું વિદ્યાકીય તેજ વધતું રહ્યું. અનેકવિધ વિષયો અંગેના પરિસંવાદો તેમજ કેટલાય સાહિત્યકારો અને શિક્ષણકારોની

પ્રવચનમાળાઓથી કૉલેજ ધમધમતી રહી. આ સંસ્થા ભાવનગરની સાંસ્કૃતિક ચેતનાના કેન્દ્રરૂપ બની રહી. સ્વપ્નશીલ જયેન્દ્રભાઈએ સ્વપ્નમાં જ બીજ વાવીને સૌને દેખાય તેવો ઘેઘૂર વડલો ઉછેર્યો, પોતાનાં રક્ત-સ્વદેહથી પોષીને ! આથી ગુજરાતનું સૌપ્રથમ અનૌપચારિક શિક્ષણનું કેન્દ્ર તેમની કૉલેજને મળ્યું.

સને ૧૯૫૦થી જયેન્દ્રભાઈ ભાવનગર રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના મંત્રી રહ્યા તે છેક ૧૯૮૨ સુધી. સૌરાષ્ટ્ર વિસ્તારના રાષ્ટ્રભાષા સંગઠક તરીકે પણ બારેક વર્ષ (૧૯૫૦-'૬૩) રહ્યા. ગુજરાત રાજ્ય પ્રદેશ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિમાં તેઓ પાંત્રીસથી વધુ વર્ષો સુધી સભ્ય રહ્યા.

ગુજરાત રાજયમાં હિન્દીમાં અનુસ્નાતક થયા હોય તેવા પહેલા પ્રિન્સિપાલ જયેન્દ્રભાઈ હિન્દી સંદર્ભે લખાતું-છપાતું અચૂક વાંચે. સને ૧૯૬૨માં તાજા એમ.એ. થયેલા હાલના સુખ્યાત સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ લેખ લખેલો. તેમાં એમણે હિન્દી કવિ રામદરશ મિશ્રના કાવ્યસંગ્રહનું અવલોકન કર્યું હતું. તેનું શીર્ષક હતું : 'અજનબી પાહુન કા ખામોશ દર્દ.' એ કાવ્યાત્મક અવલોકન વાંચીને સુજ્ઞ જયેન્દ્રભાઈએ તેના લેખક રઘુવીર ચૌધરીને લાંબો પત્ર લખ્યો, 'ભાઈ, શબ્દોની આતશબાજી શા માટે ?' બસ, ત્યારથી એ લેખક જયેન્દ્રભાઈની શિક્ષક લેખેની એમની નિષ્ઠાના પ્રશંસક રહ્યા છે.

આચાર્ય જયેન્દ્રભાઈએ હિન્દી અનેક ગુજરાતવ્યાપી અને ભારતવ્યાપી સંગઠનોમાં નોંધપાત્ર સેવાઓ આપી છે. સને ૧૯૬૩થી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળના મંત્રી તરીકે માનદ્ સેવા આપતા આચાર્ય જયેન્દ્રભાઈનો ગુજરાત સરકારે વિવિધ સમિતિઓમાં તેમના અનુભવનો લાભ લીધો. ઘણી યુનિવર્સિટીઓના બોર્ડ ઓફ સ્ટડિઝના સભ્યપદે રહ્યા; એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠનાં બધાં સત્તામંડળોમાં દાયકાઓ સુધી કામ કર્યું. ગુજરાત રાજ્ય હિન્દી પ્રાધ્યાપક પરિષદના પહેલા પ્રમુખ તરીકે ચૂંટાયેલા જયેન્દ્રભાઈએ ભાવનગર યુનિવર્સિટીની સ્થાપના માટેની સમિતિ, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, સંગીત-નૃત્ય નાટ્ય સમિતિ, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ (વર્ધા), હિન્દી સાહિત્ય સંમેલન (પ્રયાગ) તેમજ અખિલ ભારતીય હિન્દી પ્રાધ્યાપક પરિષદના સભ્યપદે રહી સક્રિય સેવાઓ આપ્યા કરી. હિન્દી વિષયમાં તેમના માર્ગદર્શન નીચે કેટલીક વિદ્યાર્થિનીઓએ પીએચ.ડી.ની પદવી મેળવી છે. એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીએ તેમને હિન્દીના એમિરિટ્સ પ્રોફેસર બનાવીને સન્માન કર્યું.

વિદ્યાકીય પ્રવૃત્તિઓના બે દાયકાના સખત પરિશ્રમને કારણે જયેન્દ્રભાઈના  દયને છાક લાગ્યો. બાયપાસ સર્જરીની જરૂર પડી. બચત કરવાની તો ટેવ જ નહોતી. આમ છતાં કુટુંબીજનો અને સ્નેહીઓની સક્રિય હૂંફ મળીય. તેમના નાનાભાઈ ડૉ. કિરીટ ત્રિવેદી ઈંગ્લૅન્ડમાં ડૉક્ટર હતા. તેમના આગ્રહથી જયેન્દ્રભાઈ ઈંગ્લૅન્ડ ગયા (૧૯૮૪) શસ્ત્રક્રિયા સફળ થઈ. વિદેશમાંય અંગ્રેજ દાક્તરનો સદ્ભાવ સાંપડતાં પ્રમાણમાં ઓછા ખર્ચમાં એ શક્ય બન્યું હતું.

પછી તેઓ કૉલેજમાં ફરજ પર હાજર થયા ને તેમને નવનિર્માણના બીજા આંદોલને કસોટીમાં મૂક્યા. ગુજરાતભરના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના ન હતા. તેમની વિદ્યાર્થિનીઓ પણ પરીક્ષા ન આપે તે માટે દબાણો શરૂ થયાં. એમની કૉલેજનું વડુંમથક તો મહારાષ્ટ્રમાં એટલે પરીક્ષા ન લેવાય તો અનેક પ્રશ્નો ઊભા થતા હતા. જયેન્દ્રભાઈએ વાલીઓને પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. વાલી-સમિતિ કૉલેજ આસપાસ ગોઠવાઈ ગઈ. જયેન્દ્રભાઈ વિદ્યાર્થી-નેતાઓને સામેથી મળવા ગયા અને કહ્યું : 'તમારી જ બહેનોનું એક વર્ષ બગડશે. તમારી પરીક્ષાઓ તો પાછળથી લેવાશે પણ આ બહેનોની પરીક્ષા નહીં લેવાય.' તેઓ માન્યા. એમણે કહ્યું : 'અમે કૉલેજ સામે સૂત્રો પોકારીશું પણ કન્યાઓને કૉલેજમાં જતા રોકશું નહીં !' આમ નવનિર્માણ વખતે એમણે પરીક્ષા લીધી અને પરિણામો પણ સમયસર બહાર પાડ્યા.

સને ૧૯૮૭માં વયમર્યાદાને લીધે નિવૃત્ત થયેલ આચાર્ય જયેન્દ્રભાઈને અપાયેલું સન્માન વિશિષ્ટ એટલા

માટે ગણાય કે તેમની સાથે સાથીઓ (પટાવાળા) સહિત વીસ જેટલા કર્મચારીઓનું પણ સન્માન થાય તેવું આયોજન થયું. સ્ત્રી શિક્ષણક્ષેત્રે નિષ્ઠાપૂર્ણ સેવાઓ બદલ તેમને સંસ્કાર એવોર્ડ (વડોદરા) ૧૯૮૭માં એનાયત થયો. સમસ્ત બ્રહ્મસમાજે 'બ્રાહ્મણશ્રેષ્ઠ' તરીકે તેમને ભાવનગર મુકામે સન્માયા. ('૯૧) હિન્દીની વ્યાપક સેવાઓ માટે ૧૯૯૪-'૯૫નો 'જેઠાલાલ જોશી પુરસ્કાર' તેમને અપાયો.

સાહિત્યક્ષેત્રે જયેન્દ્રભાઈ ત્રિવેદીનું પ્રદાન ટકોરાબંધ ગણી શકાય. ગુજરાતના યોગ્ય પાઠ્યપુસ્તકોનો અભાવ હતો ત્યારે તેમણે પ્રાથમિકથી માંડીને કૉલેજ સુધીનાં પાઠ્યપુસ્તકોની રચનામાં સહયોગ કર્યો હતો. નિવૃત્તિ પૂર્વે શિક્ષક-ધર્મ બજાવતાં કેટલાક ઉપયોગી સંપાદનો કર્યા પરંતુ મૌલિક પુસ્તકો તો નિવૃત્તિ પછી જ આપવા માંડ્યા. 'બે અનોખા દંપતીઓ', 'નિસર્ગલીલા અનંત', 'વિદુરવાણી', 'સૂર્યનાં સંતાનો', 'કબીરનો વારસો', 'ભારતની ભાષાસમસ્યા' - આ બધાં પુસ્તકો તેમના કીર્તિસ્તંભ સમાન છે. ભાવનગરનું કવિ કથાલાલ દવે પારિતોષિક તેમનાં સાહિત્યિક પ્રદાન બદલ સગૌરવ એનાયત થયું. (૧૯૯૫) એમણે ગુજરાતી-હિન્દી અનેક સામયિકો દ્વારા બસ્સોથી વધુ લેખો આપ્યા. કટારલેખક તરીકે પ્રસંશા મેળવી. આકાશવાણી પરથી નિયમિત વાર્તાલાપો આપ્યા કર્યા છે. 'ગ્રંથ' માસિકમાંની તેમની સમીક્ષાઓ તે સામયિકના આરંભથી માંડીને અંત લગી પ્રકાશિત થયા કરી હતી.

સિદ્ધ લેખક ને તેથી સવાયા સિદ્ધ વક્તા જયેન્દ્રભાઈ ત્રિવેદીનાં સાહિત્ય અને સંસ્કૃતિ વિષયક વ્યાખ્યાનો સાંભળવા તે શ્રોતાઓ માટે જીવનની યાદગાર ઘટના ગણાય છે. 'સાંજનું વાળું સૌની સાથે', 'ક્રોધ અને કરુણા', 'મનુષ્ય માળખું અને મૂલ્ય' વગેરે વ્યાખ્યાનોને સારી દાદ દળેલી.

એક વખત સોમનાથ (પાટણ)માં સ્વ. ડૉ. હરિભાઈ દોશીએ વ્યાખ્યાન પદ્ધતિ અંગે વ્યાખ્યાતાઓનો પરિસંવાદ યોજયો હતો. તેમાં તેમણે ઓડિયો-કેસેટ દ્વારા એક વ્યાખ્યાન સંભળાવ્યું અને શ્રોતાઓને પૂછ્યું, 'આપને આ વ્યાખ્યાનમાં કઈ કઈ મર્યાદાઓ જણાય છે ?'

- ઉત્તરમાં ખાસ્સા મૌન પછી બધા વ્યાખ્યાનોએ આદરભેર એકરાર કર્યો : 'એક ઉત્તમ વ્યાખ્યાન !' સૌએ પછીથી જાણ્યું કે વ્યાખ્યાનના વક્તા હતા : જયેન્દ્રભાઈ ત્રિવેદી.

બે સભાના એક શ્રોતા તરીકે મને એ વખતે જયેન્દ્રભાઈનો પરોક્ષ પરિચય થયો. તે પછી સને ૧૯૯૦માં ને પછી ૧૯૯૫માં ભાવનગરમાં એમના પ્રસન્ન નિવાસ 'નિસર્ગ'માં નિખાલસ સંવાદ - વિહાર કરવાની તક મળી :

'જયેન્દ્રભાઈ, તમે વહીવટમાં પડ્યા છતાં ઉત્તમ અધ્યાપક તરીકે વખાણાયા અને ગુજરાત-મુંબઈમાં ઉત્તમ વક્તા તરીકે પંકાયા તેનું શું રહસ્ય છે ?'

'વહીવટ પર પકડ આવી જાય પછી એમાં લાંબો સમય આપવો પડતો નથી. અધ્યાપકો સાથે સરખામને 'પ્રથમ' તે આચાર્ય – એ ભાવે વર્તીએ તો સદ્‌ભાવ સાથે સહકાર મળી જ રહે. ઈશ્વરભાઈ, હું કોઈ દિવસ વર્ગમાં તૈયારી વિના ગયો નથી. એનો એ વિષય હોય તો પણ તે અંગેના નવાં પુસ્તકો બહાર પડ્યાં હોય એ વાંચવાની તક હું આ રીતે લેતો. વક્તા તરીકે પૂરી તૈયારી કર્યા વિના બોલવું કદી પસંદ કર્યું નથી. મને લેખક કરતાં ભાષક થવું જ વધારે ગમ્યું છે : પણ હવે જીભને શાંત રાખીને કલમને બોલતી કરવા પ્રયત્ન કરું છું.'

'અનુભવ, અનુભૂતિ અને અભિવ્યક્તિનો સમત્રિબાહુ ત્રિકોણ રચાય તો જ ઉત્તમ રચના નીપજે.'

'આપની દષ્ટિએ શિક્ષણનો હેતુ શું છે ?'

'હવે એ સર્વત્ર સ્વીકારાયેલું છે કે શિક્ષણ એ જાતે કરીને પોતાની મેળે સમાજનાં દૂષણો સુધારવા માટે અસમર્થ છે. એ બહુ બહુ તો શું ભૂષણ કહેવાય ને શું દૂષણ કહેવાય એનો વિવેક વિદ્યાર્થીમાં કેળવી શકે. વિદ્યાર્થી નાગરિક બને ત્યારે સમાજના સતત પરિવર્તનશીલ વાતાવરણ સાથે પોતાની આગવી અને લાક્ષણિક રીતે અનુકૂલન સાધી શકે અને નિતનવા ઊભા

થતા પડકારોને પહોંચી વળવાનું મનોબળ અને આવડત કેળવી શકે એ માટે સમાજે શિક્ષણની વ્યવસ્થા ઊભી કરી છે.'

'ભારતની વર્તમાન શિક્ષણપ્રથા શિક્ષણના આ મૂળભૂત હેતુને કેમ પાર પાડી શકતી નથી ?'

'ભારતના દુર્ભાગ્યે ભારતના શાસકો શિક્ષણ દ્વારા સમાજપરિવર્તન થઈ શકે એ સત્યને સમજવા જેટલા શિક્ષિત નથી. શું કેન્દ્રિત કે શું પ્રાદેશિક, બધા સ્તરે, શાસકીય સ્તરે બેઠેલા, ચૂંટાયેલા કે નિમાયેલા માણસોમાંના મોટા ભાગના શિક્ષણનો મૂળભૂત અર્થ સમજવા જેટલી બૌદ્ધિક ક્ષમતા જ ધરાવતા નથી અને જેઓ આ બૌદ્ધિક ક્ષમતા ધરાવે છે એવા થોડાક અમલદારો દેશના સેવક મટીને 'યસ મિનિસ્ટર'વાળા દરબારીઓ બની બેઠા છે. મારે મન વિદ્યાર્થીઓનો લગીરે દોષ નથી. મુખ્ય આરોપી સરકાર અને શિક્ષણતંત્રનાં ચાલકો છે. વાલીઓ લાચાર સાક્ષી છે. ઘણીખરી વ્યાપારી સંસ્થાઓ વ્યાપારીકરણના વરવા દૃષ્ટાંતો છે. બધા સ્તરે પૈસા કમાવાની દુવૃત્તિ જોર પકડી રહી છે. આમાં શિક્ષણના મૂળભૂત હેતુઓ ક્યાંથી પાર પડે ?'

'આ પરિસ્થિતિમાંથી ઉગરવા શું કરી શકાય ?'

'છેલ્લા ચાર દાયકાઓ શિક્ષણને સુધારવા માટે જે નાના મોટા અહેવાલો તૈયાર થયા છે તેનો સાર મેળવી હિંમતભેર તેનો અમલ શરૂ કરી દેવો જોઈએ. એ માટે પંચવર્ષીય નહીં, પચીસવર્ષીય યોજના બનાવવી જોઈએ અને સંવિધાનમાં એવો સુધારો કરવો જોઈએ કે કેન્દ્રમાં કે પ્રદેશોમાં કોઈ પણ સરકાર આવે, તેને આ માળખામાં પરિવર્તન કરવાનો મુદ્દલેય અધિકાર નથી. હવે વિચાર કર્યા કરવાને બદલે વિચારને કાર્યમાં ફેરવી નાખે તેવી વ્યવસ્થા ઊભી કરવાની જ જરૂર છે. આ માટે જરૂરી રાજકીય મનોબળ ધરાવે તેવા પક્ષની સરકાર ન રચી શકાય ત્યાં સુધી શિક્ષણ માટે સર્વસંમતિ મેળવીને કામે લાગી જવામાં કાંઈ બહુ મોટા અવરોધો નડવાના નથી.'

'વીતેલા જીવનમાં કંઈ અસંતોષ જેવું...'

'જરા પણ નહીં, બચપણ આનંદમાં ગ્યું; યૌવન અભ્યાસમાં અને પછી નિવૃત્ત થતાં સુધી જુવાન પેઢી સાથે કામ કરવાનું બન્યું એટલે યૌવન જ સદા મારી સાથે રહ્યું. રમતગમત, ફિલ્મ અને પ્રવાસનો મને શોખ. ઉત્તમ સાહિત્યકારો અને કેળવણીકારો સાથે ઘરોબો રહ્યો છે આનો સદા આનંદ છે. મને દુઃખ તો એક જ વાતનું છે કે ખરેખરા દુઃખનો મારે કદી સામનો જ કરવો પડ્યો નથી !'

'આપને સિનેમાનો શોખ ખરો ?'

'ખૂબ જ. લગભગ બધી ઉત્તમ હિન્દી અને અંગ્રેજી ફિલ્મો મેં માણી છે... ફિલ્મ સાહિત્યનો જ એક પ્રકાર છે; નાટકની એ નાની બહેન, પણ એણે ગજબનું ગજું કાઢ્યું છે !'

'ક્ષમા કરજો, આપનું ચિંતન ઝીલવાના લોભથી જ પૂછું છું... જયેન્દ્રભાઈ, મૃત્યુ અંગે આપને શા વિચારો આવે છે ?'

'મૃત્યુ અનિવાર્ય છે એમ બરોબર સમજ્યો છું. કઈ પળે એ અચાનક આવી પહોંચશે એની ખબર નથી હોતી; માટે જ જીવન જીવવા જેવું લાગે છે. સુરદાસની પંક્તિ યાદ આવે છે : 'જા દિન મન-પંછી ઊડી જઈ હૈ, તા દિન તેરે તન-તરુવર કે સભી પાત ઝરિ ઝઈ હૈ !' મને ખાતરી છે કે મારું મન-પંખી જે દિવસે ઊડી જશે તે દિવસથી, ઈશ્વરભાઈ, તમારા જેવા અનેકાનેક મિત્રોની સ્મૃતિમાં હું કાયમ માટે પ્રવેશી જઈશ.'

– આ સ્વપ્નદષ્ટા અને સંગીત સારસ્વત મને એક વત્સલ મૂરત તરીકે અનુભવાયા તેને એક સદ્ભાગ્ય માનીને આપની સાથે એમને કરું છું બા-અદબ સલામ !

**તા.ક. :**

ઘણા વરસે પ્રાપ્ત થાય તેવા આ વિરલ વ્યક્તિનો હવે તો શિક્ષણ અને સાહિત્યના અનેકાનેક મિત્રોની સ્મૃતિમાં જ નિવાસ ! તા. ૨૨-૭-'૯૭ના દિને સરદાર સ્મૃતિ સંસ્થાના એક સમાજ ઉપયોગી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપતા હતા ત્યારે જ તેઓનું  દય બંધ પડી ગયું ને તેથી 'નિસર્ગ' અને ભાવનગર જ નહીં, ગુજરાત રાંક થયું !

•

# અવૈધિક કેળવણીનો અનોખો પ્રયોગ

હીરજીભાઈ નાકરાણી
મો. ૯૧૦૬૦૭૭૦૭૬

બે અમર આત્માનું મંગળ મિલન કેવી રીતે થાય છે ? તેના માટે કોઈ પૂર્વ આયોજન નથી હોતું. તે કાળબળે, યથાસમયે એની મેળે આપોઆપ યોગ્ય સ્થળે થઈ જાય છે. અમંગળને મંગળમાં પરિવર્તન કરી નાખનારને ક્યારેય મંગળ નડતો નથી. મંગળનું નડતર તો મનનો ખેલ છે. માને એને હર પળે મંગળ શું બધા જ ગ્રહો નડે છે; જે નથી માનતા એને ક્યારેય કશું જ નડતું નથી. ભારત સિવાય કયા દેશોને મુહૂર્તના ખેલ ક્યારેય નડે છે ?

પ્રગતિશીલ વિકાસને માર્ગે કોઈ નવું સ્વપ્ન કંડારે અને શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ આદરે તેને મંગળની યારી ફળતી જ હોય છે.

જે દિવસે શ્યામ સુંદર એક નમણી અને હસમુખી નારી સોનલમાં ચૈતન્યનો મંગલ પ્રવેશ થઈ ચૂક્યો હશે તે ઘડી મંગળમય અને અતિ સોહામણી જ હશે. આ ઘટનાને ઈશ્વરની કૃપા તો હશે જ નહીં તો આ બે અમર આત્માનું મંગળ મિલન શક્ય ન બનત આને ઈશ્વરની કૃપા તો ખરી જ પણ પ્રભુનો પ્રેમભર્યો પ્રસાદ જ ગણવો રહ્યો. તે ક્ષણે જ ચૈતન્યમાં સોનલનો પ્રવેશ થઈ ગયો ગણાય. અંતે દ્વૈતમાંથી અદ્વૈતનું અનોખું સ્વરૂપ પ્રગટ થયું અને જીવનની સહયાત્રાનો મંગળ પ્રારંભ થઈ ગયો જ ગણાય. પછી તો સામાજિક રીત-રિવાજ મુજબ ઔપચારિકતાથી ગૃહસ્થ જીવનનું પાકું રજિસ્ટ્રેશન થઈ જાય તેથી જ રાહ જોવાની હોય છે.

ચૈતકન્ય એટલે આંબલા, ગ્રામ દક્ષિણામૂર્તિના ભૂતપૂર્વ નિયામકશ્રી અનિલભાઈ ભટ્ટનો મોટો સુપુત્ર અને સોનલ એટલે સન્નિષ્ઠ સર્વોદય કાર્યકર અને વિનોબાજીના પરમ ભક્ત શ્રી સુંદરભાઈ મહેતાની સુપુત્રી. તેઓ સિદ્ધપુર છોડી સુરેન્દ્રનગરની જયહિંદ સોસાયટીના બંગલા નં.૧૭માં રહેવા આવી ગયાં હતાં.

આ બંગલાના પવિત્ર પ્રાંગણમાં તા. ૩૧ મે, ૮૫ના રોજ મંગળફેરાનો લગ્નોત્સવ ઊજવાયો. અમને બંનેને આ ઉત્સવમાં યશભાગી થવાનું આમંત્રણ મળ્યું. અમે સમયસર પહોંચી ગયા. ગૃહસ્થ જીવનનું પાકું લાયસન્સ દેનાર બ્રાહ્મણ (ગોર) તો જોઈએ જ. અહીં કોઈ કર્મકાંડી ગોર નહોતો પણ ગાંધી વિચારે રંગાયેલા એક સંન્નિષ્ઠ શિક્ષણ સંન્યાસી એવા શ્રી નટવરલાલ પ્ર. બૂચ પધાર્યા હતા.

જાન સાવ ટૂંકીને ટચ. અમે બે અને બીજા દસ-પંદર જાનૈયા તથા થોડા માંડવિયા; થોડા નજીકના સગા-સંબંધીઓ આ મંગળ પ્રસંગને ઊજળો બનાવવા પધારેલાં. આમ બધા મળીને લગભગ પચીસ-ત્રીસની સંખ્યા હશે. ગાંધીવિચાર અને સર્વોદય વિચારધારાની સાવ સાદી અને ખોટા ભપકા વગરની અનોખી લગ્નવિધિ જોવા, જાણવા મળી.

નહીં કોઈ બાહ્ય ભપકાદાર આડંબર, નહીં કોઈ ઢોલી, નહીં કોઈ બેન્ડવાજાનો ઘોંઘાટ, ન કોઈ શહનાઈના સૂર કે ન કોઈ બિનજરૂરી ઊડીને આંખે વળગે તેવી ગૃહશોભા. છતાં પ્રસંગને અનુરૂપ આવશ્યક દેશી ભરતના ચાકળા, તોરણ શોભામાં જરૂર અભિવૃદ્ધિ કરતા હતા.

વર-કન્યાનાં શરીર ઉપરનાં વસ્ત્ર પરિધાનમાં કોઈ ખોટો શણગાર કે કોઈ ઊડીને આંખે વળગે તેવો ભપકો જોવા ન મળ્યો. કોઈ આકર્ષક બાહ્ય શણગાર કે અલંકાર જોવા ન મળ્યાં. વરરાજા શ્વેત, શુદ્ધ ખાદી વસ્ત્રધારી ઝભ્ભા-લેંઘામાં અને માથે ખાદીની શ્વેત ગાંધી ટોપી. પગમાં દેશી ચામડાના ચંપલ શોભી રહ્યા હતા. સોનલ પણ એવા વસ્ત્રોમાં શોભી રહી હતી. જાતે કાંતેલ સૂત્રમાળા એકબીજાની ગ્રીવામાં પહેરાવી અંતરના પ્રેમનું આદાનપ્રદાન થયું. અંતરનું સૌંદર્ય બંનેના ચહેરા પર મુખરિત થઈ રહ્યું હતું. સાદી વિધિમાં પણ અંદરની ઊંડાઈની વિશાળતા ઘણી ઊંચાઈ પર અભિવ્યંજિત થઈ રહી હતી.

ગોર મહારાજે પ્રથમ લગ્નની પરિભાષા સમજાવી. સપ્તપદી એટલે શું ? તેનું જીવનમાં કેટલું અને કેવું મહત્વ હોય છે તેની વિગતે સમજ આપી. મંગળફેરા શા માટે ?

તેનો અર્થ અને પરિભાષા પણ સમજાવી. ગાયના ઘીના દીપકની અગ્નિની સાક્ષીએ લગ્નવિધિ પૂર્ણ થઈ. તે પછી આ દંપતીએ માતાપિતા, વડીલો અને ગુરુજનોનાં આશીર્વાદ મેળવ્યાં. આમ સાવ સાદી, ટૂંકી ને ટચ છતાં અનોખી લગ્નવિધિથી દંપતીએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો.

ચૈતન્યભાઈ લોકભારતી, ગ્રામ વિદ્યાપીઠ, સણોસરામાં ભણીને સ્નાતક થયા. તે પછી સને ૧૯૭૯-૮૦માં ગાંધી વિદ્યાપીઠ વેડછીની જી.બી.ટી.સી. કૉલેજમાં એક વર્ષ ભણીને ડી.બી.એડ. થયા. તેમને પ્રવાસ, પર્યટનનો જબરો શોખ. સાહસિકતા, હિંમત અને નીડરતા આ ત્રણે ગુણ તેમાંથી કેળવાયા. આ ઉપરંત કાયિક અને વાચિક અભિનય કલામાં રસ હોવાથી પ્રસંગોપાત પ્રતિપોષણ મળતું રહ્યું. બન્ને શોખની પ્રવૃત્તિઓ થકી સામાજિક વ્યક્તિત્વનાં વિકાસમાં બળ અને પ્રેરણા મળતા રહ્યાં.

વ્યાવસાયિક શિક્ષણ મેળવ્યા પછી શું કરવું ?

આ પ્રશ્નએ તેમને ઘણા દિવસો સુધી અવઢવમાં રાખ્યા. અંતે અંતરના ઊંડાણથી એક ફેંસલો પ્રગટ થયો. પ્રગતિશીલ ખેડૂત થવાનો. મનસૂબો તો આનંદ અને સંતોષ આપે તેવો હતો. તે માટે આર્થિક જોગવાઈ જોઈએ. બાપદાદાની લાંબી મૂડી તેમની પાસે નહોતી અને ભીખ માંગીને ખેડૂત થવાની તૈયારી નહોતી. ગરવાઈથી આ વિચાર પડતો મૂક્યો.

બીજો વિચાર સહકારી ખેતીમાં જોડાઈ જવાનો હતો તેમાં પણ ભાગે પડતી આર્થિક જોગવાઈ તો કરવી જ પડે. અહીં પણ પનો ટૂંકો પડ્યો એટલે આ વિચાર પણ ઘણા મનોમંથન પછી પડતો મૂક્યો.

સરકારી નોકરી તો કરવી જ નહોતી અને સરકારી ગ્રાન્ટેડ સંસ્થામાં પણ નોકરી કરવી નહોતી. તો શું કરવું ? છેવટે ચાર વ્યક્તિઓ (લખનભાઈ, વીરજીભાઈ, ચૈતન્યભાઈ, સોનલ) મળીને એવું નક્કી કર્યું કે ગામડામાં બેસીને પોતાની આવડત અને ગામની જરૂરિયાત મુજબ સ્વતંત્ર રીતે કામો કરવાનો નિર્ધાર કર્યો.

અંતે એક અનોખું શિક્ષણ સંકુલ ઊભું કરવાની ધૂન લાગી. તે પણ કોઈ શહેરમાં નહીં. શહેરથી પંદર-વીસ કિ.મી. દૂર અને મુખ્ય રસ્તાથી પણ દસ-પંદર કિ.મી. દૂર હોય; જે મુખ્ય રસ્તાથી જોડાયેલ હોય; જેમાં અવૈધિક શિક્ષણના અવ-નવા પ્રયોગો કરી શકાય.

સંકુલ પસંદ કરવા માટે જાતે રખડવું પડે. વનવનનાં પાણી પીવા પડે. તે માટે સુરત જિલ્લાના ડેડિયાપાડા વિસ્તારમાં મોટર સાઈકલ પર થોડા દિવસ ભ્રમણ શરૂ કર્યું. ઘણો વિસ્તાર ખૂંદી વળ્યા. સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લાના સમુદ્રકાંઠાના પછાત વિસ્તારના ગામડાઓમાં ભ્રમણ કર્યું. પણ કોઈ જગાએ મન ઠર્યું નહીં. છેવટે સુરેન્દ્રનગર જિલ્લાના પાંચાળ પ્રદેશના ગામડાં જોડાય આ વિસ્તારમાં રાજકીય કાર્યકર અને ગાંધીવિચારે રંગાયેલા શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી મનુભાઈ પંચોળીની સંસ્થામાં ભણેલા શ્રી કરમશીભાઈ મકવાણા અને તેમના અનુજ બંધુ શ્રી સવશીભાઈ મકવાણાની મુલાકાત લીધી. તેમણે મીઠો આવકાર આપ્યો અને નવી શરૂ થતી લોકશાળા (ચોરવીરા ગામમાં) સંભાળી લેવા સમજાવ્યા. પણ એકના બે ન થયા.

ચૈતન્યભાઈનો મૂળ મુદ્દો હતો સરકારી કે કોઈ ગ્રાન્ટેડ શાળામાં જોડાવું નહીં. તે વાતને તેઓ દૃઢપણે વળગી રહ્યા. નોખી માટીના આ માનવીને વાત શે ગળે ઊતરે ! સ્વતંત્ર સંકુલ ઊભું કરવાના ધખારાએ તેમને ત્યાંથી પણ અટકાવી દીધા. છેવટે આ જિલ્લામાં બેસવા માટે જરૂરી મદદ આપવાની ઓફર પણ કરી. અંતર પીગળ્યું નહીં.

છેવટે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાનું છેવાડાનું ગામ ઢંઢૂકી ઉપર સુવર્ણ કળશ ઢોળાયો. આ ગામ ચોટીલા અને જસદણના મુખ્ય રસ્તા ઉપર સાડાચાર કિ.મી. દૂર આવેલ છે. સુરેન્દ્રનગર જિલ્લાની સરહદના ચાર ગામ છોકળવા, પરબડી, ચોબારી અને રામપરની સીમને અડીને આવેલ છે. તેની આસપાસ મોટેભાગે કોળી પટેલો અને માલધારીઓની વસતી વચ્ચે આવેલ છે. ગામથી મુખ્ય રસ્તો કાચો, ધૂળિયો અને ઉબડખાબડ હોવા છતાં ગામ તો આ જ રહ્યું.

ગામમાં પ્રવેશ કર્યો ત્યારે ગામના આગેવાન ભાણજાજાની સૌ પ્રથમ હૂંફ મળી. યુવાન રસિકભાઈએ

પણ સહાનુભૂતિ આપી. એવું લાગ્યું કે ગામમાં તેમને સમજે એવું કોઈક તો છે. નયનરમ્ય નેહ વરસે ત્યાં બાંધકામો સરળ બનતા હોય છે.

"ગ્રામસભાએ લોકો દ્વારા અજાણ્યા લોકોનો સ્વીકાર કરી નિવાસની જરૂરિયાત પૂરી કરવામાં ચોથાદાદાનો મહત્વનો ફાળો રહ્યો. ભાડાની કે બીજી કોઈ અપેક્ષા વગર મોટા ફળિયાવાળા મકાનની એક રૂમ, ઓશરી રહેવા માટે આપ્યા. જેનાથી મજબૂત સંબંધનો પાયો નંખાયો; જે આજે બત્રીસ વરસે એવો જ ધબકતો અને હર્યોભર્યો રહે છે.' એમ કહીને ચૈતન્યભાઈ આગળ કહે છે;

ફળિયું બિલકુલ વૃક્ષ વિહોણું હતું. જ્યાં રહેવા લાગ્યા પછી વાવેલ કેટલાંક વૃક્ષોમાંથી ગુલમહોરે નિરાળા રાજાપાઠથી આખા ફળિયામાં વર્ષો સુધી પોતાનું છત્તર ઢાળી રાખેલું છે."

વગર છાપરે ગુલમહોરે શીતળ છાયો આપ્યો. જેની નીચે બેસીને આ દંપતીએ ભાવી સ્વપ્નની કડી કંડારી. પક્ષીને પોતાનો માળો મળે ત્યારે જ તેને હાશકારો થતો હોય છે અને માળામાં જ તેનું આખું વિશ્વ સમાઈ જતું હોય છે.

મળેલ એક રૂમમાં જ શયન, રસોડું અને આગળની ઓસરીમાં ઓફિસ ગોઠવી. કામમાં વિશ્વાસ બેઠા પછી તેમણે બાજુની રૂમની માગણી કરી તો સરળતાથી મકાનમાલિકે રૂમ ખાલી કરી આપી. ઉનાળે ગુલમહોરના શીતળ છાયામાં અને શિયાળે ખુલ્લા ફળિયામાં સૂર્યપ્રકાશમાં અને ચોમાસે બીજી મળેલ રૂમ અને તેની ઓસરી આશીર્વાદ રૂપ બની ગયાં.

બાળકોને ખુલ્લું ફળિયું મળ્યું. ગુલમહોરની શીતળછાયા મળી અને નાનકડું રમતનું મેદાન મળ્યું. બાળકો ખુશખુશાલ. બાળકોને બાળવાર્તાઓ સાંભળવી ગમવા લાગી. ગીતો ગાવાની, રમતો રમવાની અને અભિનયમાં વ્યક્તિત્વ ખીલવવાની મજા પડવા લાગી. ફળિયું બાળકોના કલરવથી ગુંજવા લાગ્યું. રસ્તે આવતી-જતી માતાઓ ડોકિયું કરવા લાગી. આનંદ હૈયા છલકાવા લાગ્યાં. આમ આખા ગામમાં બાળકેળવણીની હવા ફેલાઈ ગઈ.

પછી તો ગામને ચોરે બેસી નવરાશના સમયે યુવકોને આવકાર મળ્યો. સોનલને કારણે યુવતીઓ પણ ચોરે આવવા લાગી. જીવન ઉપયોગી વાતોનો દોર શરૂ થયો. સમય જતાં યુવકોના ઉત્સાહે યુવકમંડળ રચ્યું અને સોનલના પ્રેમે મહિલામંડળ રચ્યું. આમ પ્રોત્સાહન અને પ્રેરણા થકી વિકાસલક્ષી વિવિધ પ્રવૃત્તિઓમાં ગતિ આવી.

ચોટીલા એ જસદણના મુખ્ય રસ્તાને જોડતો ઢંઢૂકી ગામનો સાડા ચાર કિલોમીટરનો રસ્તો કાચો, ધૂળિયો, પથરાળ અને ઉબડખાબડ હતો જેને સમથળ કરવા માટે યુવાન સેનાનો સહકાર મળ્યો. આખો રસ્તો રિપેર થઈ ગયો. હવે સરકારી બસ લાવવા માટે ચક્રો ગતિમાન કર્યા. થોડી લખાણપટ્ટી થઈ અંતે ડેપોવાળાએ ગામની જરૂરિયાતને લક્ષમાં લીધી. રસ્તો જોવા એક ટીમ આવી ગઈ. અંતે એક દિવસ ગામના પાદરે સરકારી બસનો પ્રવેશ થયો. આખું ગામ બસ જોવા ગામને પાદરે ભેગું થયું. લોકહૈયામાં ખુશાલીની લહેર વ્યાપી ગઈ. સર્વત્ર ખુશાલી છવાઈ ગઈ.

આ કામથી દંપતી પ્રત્યે માન-સન્માન વધી ગયાં. જે નહોતા બોલતા તેઓ પણ ખુશાલી વ્યક્ત કરવા લાગ્યાં. ગામને એવો અહેસાસ થયો કે આ બંને માણસો ગામને કંઈક વિશેષ ઉપયોગી થશે. પછી તો તેમના નિભાવની ચિંતા ગામને થવા લાગી. કેટલાંક ખેડૂતોએ અનાજ, કઠોળ, શાકભાજી, દૂધ-છાશ પહોંચાડવાની ખેવના ચાલુ થઈ.

ગામને હાલના સંજોગોમાં શાની વધુ જરૂર છે ? આ વિચારના ચિંતન થકી એવું સમજાયું ને તારણ કાઢ્યું કે દિવાળીની સિઝનમાં ખેડૂતોને મજૂરો જલદી મળતા નથી એટલે જેને વધુ અને ત્વરિત જરૂર હોય તેના ખેતરે મજૂરો સાથે મજૂરી કરવામાં બંને જોડાઈ ગયાં. કઠિન પરિશ્રમનું પરિણામ સરળ અને ઉત્સાહપ્રેરક આવ્યું. લોકોના દય પ્રદેશમાં પેસવાનો સુવર્ણ અવસર બંનેએ આનંદપૂર્વક ઝડપી લીધો. બપોરે એક ટંકનું ભોજન સૌની સાથે થયું એટલે પરસ્પરની લાગણીઓ અને સહાનુભૂતિએ ધીમે ધીમે ઘરોબો પેદા કરી નાખ્યો. ભણેલા મજૂરે કમાલ કરી નાખી.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

હેપી દંપતીને બાલશિક્ષણથી માંડી આગળના શિક્ષણ વિકાસની બહુ જરૂરિયાત લાગી. તે માટે સ્થાઈ થવા અલગ જમીન જોઈએ જ્યાં મકાન બનાવી શકાય. કોઈ રજિસ્ટર્ડ ટ્રસ્ટ જમીન તો મળે નહીં એટલે અલગ ટ્રસ્ટની રચના કરવાનો વિચાર આવ્યો. અંતે ૧૯૯૦માં 'લોકમિત્રા' નામનું ટ્રસ્ટ રચાયું અને રજિસ્ટર્ડ પણ થઈ ગયું.

જમીન જોવા માટે ગામની ચારે બાજુ ફર્યા પછી આ દંપતીને નદીકિનારે આવેલ ૬૦૦ વારનો પ્લોટ જે ઘણા સમયથી પડતર હતો તે હૈયે વસી ગયો. આ પ્લોટની ગામના સરપંચ પાસે માગણી કરી. સરપંચ ઉત્સાહી અને યુવાન હતા. તેમને વાત તો ગમી ગઈ એટલે આ પ્લોટને ઘરથાળમાં ફેરવવાનો ઠરાવ કર્યો. સરકાર પાસે 'લોકમિત્રા' ટ્રસ્ટને સોંપવાની માગણી કરી.

મોસાળે જમણ અને માનું પીરસવું એટલે વાત જ ક્યાં રહી? સરકારી અધિકારી હતા પ્રેમજીભાઈ સોલંકી. તેઓ લોકભારતી, ગ્રામવિદ્યાપીઠ સણોસરના ભૂતપૂર્વ વિદ્યાર્થી. કામ કેટલું સરળ બની ગયું ! એમણે પોતાનું કામ માનીને તરત મંજૂરી આપી દીધી. બીજો કોઈ અધિકારી હોત તો કેટલાય ધક્કા ખાવા પડત. કેટલાય લાળા ચાવવા પડત અને ટેબલ પર પ્રસાદ મૂક્યા વગર કામ થાત ખરું ? ૧૯૯૦-૯૧ના વર્ષમાં કાયદેસર આ પ્લોટની સોંપણી થઈ ગઈ.

પ્લોટ મળી ગયા પછી ઉબડખાબડ ધરતીને સપાટ કરવાનું કામ ઉપાડ્યું. કેટલીક જગાએ નવી માટી પૂરવાની આવી. આ બધું બાળકો અને યુવાનોના સહકારથી જ થયું. પહેલા ચોમાસામાં વૃક્ષારોપણ થયું; જેને ઉછેરવાની કાળજી બાળકોએ જ ઉપાડી લીધી. પરિણામે એક દસકાના શ્રમયજ્ઞથી નાનકડું સુંદર ઉપવન તૈયાર થઈ ગયું.

આ પ્લોટમાં ગામના સહકાર અને શ્રમ થકી મુખ્ય દરવાજાની સામે ૧૯૯૨-૯૩માં બાલમંદિરનું મકાન તૈયાર થયું જેમાં બે રૂમ સામે અને એક રૂમ ઓસરીના છેડા પર તૈયાર થયા. આમ તો બાળકોનું શિક્ષણ ખુલ્લા આકાશ અને વૃક્ષોના છાંયડામાં અપાવા લાગ્યું હતું. શિયાળે, ચોમાસે લાંબી ઓસરીનો ઉપયોગ અને ઉનાળે શીતળછાયાનો ઉપયોગ થતો રહ્યો.

બાળકોને મેદાની રમતો રમાડવી, ગીતો ગવડાવવા, વાર્તાઓ કહેવી અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તૈયાર કરવાનું કામ શરૂ થયું.

કુમારોનું છાત્રાલય ધરતી પર નહીં. એક મજબૂત વૃક્ષની ડાળીઓ પર મેડો બાંધી ત્રણ બાજુ વૃક્ષોનાં પાંદડાં અને ઘાસની દીવાલ બનાવી એક મઢુલી તૈયાર કરી. જેમાં મોટા બાળકોનું રહેણાંક ગોઠવાયું. ઉપર જવા-આવવા માટે નિસરણી મૂકવામાં આવી. આ નવા અભિગમથી બાળકો ખુશખુશાલ, કાર્યકરો ખુશ અને મુલાકાતે આવતા મહેમાનો, અતિથિઓ અને ગ્રામજનો પણ ખુશી અનુભવતા હતા.

આ બધું નિહાળવાનો મોકો અમને પણ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭માં મળેલો. અમે બે, દિનકરભાઈ શાહ – બે અને તેમના ભાભી દમયંતીબહેન પણ સાથે હતાં. આમ અમે પાંચ પરમેશ્વરે લોકમિત્રા સંસ્થાના પ્રાંગણમાં આવેલ ઉપવન હેઠળ ભેગા થઈ આનંદનો અવસર માણ્યો. દિનકરભાઈએ તો નિસરણી ઉપર ચડી કુમાર છાત્રાલયમાં જઈને લંબાવ્યું. માળાની ઠંડક માણ્યા પછી નીચે આવી બોલ્યા; 'મોજ પડી ગઈ.'

બહેન સોનલ સાથે પરિસરમાં ખુરશી ઉપર બેસી ઉપવનની ટાઢક માણી કુદરતને ખોળે બેસી હૈયાનું હેત ઠાલવ્યું. આ કોઈ અનોખો જ અવસર હતો.

પક્ષીને પાંજરામાંથી બહાર કાઢો તો આખું આકાશ નાનું પડતું હોય છે. તેમ આ દંપતીને સ્વપ્નો સિદ્ધ કરવા માટે લોકમિત્રાનું પરિસર નાનું પડ્યું. કંડારેલા સપના ક્યારેય સિદ્ધ થતાં નથી. સપના ક્યારેય ટૂંકા પણ નથી હોતા. ધારેલા લક્ષ સુધી પહોંચવા માટે વધારે સ્થાવર મિલકત ઊભી કરવી નહોતી અને તે લક્ષ પણ નહોતું છતાં કંઈક ઉપયોગી કામો તો કરવા જ હતા.

ગામમાં ખાલી પડેલાં મકાનો તરફ નજર ગઈ. મકાન ભાડે રાખી આગળ વધવાનું નક્કી કર્યું. પાંચ મકાનો ભાડે રાખ્યાં. એકમાં બાટિક કામ, બીજામાં કમ્પ્યૂટરની તાલીમ, ત્રીજામાં પુસ્તકાલય, હાલના તબક્કે ૮,૦૦૦ જેટલાં પુસ્તકો

વસાવી શક્યાં છે. ચોથા મકાનમાં દિવસભર વર્ગશિક્ષણ ચાલે છે; કોઈ મહેમાન આવી ચડે અને રાત રોકાય તો તે મકાન રાતે અતિથિગૃહ પણ થઈ જાય. પાંચમું મકાન સ્ટોરરૂમ તરીકે ઉપયોગી બનાવ્યું; જેમાં બાગાયત અને સફાઈનાં સાધનો વગેરે રાખવામાં આવ્યાં.

ગામના વડીલ ભાણાદાદાનો સૌ પ્રથમ સાથ-સહકાર મળેલો, તેની સાથે યુવાન રસિકભાઈ પણ આ દંપતીની પ્રવૃત્તિઓમાં રસ લઈ તેઓને પ્રોત્સાહિત કરતા હતા. ભાઈ ચૈતન્યના મગજમાં એક નવો વિચાર પ્રગટ્યો; ઘરદીઠ એક રૂપિયો ઉઘરાવવાની ટેલ નાખી. લોકોએ હોંશે-હોંશે એક રૂપિયો આપ્યો પણ ખરો. કેટલાંક તો વધુ આપવા તૈયાર થયા પણ ચૈતન્યભાઈએ મર્યાદાને અકબંધ રાખી. આ રકમમાંથી બાળકોને પોષણક્ષમ નાસ્તો આપવાનું નક્કી કર્યું.

૧૯૯૨-૯૩માં સંસ્થાના પરિસરમાં વ્યવસ્થિત બાલમંદિરની શરૂઆત થઈ. ત્યારથી આજની ઘડી સુધી લગભગ ૫૫ જેટલાં કુટુંબોના ઘરેથી પ્રાપ્ય સામગ્રીમાંથી નાસ્તો તૈયાર કરીને બાળકોને પીરસવામાં આવે છે. બજારું નાસ્તાનો સંપૂર્ણ નિષેધ છે. સમજપૂર્વક ગ્રામજનો તેને બાલમંદિરથી દૂર રાખી શક્યા છે. આ એક ગૌરવની ઘટના ગણી શકાય. ગામલોકોની સમજશક્તિને અભિનંદન આપવા ઘટે.

નાસ્તામાં બાફેલા, ફણગાવેલાં વિવિધ કઠોળ, શીંગ, ચણા. સિઝનમાં ફળફળાદિ, શીરો, ખીચડી, વઘારેલાં ભાત વગેરે નિત્ય વૈવિધ્ય જોવા મળે. બાલમંદિરમાં સરાસરી દસની સંખ્યા રહેતી હોય છે. કૃષિપાલકની મોસમમાં સંખ્યાની વધઘટ પણ થયા કરતી હોય છે. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો દીકરાની ટકાવારી વધુ અને દીકરીઓની ટકાવારી ઓછી રહે છે.

આર્થિક ઉપાર્જન : ઊંડાણમાં આવેલ આ ઢંઢૂકી ગામના લોકોને ધાર્મિક તહેવારો, લોકમેળાઓ સિવાય મનોરંજનની કોઈ પ્રવૃત્તિ મળતી નથી હોતી. બાલમંદિરનાં બાળકો કે કુમારશાળાના કુમારો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તૈયાર કરીને સંસ્થાના પરિસરમાં રજૂ કરતા હોય છે ત્યારે ખાસ કરીને બહેનો, દીકરીઓ અને માતાઓ ખાસ જોવા આવતી હોય છે. ગામનો યુવાવર્ગ અને પ્રૌઢો પણ રસથી જોવા આવી ચડે છે. પોતાના સંતાનને જાહેરમાં કંઈક નવું કરી બતાવતા જોવાનું કયા માબાપને ન ગમે ? કેટલાંકની છાતી ફૂલતી હોય છે તો કેટલીક માતાઓની આંખ ઠરતી હોય છે.

સંસ્થાએ એક વખત સાત્વિક અને સંસ્કાર પોષક જાણીતા સાહિત્યકાર ધ્રુવ ભટ્ટની અતિશય લોકપ્રિય નીવડેલી નવલકથા ‘અકૂપાર’નું નાટકીકરણ બતાવ્યું. ઢંઢૂકી સિવાય આસપાસના પડોશી ગામલોકો પણ જોવો આવ્યા. નાટક જોવા કેટલુંય મનેખ ગામની શેરીઓમાં ઊભરાયું. નાટકમાં ગીરનું જંગલ અને સિંહ જોવાનું કોને ન ગમે ? આ નાટકે સંસ્થાને ૨૫૦૦નો ફાળો કરી આપ્યો.

બીજું હાસ્ય નાટક ‘મિથ્યાભિમાન’ ભજવાયું. કવિ દલપતરામની કલમે ૧૮૭૦માં રસપ્રદ શૈલીમાં લખાયું છે. નાટકના પાત્રોના સંવાદમાં જે હાસ્યરસનો મહાસાગર ઊભરાય છે તેમાં લોકોને તરબોળ કરી નાખ્યા. હસી હસીને બેવડાવાળી દેતા આ નાટકે સંસ્થાને રૂ. ૫૫૦૦/-નો ફાળો કરી આપ્યો. ગામડામાં ભાગ્યે જ આવા નિર્દોષ હાસ્યનો કાર્યક્રમ યોજાતો હોય છે. આ નાટકે ગામને આનંદઘેલું કરી નાખ્યું. પડોશી ગામના ભાવકોએ સંસ્થાને વધુ પ્રકાશિત કરી આપી.

જે લોકો સંસ્થાની પ્રવૃત્તિઓ જોવા-સમજવા આવતા હોય છે. તેઓ ખાલી હાથે જતા નથી હોતા. ફૂલ નહીં તો ફૂલપાંખડી આપીને જતા હોય છે. આ સિવાય પણ સંસ્થાની પ્રવૃત્તિઓના કદરદાં કંઈક તો આપતા જ જાય છે. આમ નાનું-મોટું દાન મળ્યાં જ કરતું હોય છે.

આ સિવાય બાળકો પોતાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં, દિવાળીકાર્ડ, બાટિકકામ, અબરીકભ તેમજ ભરત-ગુંથણ વગેરેથી જે વસ્તુ પેદા થાય તે માટે ગ્રાહકો મળી રહે છે. તે થકી પણ આવક થાય છે; જે તેમના અંગત ખાતામાં જમા થાય છે. આ રકમમાંથી પ્રવાસ-પર્યટન ગોઠવાય છે તથા શિબિરોમાં જવાનો ખર્ચ તેમાંથી થાય છે.

આ દંપતી એવું માને છે કે ગામને પોતાનું કરવું હોય તો પોતે ગામના થઈને રહેવું પડે છે. પછી તો ગામ

જ પોતાનું થઈ જતું હોય છે. આમ પરસ્પર પોતીકો ભાવ પેદા થયા પછી કેટલાક બિનજરૂરી ખોટા રીત-રિવાજો, કુરૂઢિઓ, વ્યસનો અંગેની સમજ કેળવાય છે અને તેનું પરિણામ પણ સારું આવે છે. કેટલાક બિનજરૂરી ખર્ચામાંથી લોકો બચી ગયા છે; જેને કારણે વ્યક્તિગત આર્થિક સમૃદ્ધિમાં વધારો થાય છે. સમજદારી વધે ત્યાં સમૃદ્ધિ પણ વધે છે.

એમ કહેવાય છે કે ગામ હોય ત્યાં પાદરમાં ઉકરડો તો હોય જ. ચૈતન્યભાઈનું એવું કહેવું છે કે તેમણે જ્યારે આ ગામમાં પ્રવેશ કર્યો ત્યારે રાજકારણનો પ્રવેશ થયો નહોતો પણ પછી ધીમે ડગલે રાજકારણનો પ્રવેશ શરૂ થયો. તેનો ધક્કો તેમની વિકસતી પ્રવૃત્તિઓને પણ લાગ્યો. ચૈતન્યભાઈ કહે છે કે; "અમારે ભાગે કેટલાંક ઉકરડા સાફ કરવાના આવ્યા."

જેમ સમજદારી વધતી ગઈ તેમ સહકારી ભાવના પણ વધતી ગઈ. અંતે લોકોની ત્રાંસી આંખ સીધી થવા લાગી અને પ્રવૃત્તિઓનો સીધો વિરોધ થતો અટકી ગયો અને સાક્ષી ભાવે તેમની પ્રવૃત્તિઓને જોતા થઈ ગયા.

આ બંને પાત્રોની નજીક આવતા કેટલાંકના મનમાં એવો પણ પ્રશ્ન ઊભો થયો હશે કે મુંબઈ જેવી અદ્યતન નગરીમાં ભાઈઓ સાથે રહેનારી સુખી, સંપન્ન ઘરની છોકરી આ બધું છોડીને ગામડામાં કેમ આવી? એ એમાંય સાવ પછાત અને અંતરિયાળ ગામ ઢંઢૂકીમાં કેમ આવી ચડી? એટલું જ નહીં પણ ગામમાં આવીને હાથમાં સિંચણ લઈ ગામને કૂવેથી પાણી ભરેલું બેડું માથે લઈને ગામ વચાળે આવતા-જતા લોકોને જોઈને શરમ ન લાગી? વાસીદું કરતાં શીખી, ગાય દોહતાં શીખી, ગાર-ગોરમટી કરતાં શીખી, ફળિયું વાળતાં શીખી અને બાથરૂમ, સંડાસ પણ સાફ કરવામાં નાનપ ન અનુભવી.

બાલમંદિરમાં પ્રવેશ મેળવતાં બાળકોના ગંદા મોં ધોવાનું કામ કર્યું. મેલા માથાનાં વાળ ધોઈને ઓળી આપવાનું કામ કર્યું. ગંદા નાકને સાફ કરવાનું કામ કર્યું. આ બધું કરવા માટે કોઈએ ફરજ નહોતી પાડી. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સંડાસ સાફ કરવાની કસ્તૂરબા પર ફરજ પાડી હતી. કસ્તૂરબાએ નારાજી સાથે બાપુના આદર્શ અને આગ્રહથી સફાઈ તો કરી નાખી પણ અંદરનો રાજીપો જરાય નહીં. સોનલ માટે આ બધું સહજ બની ગયું હતું. એટલે જ બધું સરળ બનતું ગયું. અંતરના ઊંડાણના સાચા ભાવથી, સાચી નિષ્ઠા અને દૃષ્ટિ જ બધું કામ થતું હતું. ખાદીના શ્વેત વસ્ત્ર પરિધાનમાં શોભતી આ આર્યનારીનું શીલ અલગ જ તરી આવતું હતું. ઢંઢૂકી ગામમાં તો આશ્ચર્યની જ ઘટના ગણાય. અભણ અને ગામડિયન સ્ત્રીઓ સાથે એક ઉજળિયાત આર્યનારીને મેળ કેમ પડ્યો?

પહેલાં તો ઢંઢૂકીના સમાજમાં સંશયો જરૂર પેદા થયા હશે પણ પછી બંનેનાં કામ થકી, સ્વભાવ થકી, પરસ્પરનાં વર્તન, વ્યવહાર થકી પોતાપણાના ભાવે તમામ સંશયો, સંદેહો, શંકાઓ આપોઆપ શમી ગયા હોય એ સહજ છે. બંને પાત્રો દ્વૈતમાંથી અદ્વૈત સ્વરૂપ કેવી રીતે ધારણ કરે છે, તેની પૂર્વભૂમિકા પણ સમજવા જેવી છે.

સને ૧૯૮૩માં શ્રી નારાયણભાઈ દેસાઈ પ્રેરિત સમૂળીક્રાંતિ અને શાંતિસેનાની તાલીમ વિવિધ જગાએ ગુજરાતમાં શિબિરો મારફત અપાઈ રહી હતી. આવી એક શિબિર અલિયાબાડાની ગંગાજળા વિદ્યાપીઠના પરિસરમાં યોજાઈ રહી હતી. જેમાં મુખ્ય વક્તા તરીકે મહાન વિદૂષી વિમળાતાઈ ઠાકર પધારવાનાં હતાં. આ શિબિરનો લાભ લેવા અને તેમાંથી જીવનનું કંઈક નવું ભાથું પામવા માટે ચૈતન્યભાઈ અને બહેન સોનલ પણ ગયાં હતાં. આગળથી કોઈ પૂર્વ આયોજન વગર અચાનક બંને ભેગાં થઈ ગયાં એમ પણ બની શકે. પોઝિટિવ અને નેગેટિવ બે ઊર્જાનું ભાવસભર મિલન આ શિબિરમાં થયેલું. બે ધ્રુવના છેડા વચ્ચે ચુંબકત્વની ઊર્જા આવન-જાવન કરતી હોય છે; જેની બાહ્ય રીતે ખબર પડતી નથી.

ચાર આંખની બે નજરનું ઐક્ય સાધતા વાર નથી લાગતી. ઘઉંના લોટમાં મોણ સાથે ગોળ ભળે ત્યારે આવા રમણીય સૌંદર્યનું અનુપાન શિબિરમાં થયું હોય એ સહજ ઘટના ગણવી રહી.

બીજો એક શિબિર વેડછી, સ્વરાજ આશ્રમના

પ્રાંગણમાં યોજાયેલો. જેનું નેતૃત્વ પણ શ્રી નારાયણભાઈ દેસાઈએ સંભાળેલું. આ શિબિરમાં પણ બંને પાત્રો ભેગાં થઈ ગયાં. વિધિનો કોઈ સુયોગ હશે, પૂર્વ આયોજન વગર પણ ભેગાં થઈ ગયાં હોય એવું બન્યું હોય. સત્ય શું હતું તે બંને પાત્રો વચ્ચે અકબંધ રહ્યું હોય એવું બન્યું હોય. આ ક્ષણે કવિ પ્રહ્‌લાદ પારેખની કવિતા 'સરવાણી' સ્મૃતિપટ પર ખડી થઈ ગઈ.

ક્યાંથી... આ ક્યાંથી
સરવાણી આનંદ તણી
આવી દે ઉરને છલકાવી
  બહુ દિવસ થકી તુજ રાહ હતી
  નહીં જાણ થઈ તું ક્યારે
  આવી મજા અંતર આરે
  હે ઝરણી તુજ કરણીથી નીરખું
  હું ઉરમાં હરિયાળી...

ત્રીજી એક શિબિર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજિત એન.એસ.એસ.ના ઉપક્રમે સુરેન્દ્રનગરની એમ.પી.શાહ વિજ્ઞાન અને વિનયન કૉલેજના વિશાળ પ્રાંગણમાં યોજાઈ તેમાં પણ આ બંને પાત્રો ભેગાં થઈ ગયાં. હું માનું છું કે આ શિબિરનું નેતૃત્વ શ્રી ચૈતન્યભાઈએ સંભાળેલું અને સોનલ શિબિરાર્થિની હતી. સોનલ સોનામાં સુગંધ મળ્યાં જેવું થયું. વૈશ્વિક ચેતનાનું એક કિરણ ચૈતન્ય સ્વરૂપે સોનલમાં પ્રવેશ્યું હોય એવું બનવા સહજ સંભવ છે. બે હૈયાનો સ્નેહભીનો એકડો ઘુંટાઈને બન્યો તગડો.

ઘસાઈને ઊજળા થવાનું સપનું અનાયાસે અંતરના એક ખૂણે કંડારાઈ રહ્યું હશે તેને સિદ્ધ કરવા કેટલાય કષ્ટો ભોગવી આગળ વધવાનું ક્યાંય અટક્યું નહીં. ઘણી બધી મુશ્કેલીઓ વેઠીને પણ બંને અણનમ રહ્યાં. એ કહેવાય છે કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. તે પણ પ્રેમપૂર્વક મારગ કરી દેતો હોય છે. જેની અનુભૂતિ આ બે કર્મયોગી કર્મઠ દંપતીને થઈ ગઈ છે.

**શૈક્ષણિક ઉપલબ્ધિઓ**

- **શિક્ષણ સેવા : બાલશિક્ષણ**

લોકમિત્રા ટ્રસ્ટની રચના કર્યા પછી તે વરસે જ ૧૯૯૦માં બાલમંદિરનો પ્રારંભ કર્યો. જેમાં અઢીથી પાંચ વર્ષનાં બાળકોને પ્રવેશ અપાયો. બાલમંદિરમાં પ્રવેશ લેનાર બાળકો મોટે ભાગે ખેડૂત પરિવારના હોય છે.

ગ્રામજનો તરફથી નિત્ય નાસ્તો મળતો હોય છે અને પ્રસંગોપાત બાલમંદિરના રસોડે પણ ગરમ નાસ્તો બનાવીને બાળકોને અપાતો હોય છે. પ્રકૃતિને ખોળે બેસીને બાળકો આનંદ માણતા હોય છે. વ્યક્તિત્વ વિકાસના કાર્યક્રમો યોજાય છે, જેમાં બાળકો ઉત્સાહથી ભાગ લેવા પ્રેરાય છે.

- **ક. શાળા :**

એટલે નનામી અને ચાર દીવાલ બહાર ખુલ્લા આકાશ નીચે અપાતી અવૈધિક શિક્ષણ શાળા. આ શાળામાં ૧૨થી ૧૮ વર્ષની વયનાં કુમારો અને કુમારીઓને પ્રવેશ અપાય છે. જેઓ નાનપણથી શિક્ષણથી વંચિત રહી ગયાં હોય અથવા અધવચ્ચેથી છૂટા થઈને શિક્ષણવંચિત થઈ ગયેલા હોય તેને જ પ્રવેશ આપવામાં આવે છે.

ઢંઢૂકી અને તેની આસપાસનાં દશેક ગામનાં કુમાર-કુમારીઓ અહીં પ્રવેશ લઈ પોતાની આવડતો, કુશળતાઓ અને હોશિયારીને લક્ષમાં લઈ વ્યક્તિત્વ ઘડતરનો પાયો નંખાય છે. આ શાળામાં આવીને કરવાનું શું ?

- કુમાર, કુમારીઓને ગમતાં અને જીવનમાં જરૂરી વિષયોનું જ્ઞાન અપાય છે. પણ તેની વિધિસરની કોઈ પરીક્ષા લેવામાં આવતી નથી છતાં વાલીઓ, સહાધ્યાયીઓ અને શિક્ષકો દ્વારા થતા વિકાસનું મૂલ્યાંકન થાય છે.
- અભ્યાસને અંતે કોઈ પણ પ્રકારનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.
- દર વરસે વાલીમિલન રાખવામાં આવે છે. તેમાં દરેકની વ્યક્તિગત લાક્ષણિકતાઓની ચર્ચા થાય છે અને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- દૈનિકકાર્યની વિવિધ જવાબદારીઓ અપાય છે, જેનું

સંકલન વિદ્યાર્થીઓ પોતે જ મળીને કરે છે. ગંભીરતાથી સ્વીકારેલ જવાબદારીઓ પૂરી પાડે છે.

- વ્યક્તિગત કાર્યક્ષમતાને લક્ષમાં રાખી જરૂરિયાત મુજબ એકથી વધુ વિષયોના પ્રોજેક્ટ આપી અભ્યાસ કરાવવામાં આવે છે.
- પ્રોજેક્ટ મુજબ કેટલાંક વિશિષ્ટ કૌશલ્યોનો અભ્યાસ થાય છે; જેમકે કચ્છનું કલાત્મક કુંભારકામ, વાંસના પ્રદેશનું વાંસકામ, કાપડ પરનું કુદરતી રંગકામ, બાટિક કલાત્મક છાપકામ, અંબર ચરખા પરનું કતાઈ કામ વગેરે જ્યાં શિખવાય છે તે પ્રદેશની સંસ્થાઓની રુબરુ મુલાકાતો લઈ તેનો અભ્યાસ થાય છે અને શક્ય અમલ કરવાના પ્રયત્નો પણ થાય છે.
- વર્તમાન સમયની રાજકીય સમસ્યા; જેમકે આતંકવાદ, નકસલવાદ, માઓવાદને સમજવા માટે જે તે પ્રદેશની મુલાકાત લેવાય છે. લગભગ ૬ દિવસનો પ્રવાસ ગોઠવી પ્રદેશની મૂળ સમસ્યાનો અભ્યાસ થાય છે.
- વરસમાં કેટલી રજાઓ રાખવી, કેટલા તહેવારો કઈ રીતે ઊજવવા તે સમૂહમાં બેસીને વિદ્યાર્થીઓ જ નક્કી કરે છે.
- આ શાળામાં ભણવા આવનાર વિદ્યાર્થીઓ શું શીખવા માંગે છે, તે પોતે જ નક્કી કરે છે અને અભ્યાસક્રમ પણ પોતે જ તૈયાર કરે છે. અભ્યાસને લગતું સાહિત્ય પણ પોતે જ પસંદ કરી પ્રાપ્ત કરે છે.
- સમયપત્રક જાતે મળીને બનાવે છે અને અભ્યાસપોથી લખે છે અને પોતાની જાતનું, પોતાની આવડતોનું મૂલ્યાંકન પણ જાતે જ કરતાં શીખે છે.
- ન કોઈ પાઠ્યપુસ્તક, ન કોઈ પરીક્ષા, ન કોઈ સ્પર્ધા, ન વિષયોનું વિભાજન.
- **કિલ્લોલ એટલે શું ?**

પ્રાથમિક શિક્ષણ સિવાયના સમયનો અવૈધિક શિક્ષણમાં સદુપયોગ કરતું સંકુલ. આ સંકુલનો પ્રારંભ સને ૧૯૯૩માં થયો. જેમાં ૬થી ૧૨ વર્ષના કિશોરોને પ્રવેશ અપાય છે.

શાળાકીય શિક્ષણ સિવાયનો સમય આ સંકુલમાં કુમારે વધારાનું જ્ઞાન અને કૌશલ્યોનું શિક્ષણ લેવા આવે છે. પ્રકૃતિને ખોળે, ખુલ્લા આકાશમાં અને વનવગડાની ભૂમિનો આનંદ માણતા શીખે છે. કુદરતને ખોળે રખડીને જે પરિસ્થિતિમાં જીવન ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરે છે; જે ઉત્તમ, સાચું અને વાસ્તવિક જીવનમાં બહુ ઉપયોગી થઈ પડે છે.

આ કિશોરો સ્વસર્જન આનંદ માણે છે, તે માટે કેટલીક પ્રવૃત્તિઓ થકી સર્જન કરે છે. જેમકે દિવાળીકાર્ડ તૈયાર કરવા, કલાત્મક રાખડીઓ બનાવવી, ફ્રેન્ડશીપ બેલ્ટ બનાવવા, અબરીકામ, રંગીન કાગળોમાંથી વિવિધ ફૂલો બનાવવા, કાગળ ઉપર છપાઈ કરવી વગેરે વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

- અભિનય ક્ષેત્રે, નાટ્ય પ્રવૃત્તિ, વેશભૂષા, મૌખિક અભિવ્યક્તિની ખીલવણી થાય છે. પ્રવાસ, પર્યટન, મુલાકાતો તથા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોની મુલાકાત, પર્વતો, નદીઓના કિનારા, ખુલ્લા ખેતરો અને વગડો, જંગલોમાં ભ્રમણ કરીને પ્રકૃતિના સાંનિધ્યમાં આનંદ માણે છે. તેમજ વખતોવખત આવતી અચાનક કુદરતી આફતો જેમકે ધરતીકંપ, વાવાઝોડું, દરિયાઈ સુનામી, અતિવરસાદે કરેલ તારાજીમાં પીડિતો અને દુઃખીઓને શારીરિક, આર્થિક અને સાંવેગિત રીતે મદદગાર કઈ રીતે થવાય તેના પ્રત્યક્ષ પાઠો અપાય છે.
- કિશોરો વિવિધ જવાબદારીઓ ઉપાડવાની ક્ષમતા કેળવે છે.

  જવાબદારીપૂર્વક કામો કરવાથી આત્મવિશ્વાસ કેળવે છે. તેમજ વનભોજન, સ્વયંપાકની પ્રવૃત્તિથી પગભર કેમ થવાય તે પ્રત્યક્ષ રીતે શીખે છે.
- રંગભૂમિ નિર્ભિક રીતે મૌખિક અભિવ્યક્તિ કરી, વાચિક અને કાયિક કૌશલ્ય કેળવે છે.

આ સંકુલમાં સરાસરી ૧૫ જેટલાં કિશોરો અને કિશોરીઓ ભાગ લેતાં હોય છે. છેલ્લાં પંદર-સોળ

વર્ષથી ૨૫થી ૩૦ ગામોનાં ૫૦૦થી ૭૦૦ જેટલા કિશોર, કિશોરીઓ કિલ્લોનો લાભ લીધો છે. એક વખતે ૬ બાળકોએ સ્વખર્ચે ગોવાનો હવાઈમાર્ગે પ્રવાસ કરી અદ્‌ભુત આનંદ માણ્યો છે.

આમ અવૈધિક શિક્ષણના ત્રણે સંકુલ થકી ગામનાં અને પડોશી ગામનાં બાળકોમાં નવી ચેતના પ્રગટી છે. તેનો સંતોષ માતાપિતા અને વાલીઓને પણ થઈ રહ્યો છે. લોકમિત્રા સંસ્થાને ગામ તરફથી ખૂબ સહકાર અને હૂંફ મળતાં રહ્યાં છે. પરિણામે લોકમિત્રાનાં સ્થાપક દંપતીને નવી નવી પ્રવૃત્તિઓના વિકાસ માટે દોડવાનું પ્રોત્સાહન અને બળ મળતાં રહ્યાં છે. ગામને પોતાનું કરવાની કળા થકી આ દંપતી લોક દયમાં ખૂબ ચાહના મેળવી શક્યું છે. પ્રશંસનીય અને અભિનંદનીય કાર્ય માટે માથું નમી પડે છે.

**સેવા વિસ્તરણની ઉપલબ્ધિઓ**

● **સજીવખેતી :**

ખેતી એ ખેડૂતોનો પ્રાણ છે, શ્વાસ છે અને તાકાત પણ છે. આમ ખેડૂત ખેતી વગર જીવી ન શકે. શ્વાસમાં અગાર વાયુ ભળે છે ત્યારે પ્રાણ દૂષિત થાય છે. આમ ખેતીમાં વર્ષોથી રાસાયણિક ખાતર નાખવાથી જમીન સતત બગડતી આવી છે અને રાસાયણિક દવાઓએ જનતાનું આરોગ્ય બગાડ્યું છે. આમાંથી ઉગરવા માટે અને બે પાંદડે થવા માટે સજીવખેતીની સંકલ્પના ખેડૂતોને વારંવાર સમજાવવા શિબિરો કરી, જાહેર સભાઓ કરી, સજીવ ખેતીવાળા સંકુલો બતાવવા પ્રવાસો યોજી ખેડૂતને સજીવ ખેતીની મહત્તા ગળે ઉતરાવવાની વારંવાર કોશિશ થતી રહે છે. તેથી લાંબા ગાળે કેટલાક જાગૃત અને ઉત્સાહી ખેડૂતોને વાત ગળે ઉતરતી થઈ છે.

ઢંઢૂકી ગામ અને તેની આસપાસનાં ૬ ગામોનાં ૧૬ ખેડૂતોએ કુલ ૧૭૬ વિઘાં જમીનમાં સંપૂર્ણ સજીવખેતી અપનાવી છે. ઉત્પાદનની દૃષ્ટિએ, આરોગ્યની દૃષ્ટિએ લાભો મળતા થયા છે. સેવા વિસ્તરણનું સૌથી ઉત્તમ અને આવશ્યક પગલું લોકમિત્રા સંસ્થા તરફથી ભરાયું છે, જે ખૂબ પ્રશંસનીય છે.

● **આરોગ્ય સેવા :**

સીધી આરોગ્ય સેવાએ સંસ્થાને ખૂબ લાભ અપાવ્યો છે. ગામમાં કોઈ માણસ માંદુ પડે તો આ દંપતી તેની ખબર-અંતર પૂછવા અચૂક ગયા જ હોય. કોઈ બાળક શાળામાં ન આવે તો તેનું કારણ જાણવા જાતે જાય છે. જો માંદું પડ્યું હોય તો દવા પહોંચાડે છે. ગામના આરોગ્યની જવાબદારી લેવાથી લોકચાહના પણ ખૂબ મળતી રહી.

એકવખત એવું બન્યું કે ગામના એક બાળકની કિડની ફેઈલ થઈ ગઈ તે હકીકત ખ્યાલમાં આવતાં બંને દોડી ગયાં અને સારવાર માટે અમદાવાદની કિડની હોસ્પિટલનો સંપર્ક સાધી બાળકને લઈ જવાની વ્યવસ્થા પણ કરી આપી. સારવાર સમય દરમિયાન સંસ્થાના એક કાર્યકરને સેવા માટે ગોઠવી આપ્યો. ગંભીર બીમારીમાં સંસ્થા ઉપયોગી થયા પછી ગામમાં અનોખી પ્રતિભા ઊભી થઈ ગઈ. સંસ્થાના કામની સરાહના વિશેષ થવા લાગી. પરિણામ એવું આવ્યું કે કોઈ મોટા ગંભીર રોગની સારવાર માટે આ દંપતીની સલાહનો લાભ ગામને મળવા લાગ્યો.

ગામમાં કે પડોશી ગામોમાં કોઈને મેલેરિયાની બીમારી લાગુ પડી હોય કે પથરીના કોઈ દર્દી હોય તો અસરકારક વનસ્પતિમાંથી સંસ્થાએ બનાવેલ વનૌષધિઓનો ઉપયોગ થવા લાગ્યો. પરિણામ એવું આવ્યું કે સંસ્થા યશસ્વી બનવા લાગી.

કેન્સર કે ટી.બી. અને કિડનીના ગંભીર દર્દીઓના વંચિત પરિવારોને આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

● **વાનગી મેળાઓ :**

સામાન્ય રીતે વરસમાં બે વખત ડિસેમ્બર અને જાન્યુઆરીમાં ભાવનગર, અમદાવાદ કે રાજકોટ જેવા મોટા શહેરમાં વાનગી મેળો યોજાતો હોય છે. ઢંઢૂકી ગામ અને પડોશી ગામના ખેડૂતો, મજૂરો તથા લોકમિત્રાનાં બાળકો ઉત્સાહપૂર્વક, હોશેહોશે, સ્વચ્છ, શુદ્ધ અને પોષણક્ષમ સ્વાદિષ્ટ વિવિધ વાનગીઓ તૈયાર કરી જાહેર જનતા માટે મૂકતા હોય છે.

આ વાનગી મેળો તો ખરો જ પણ સાથેસાથે આર્થિક ઉપાર્જનનો પણ મેળો હોય છે. એક મેળામાં ૧૭ વ્યક્તિઓએ બે સ્ટોલ ઊભા કરી, ૧૫ જેટલા સભ્યોને સંચાલન સોંપીને રૂ. ૧,૯૫,૫૮૮/- નું ઉપાર્જન કર્યું હતું. ધંધાકીય કૌશલ્ય કેળવવા માટે આવા મેળા ખૂબ ઉપયોગી થતા હોય છે.

● **વિધવાનાં બાળકોને શિક્ષણ :**

કેનેડાની વર્ડ એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ભારતનાં વિવિધ રાજ્યોની વિધવા મહિલાઓનાં સંતાનોનાં શિક્ષણ વિકાસ માટે આર્થિક સહાય અપાતી હોય છે તે માટે લોકમિત્રા સંસ્થાએ ઢંઢૂકી અને પડોશી ગામડાઓનો સર્વે કરીને આવી મહિલાનાં બાળકોની યાદી તૈયાર કરી. તેઓનાં શિક્ષણ અંગેની સંપૂર્ણ માહિતી મેળવી.

આ વિદેશી સંસ્થાનાં ઢાંચામાં કેટલાં બાળકો આવે છે તેનું તારણ કર્યું. તો આઠ ગામોની વિધવા માતાઓનાં ૩૨ સંતાનો આવતાં હતાં. તેના બેંકમાં ખાતા ખોલાવી સીધી સહાય મળી જાય તેવું માળખું ગોઠવ્યું. તમામ ખાતામાં એક સાથે રકમ જમા થઈ ગઈ. આ યોજનાની આસપાસનાં ગામોમાં એટલી પ્રશંસા થઈ, એટલી સરાહના થઈ કે લોકોનો સંસ્થા તરફનો અભિગમ બદલાઈ ગયો. આ દંપતીએ લોકહૈયામાં પ્રશંસનીય સ્થાન પેદા કરી નાખ્યું. માન-સન્માન વધી ગયાં. સંસ્થા ગામનો પ્રાણ બની ગઈ.

● **બળદ-ગાયને પૂરક આહાર :**

લોકમિત્રા સંસ્થાએ દુષ્કાળ પીડિત, ભૂકંપ પીડિત અને સુનામી પીડિત પ્રદેશોનાં પશુઓ માટે પોષણક્ષમ પૂરકઆહાર, ખાણદાણ આપવાનું ગોઠવેલું. ઢંઢૂકી અને પડોશી - ૧૦ ગામનાં ૨,૪૪૭ પશુઓને દોઢેક માસ સુધીનો ખર્ચ રૂ. ૩૨,૦૦,૬૯૨/- કરેલો જેમાં દાતાઓનો ફાળો રૂ. ૩૧,૯૪,૮૮૧/-નો આવ્યો અને સંસ્થાએ પોતાના તરફથી ૫,૮૧૧/- રૂપિયાનો ફાળો ફૂલપાંખડી રૂપે આપ્યો હતો.

● **વંચિતોના ઉત્કર્ષમાં આર્થિક સહાય :**

નાનાં બાળકો, કિશોરો, કુમારો અને યુવાનોના અવૈધિક શિક્ષણ કાર્ય સ્થિર થયાં પછી ૨૦૦૩થી ઢંઢૂકી અને ૧૧ જેટલાં પડોશી ગામોમાં રહેતાં વંચિત પરિવારોમાંથી સૌથી વધુ જરૂરિયાતવાળા દસદસ પરિવારો પસંદ કર્યા. તેના બાળકોની કેળવણી, પરિવારના રહેઠાણ, અગવડતાઓ તથા વ્યવસાય થકી સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે સંસ્થાએ પ્રયત્નો શરૂ કર્યા છે; જેના સંદર્ભે વ્યવસાય કરવા માટેની સઘન સહાય આપવામાં આવી.

**સહાય :**

૧. હીરાઘંટી
૨. સિલાઈ મશીન
૩. સંગીત સાધનો
૪. ગાય ખરીદી સહાય
૫. ગટર સહાય
૬. પશુ કોઢિયા સહાય
૭. વરસાદી પાણી ટાંકા સહાય
૮. લુહારી સાધન સહાય
૯. વેલ્ડિંગ સાધન સહાય
૧૦. ધંધા માટે હાથલારી સહાય
૧૧. ફેરી કરવા બોક્સ સાઈકલ સહાય
૧૨. પંચર સાધન સહાય
૧૩. પી.વી.સી. પાઈપ સહાય
૧૪. સુથારી સાધન સહાય
૧૫. ખેડૂતોને ખેતરમાં પાળા બાંધવા મદદ
૧૬. જમીન સમથળ કરવા સહાય
૧૭. નવસાધ્ય જમીન સહાય
૧૮. મકાન માટેની સામગ્રી સહાય

આ રીતે સંસ્થા તરફથી કુલ રૂ. ૨,૫૦,૦૦૦/- જેટલી સહાય આપવામાં આવી છે.

ઘસાઈને ઊજળા થવાનો શ્રી ચૈતન્યભાઈ અને બહેનનાં સેવાયજ્ઞથી શિક્ષણનો એક અનોખો પ્રયોગ થઈ રહ્યો છે; જે શિક્ષણ પ્રેમીઓએ ખાસ જોવા, સમજવા ને માણવા જેવો છે. ખૂબ અભિનંદન બંને પાત્રોને.

# શિક્ષકની ચેતના

**ડો. અરુણ કક્કડ**
બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે,
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## ધરતીની ધૂળમાંથી અંકુરિત થયેલ શિક્ષકની ચેતના

આટકોટ સંસ્થાના માનાર્હ માર્ગદર્શક અને સલાહકારશ્રી બાબુભાઈ ઢોલરિયા ગામડાની ધરતીનું અનોખું સંતાન છે. કોઈ જાતની અપેક્ષા વગર જાતને ઘસી નાખનારા માણસ છે. ગામડામાં બપોર ઢળ્યા પછીના સમયને ‘રોંઢો’ કહેવાય છે, અંગ્રેજીમાં જેને ‘આફ્ટરનૂન’ કહે છે તે.

શ્રી બાબુભાઈએ પોતાની ઢળતી ઉંમરે લખેલી આ ગઈકાલની આપકથાને ‘રોંઢાવેળા’ શીર્ષક આપ્યું તે યોગ્ય જ છે. શ્રી રૂડાભગત નોંધે છે કે, ‘શ્રી બાબુભાઈએ જિંદગીની રોંઢાવેળાએ પરોઢિયાના ‘શિરામણ’ અને બપોરના ‘રોટલા’(ભાથા)ની વાતો પણ એમાં સરસ રીતે રજૂ કરી દીધી છે.’ એ જમાનામાં ખેડૂભાઈને છાશ-રોટલા માટેની કેવી મથામણ હતી, એ પણ આ અનુભવકથામાં જોઈ શકાશે. એ આખા ભવની પળોજણ છે ! નવ-દસ વરસની ઉંમરે ખેતમજૂર તરીકે કામ કરવું, પોતાની મેળે અક્ષરજ્ઞાન મેળવવાની મથામણ, શાળાંત પરીક્ષા આપવી, ગામડામાં શિક્ષકની નોકરી કરવી, લોકશિક્ષણ આપીને લોકપ્રિય બનવું, પીએચ.ડી.ની ડિગ્રી મેળવવી, યુનિવર્સિટીમાં નિરંતર શિક્ષણ વિભાગના નિયામક બનવું વગેરે બાબતો ‘મન હોય તો માળવે જવાય’ કહેવતને સાચી પાડે છે. ‘પારકી છઠ્ઠીના જાગતલ’ બની બીજાનેય ‘અક્ષર અજવાળા’ આપવા સતત દાખડો કર્યો. ભણતરનો ભલાઈમાં ઉપયોગ કર્યો. સીધા-સાદા જીવનની કથાની લખાવટ પણ સીધી-સાદી છે.

બાળપણની ગરીબાઈ, પ્રાથમિક શિક્ષણ મેળવવાની ઘરમાં કોઈ વ્યવસ્થા નહીં. ઘરમાં શિક્ષણનો પ્રવાહ સંપૂર્ણ સૂકાઈ ગયેલો. ઘરમાં કોઈ ભણે નહીં, કોઈ ભણેલું નહીં કે ભણવાની કોઈની ઇચ્છા-અપેક્ષા નહીં. ગામડામાં ખેડૂતના ઘરે રહેવાનું અને મજૂરી કરવાની. ૨૪ કલાકની વાર્ષિક મજૂરીની ખેડૂતની નોકરી લગભગ ૮-૯ વર્ષ બાબુભાઈએ આ રીતનું ખેડૂતનું ‘સાથી’ તરીકેનું કામ કર્યું. ૧૮-૧૯ વર્ષની ઉંમર સુધી ભણ્યા વગરના રહ્યા. પ્રાથમિક શિક્ષણના દિવસો ભણતર વગર પૂરા થયા.

ખાતરમાંથી ‘ફૂલછાબ’ છાપાના ટુકડઓ મળ્યા. અક્ષરો ઓળખવાનું શરૂ કર્યું. ધરતીની સ્લેટ અને આંગળીથી રેતીમાં લખવાનું શરૂ કર્યું. પછી વાંચતા શીખ્યા. સ્વબળે વર્નાક્યુલર ફાઈનલ પાસ કરીને તેને આધારે પ્રાથમિક શિક્ષક બન્યા. પ્રાથમિક શિક્ષકના અનુભવને આધારે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી. પછી તો બી.એ., એમ.એ. અને પીએચ.ડી. જેવી સર્વોચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નિરંતર શિક્ષણ વિભાગના નિયામક પદે પહોંચ્યા અને નિવૃત્ત થયા. આ રીતે ‘રોંઢાવેળા’ એ એક પ્રેરણાદાયી ધરતીપુત્રના જીવનની પ્રેરક જીવનકથા છે. ડૉ. મફતલાલ પટેલે નોંધ્યું છે તેમ ‘અનેક વ્યથાઓથી ભરેલી આ એક એવી આત્મકથા છે કે જગતમાં ક્યાંય નહીં બન્યું હોય તેવું આ વ્યક્તિના જીવનપ્રવાહમાં બન્યું છે.’ માણસ ધારે તો શું કરી શકે તેનો આ તાદૃશ્ય જીવતો-જાગતો પુરાવો છે.

આ આત્મવૃત્તાંતનો પૂર્વાર્ધ સચેતન ખેડૂતનો અને ઉત્તરાર્ધ શિક્ષકના વૃત્તાંતનો છે. યુનિવર્સિટીના પ્રૌઢશિક્ષણ પ્રવૃત્તિના કાર્યકર તરીકેનો વૃત્તાંત પણ નમ્રતાથી રજૂ થયો છે. આપવીતી અને સ્મરણોને વાચા મળી છે. કુલ પાંચ પ્રકરણો : મારા જન્મ સમયે,


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

શ્રમજીવીની સંઘર્ષયાત્રા, ભણતરની ભૂખ, સંધ્યાટાણે અને સ્મરણોમાં વહેચાયેલી આ આત્મકથા દ્વારા લેખક બાબુભાઈ ઢોલરિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી સેવા નિવૃત્ત થયા ત્યાંથી માંડીને પાછા પગલે જીવન આલબમ જોતાજોતા જન્મસમય સુધી આપણને લઈ જાય છે. દૃષ્ટિપથ પરથી પસાર થતી સંસ્મરણોની વણઝાર બતાવે છે. ખટમીઠાં સંસ્મરણોના ઝગમગતા દીવડા માનસપટ પરથી કાગળ પર આલેખાતા જાય છે.

લેખકના જન્મ સમયની સૌરાષ્ટ્ર પ્રદેશની પરિસ્થિતિ, ખેડૂત પરિવારની સ્થિતિ અને લેખકનાં સ્મરણો સમાંતર રીતે પ્રથમ પ્રકરણમાં આલેખાયાં છે. સૌરાષ્ટ્ર પ્રદેશનાં નાનાં-મોટાં બસો રજવાડાં, અર્ધા ગામથી લઈને એક હજાર ગામ ધરાવતા આ રજવાડાં હતાં. તાલુકાદાર ગામધણી, પાટીના ધણી, જમીનદારો અને રાજાઓ અનેક હતા. એક સાંતી (૬૦ વિઘાથી ૮૦ વિઘા જેટલી જમીન)થી માંડીને પચીસ-પચાસ સાંતી સુધીના ગરાસદારો અને નાના-મોટા રજવાડાંઓ હતાં, જેમાંનું એક વડિયા નામનું દેશી રજવાડું હતું. આ સ્ટેટ ચોવીસ ગામનું ગણાતું. આમાં સ્ટેટના ખેડૂતો અને ગરાસદારના ખેડૂતો, એવા બે પ્રકારના ખેડૂતો હતા.

ગોંડલ સ્ટેટમાં આવેલ સુલતાનપુરમાં તા. ૫-૩-૧૯૩૯ના રોજ મોસાળમાં લેખકનો જન્મ. પાંચ વર્ષની ઉંમરે સુલતાનપુરની પ્રાથમિક શાળામાં ભણવા જવાનું શરૂ કરે છે. ઉંમર સાત વર્ષથી નાની હોય તો શાળા પ્રવેશ મળે નહીં. તેથી શાળામાં દાખલ ન થયા પરંતુ વર્ગમાં બેસવા મળતું. આ રીતે છ માસ કાચી પહેલી ચોપડીમાં ભણ્યા, ત્યાં દુષ્કાળમાં કારમા ઓળા ઊતરી આવ્યા. બે નાના ભાઈઓને સાચવવા આકોલવાડી, ગીર જવાનું થયું. અભ્યાસ છૂટ્યો.

આઝાદીની ચળવળની ગામડામાં અસર, ગીરના જંગલમાં સિંહ જોવા મળ્યાનો પ્રસંગ, 'સ્વરાજ' આવવાનું છે અને 'જયહિંદ' થવાનું છે તેની વાતો સાંભળવી, સ્વરાજ આવ્યા પછી જૂનાગઢ અને કુતિયાણાને સર કરવા નીકળેલ લશ્કરને લેખકે વીરપુર-જેતપુર રોડ પર નજરે નિહાળ્યાનું સ્મરણ, ઈ.સ. ૧૯૫૦ની સાલમાં ફરીથી દુષ્કાળ અને ગામમાંથી બીજા ગામમાં સ્થળાંતર, રેલગાડીની ટિકિટના પૈસા માટેની મથામણ, પિતાજીની શ્વાસ-દમની બીમારી અને તે કારણે લેખકને નાની ઉંમરે મજૂરીકામે ચડી જવું પડે વગેરે બાબતો વાંચતા આપણે લેખક સાથે આત્મીય રીતે જોડાતા જઈએ છીએ.

'રોંઢાવેળા'માં આપણને ગઈકાલના ભૂતકાળની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો જે ચિતાર સાંપડે છે તે આ કૃતિની આગવી વિશેષતા છે. છ સાત વરસની ઉંમરથી જવાબદારીપૂર્વક ઘર અને નાના ભાઈઓને સાચવવાની જવાબદારી, અગિયાર વર્ષની ઉંમરે ગામના ઢોરના છાણનો ઈજારો રાખનાર તે સમયની ખેડૂતજીવનની દુઃખદ પરિસ્થિતિની દ્યોતક છે. તે સમયે દિવસભરની છાણ ઉપાડવાની મજૂરીને અંતે ચાર આના મળતા. આ ચાર આનાની એક પાલી (પાંચ શેર) અનાજ આવતું હતું. પૈસાને બદલે અનાજ લઈએ તો ખેડૂતપાલી ઉપર ખોબો વધુ આપે. ઈ.સ. ૧૯૫૦ની એક સાંજે ખેડૂતોના ગાડાં હજુ સીમમાંથી પાછાં આવતાં હતાં ત્યાં ખેડૂતનાં એક ફળિયાને બહારવટિયાઓએ ઘેર્યું. બહારવટિયાઓએ ઘેરઘેર માણસોને ધરરોળીને પૈસા અને ઘરેણાં લૂંટ્યાં. મોડી રાત સુધી આમ ચાલ્યું. ગામનો એક માણસ તાલુકા મથકે પોલીસને લેવા ગયેલો. પોલીસની જીપ આવતાં સુધીમાં તો બહારવટિયાઓ ગામ છોડીને ભાગી ગયેલા. સવારે ખબર પડી કે બહારવટિયાઓએ ત્રણની લોથ ઢાળી હતી અને પાંચને ઘાયલ કર્યા હતા. ઘાયલને જૂનાગઢ દવાખાને લઈ જવાયા.

ખેતીકામની વિગતો વાંચતા કેટકેટલા કૌશલ્યોનો પરિચય આપણને થાય છે. બળદોને ચારો નીરવો, ખેતીમાં ઉપયોગી દોરડાં વણવા, કળિયું બેલી અને હળ ચલાવવા, નીંદવું, વાઢવું, કાપવું, મગફળી ઉપાડવી, બાજરો લણવો,

ઘાસ કાપવું, ખાતરનાં ગાડાં ભરવાં, માટી ખોદી ખેતરમાં નાખવી, ગાડું ચલાવવું, પરાણ મૂકવી, બેવડા કરવી, છોટીઓ બનાવવો, બળદનાં રાશ મોરડો છીંકલા જોતર બનાવવાં, ખાટલાના વાણ બનાવવા, રાશડીની બેવડ ત્રેવડ તેમજ વરતની સેર સાંકળી પાડવી ઘેરે કામો ખેડૂતોએ કરવાના હોય. તે સમયે રખોપિયો ગામનો માથાભારે માણસ ગણાતો. દાદાગીરીથી રખોપું રાખીને ગામના ખેડૂતોના પૈસા પડાવતો. શિક્ષકની નોકરી મળ્યા પછી લેખક દેશીવૈદું કરીને લોકોની સેવા કરતા. પ્રૌઢ લોકોને ભણાવતા અને સાથેસાથે પોતાનો અભ્યાસ પણ આગળ ચલાવતા. થોડા પૈસા બચતાં પોતાના ગામમાં ખેતીની જમીન લે છે. એક વિઘાના રૂ. ૧૫૦ લેખે વીસ વિઘા (આઠ હજાર) જમીન લેવાનું નક્કી કરે છે. ભેંસાણ દસ્તાવેજ કરાવવા ગયા. પોતાના પૈસામાંથી જમીન લીધી, પણ પોતાના નામે નહીં. પોતાનાથી નાના વચ્ચેના ભાઈના નામે જમીન લીધી. ત્રણ પેઢીથી જમીનવિહોણું થયેલું કુટુંબ જમીનવાળું થયું તેનું લેખકને સુખ છે. પોતાનાં પૈસાથી ખરીદેલી જમીન ભાઈના નામે કરવી એ બાબત તો વિરલ ગણાય. આજે તો ભાઈના નામની જમીન પડાવી લેવાનો જમાનો છે ! લેખકે જમીન ખરીદી તે પહેલાં એક વર્ષ અગાઉ પિતાજીનું અવસાન થયેલું. હવે કોઈ ઊભડના છોકરા નહીં કહે તેનો આનંદ છે. તો સાથે સાથે પિતાજી પોતાને ખેડૂતના રૂપમાં જોઈ ન શક્યા તે વાતનો વસવસો પણ રહ્યો. ઉમાશંકર જોશીના લેખક પરના પત્ર દ્વારા આપણને સમજાય છે કે, 'ડિગ્રી હોવી એ મોટી લાયકાત નથી, પણ ડિગ્રી ન હોવી એ ગેરલાયકાત છે.'

બંને નાની બહેનોને ભણાવી, યોગ્ય સાથે પરણાવી, ત્રીજા નંબરના નાના ભાઈને પણ પરણાવેલો તે વેપારી સાથે તલાટીની નોકરી કરતો. તેમનું વડિયા મુકામે બ્રેઈન ટ્યૂમરનાં કારણે નાની ઉંમરે અવસાર થયું. બીજા નંબરનો ભાઈ ખેડૂત હતો. તેની કોઈ ચિંતા લેખકને નહોતી. લેખકે કુટુંબ પ્રત્યેની પૂરી જવાબદારી પાર પાડી. ઈ.સ. ૧૯૭૯માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પ્રૌઢ શિક્ષણ અને વિસ્તરણ સેવા વિભાગમાં જોડાયા. લેખન શિબિરમાં ભાગ લીધો. લખવાની શરૂઆત કરી. વાર્તાઓ લખી. 'જીવનદીપ' માસિકમાં પ્રગટ થઈ. ઈશ્વર પેટલીકરે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું. સૌરાષ્ટ્રની લોકકથાઓ વિશે અભ્યાસ આરંભી. ડૉ. ભાનુપ્રસાદ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. થયા. નોકરીમાંથી નિવૃત્ત થયા પણ પેન્શન ન મળ્યું. ૪૦ વર્ષની નોકરી અને માત્ર નોકરીની આવક જ હતી તે બંધ થયા બાદ પન્શન મળવું જોઈએ પણ તે મળ્યું નહીં, પરંતુ માનવસમાજની ગતિ અવરોધતી આપણી વ્યવસ્થા છે તેના વિશે વિચારવા માટે આ બધું લખ્યું છે.

જીવનની ઢળતી સાંજે ભૂતકાળનો થોડો ભાર શબ્દોમાં ઠાલવીને હળવા થવા આ કથા લખાઈ છે. જે સંઘર્ષમય જીવન મળ્યું, તેને શક્ય તેટલું પ્રામાણિક રીતે જીવવા પ્રયાસ કર્યો તેનો હિસાબ અહીં અપાયો છે. ધરતીની ધૂળમાં ઉછરેલા આ લેખકને ખેતરોએ એકલતાની સાથે વિશાળતાનો અનુભવ પણ કરાવ્યો છે. ગ્રામલક્ષ્મીના ખોળામાં સખત મહેનત કરતાં કરતાં પુખ્તવયે ભગવતી સરસ્વતીની કૃપાને પાત્ર બન્યા. અક્ષરનાં અજવાળાં સાંપડ્યાં. સંઘર્ષયાત્રાએ લેખકને ઘડ્યા. તેથી જ શ્રી ભાનુપ્રસાદ પંડ્યાએ નોંધ્યું છે કે : 'રોંઢાવેળા' એક શ્રમિક પુરુષાર્થથી ક્રમશઃ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓની વિકાસકથા છે. બહોળા પરિવારનો એક કિશોર રાષ્ટ્રપ્રેમ, માનવપ્રેમ અને પરિવારપ્રેમની ઉત્કટ ભાવના સાથે ધરતીની દૂળમાંથી અંકુરરૂપે ફૂટીને એક તરુવરની જેમ એના આંતર સત્ત્વની શાખાઓને કેવી પ્રસારે છે, તેનું રોચક બયાન 'રોંઢાવેળા'માં રજૂ થયું છે. એમાં શબ્દે શબ્દે સાદગી ભરેલી સચ્ચાઈ છે, એ આપણા અસ્તિત્વને ઊંડે સુધી સ્પર્શે છે.

**('રોંઢાવાળા' - આત્મકથા - લે. ડૉ. બાબુભાઈ ઢોલરિયા,** પહેલી આવૃત્તિ : મે-૨૦૦૮, પુનર્મુદ્રણ : માર્ચ-૨૦૧૦, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧, કિંમત : રૂ. ૧૦૦/-, પૃ.૧૬૦)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# કસ્તૂરી : ભારતીયોની વિચારધારમાં સ્વચ્છતા

**હેતલબેન ડી. શાસ્ત્રી**
આચાર્યા,
જે.એન. બાલિકા વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ.

"જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા" - બાઈબલમાંથી આ કહેવતનો સંદર્ભ લેવામાં આવ્યો છે. જો કે બાઈબલમાં આત્માના શુદ્ધીકરણની વાત કરી છે. ક્રમશઃ સમય જતા સમાજના વિશાળ હિત માટે તેના શુદ્ધીકરણના અર્થને આત્મા સુધી સીમિત ન રાખતા ભૌતિક સંદર્ભમાં પરિવર્તન કરાયો છે. પશ્ચિમના દેશોએ આ કહેવતને આત્મસાત કરી બતાવી છે. ભારતમાં આ વાક્ય દીવાલો ઉપર, ચોપાનિયામાં, નારેબાજીમાં, ભાષણોમાં ઠેર-ઠેર અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળે છે. ભારતમાં આ કહેવતનું મૂલ્ય ફક્ત અલંકારિક વાક્ય તરીકેનું રહ્યું છે. જે સ્વચ્છતાના નિબંધમાં શોભા વધારે છે. પ્રકૃતિએ માનવજાતને આપેલી ઉત્તમ ભેટો જેમકે સૂર્ય, નદી, વૃક્ષો, પશુ-પંખીઓનું ઉપયોગિતા મૂલ્ય સમજે તે માટે ભારતીય શાસ્ત્રોએ તેને ધર્મ સાથે જોડીને તેનો મહિમા ગાન કર્યો છે. જેથી સામાન્ય જન ઊંડા તર્ક-વિતર્કમાં પડ્યા વગર તેને પોતાના જીવનમાં સ્થાન આપે, માવજત કરે. અહીં સ્વચ્છતાની સાથે પણ 'પ્રભુતા' શબ્દને સાંકળી સંદેશો આપવામાં આવ્યો છે કે, સામાન્ય જન પોતાના ઘર, શેરી, શહેરને સ્વચ્છ રાખશે તો આપોઆપ 'પ્રભુ' તેમની શારીરિક અને માનસિક સુખાકારીમાં વસવાટ કરશે. પરંતુ દુઃખ સાથે અનુભવાય છે કે, ભારતીયોને જેમ અન્ય પ્રકારના ધર્મના લટકણાં સાથે જેટલું જોડાણ છે, તેટલું જોડાણ સ્વચ્છતા ધર્મ માટે જોવા મળતું નથી. સ્વચ્છતાને ધર્મ સાથે સાંકળવા છતાં ભારતીયોએ સ્વેચ્છાએ તેનો અસ્વીકાર કર્યો હોય તેમ લાગે છે. મહદ્અંશે ભારતીયો ગંદા જ હોય તેવો ખ્યાલ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી વકીલાત કરતા હતા ત્યારે પણ હતો અને આજે પણ વિશ્વમાં છે. તેમાં કોઈ ખાસ ફરક પડ્યો નથી. આપણી નદીઓની હાલત જોઈને  દય વિષાદથી ભરાઈ જાય છે. ભારતીયોએ નદીને 'માતા' કહી બહુમાન કર્યું છે. જો નદીનું 'માતા' તરીકે બહુમાન ના કર્યું હોય અને ફક્ત નદીને 'નદી' તરીકે જ નિહાળી હોત તો કદાચ નદીઓની આટલી ખરાબ સ્થિતિ ના હોત !

એક તર્ક એવો છે, આપણી ૧૪૦ કરોડની વસતી છે માટે આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. અન્ય એશિયન દેશો બાંગ્લાદેશ, પાકિસ્તાન, નેપાળ પણ આ સમસ્યાથી અછૂતા નથી પરંતુ સાથે સાથે તમે ચીન અને જાપાનને પણ જોઈ શકો છો. ચીનની વસ્તી ભારત કરતાં પણ વધુ હોવા છતાં ત્યાંનાં શહેરો ભારત કરતાં વધુ સ્વચ્છ છે. ભારતીયોની માનસિકતા છે. આપણે ઘરની બહાર ગમે ત્યાં કચરો ફેંકી શકીએ છીએ. ગમે ત્યાં થૂંકી શકાય છે. રોડને ગંદા કરી શકાય છે. તેને સ્વચ્છ રાખવાનું કામ આપણું નથી, સફાઈ કામદારોનું છે. સરકાર સફાઈ માટે વ્યવસ્થા કરશે. બધું જ સરકાર કરશે. આપણે કંઈ જ કરવાનું નથી. આજ ભારતીયો સિંગાપુર, યુરોપ, ઓસ્ટ્રોલિયા, અમેરિકા, થાઈલેન્ડ, હોંગકોંગ, દુબઈ, સાઉદી અરેબિયા વગેરે જશે તો ત્યાંની સ્વચ્છતા માટે ગજબનો અહોભાવ બતાવશે અને ત્યાંની ધરતીના એક એક નિયમોનું પાલન કરશે. કેટલો દંભ ! નિયમો તો ભારતમાં પણ બનેલા છે. ભારતીય શૌચાલયની બિસ્માર હાલત ભારતીયોની વિચારોની બિસ્મારતા પ્રદર્શિત કરે છે. સરકાર સ્વચ્છતા અભિયાનની ઝૂંબેશ ચલાવે છે. શહેરો સ્વચ્છતાના ધારાધોરણમાં અવ્વલ આવે તે માટે સ્પર્ધા મૂકે છે. મોટું ફંડ સ્વચ્છતા માટે ફાળવવામાં આવે છે. પરિણામ... કાગળનો વાઘ બનાવવામાં આપણા અધિકારીઓ દિવસે ને દિવસે સશક્ત બનતા જાય છે. સ્વચ્છ કાગળ પર સ્વચ્છતાના આંકડા મંડાય છે અને ફંડની સરસ વહેંચણી થાય છે. હમણાં જ કોઈ વિધાનસભા ક્ષેત્રમાં જાણવા મળ્યું કે, ઘરના કચરાને સૂકો અને ભીનો એમ બે અલગ ભાગમાં રાખવો જેથી તેની અલગ પ્રક્રિયા કરીને તેની ઉપયોગિતા નીપજ બનાવવામાં સરળતા પડે. આ વિસ્તારના લોકો-અધિકારીઓએ સરકાર પાસે બે પાત્રો ઘરે-ઘરે પહોંચાડવા માટે ફંડની માગણી કરી. અહો આશ્ચર્યમ્ !

ભારતની વસતીના ૨૫%થી વધુ લોકો પાન-ગુટકાનું સેવન કરે છે. આ ગુટકાસેવી ભારતીયોને પોતાની ઘરની બહારની જાહેર દીવાલો, ઝાડ-પાન, જાહેર રસ્તાઓ, જાહેર વાહનોને પોતાના પાન-ગુટકાની પિચકારીઓથી રંગવાનો અનેરો આનંદ આવે છે. આવા કાલ્પનિક આનંદ લૂંટવામાં તેઓ પોતાની, શરીરની તંદુરસ્તીને પણ જોખમમાં મૂકવાનું ચૂકતા નથી. તેમની પાસેથી સ્વચ્છતાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય ?

એશિયાના દેશોમાં જાપાન સ્વચ્છા તેમજ શિષ્ટાચારની બાબતમાં અવ્લ્લ છે. જાપાનનો પ્રત્યેક નાનો-મોટો, સ્ત્રી-પુરુષ, યુવાન-વૃદ્ધ નાગરિક પોતાની સ્વચ્છતા પ્રત્યેની ફરજથી સભાન છે. સ્વચ્છતા રાખવી તેમની દિનચર્યાનો ભાગ છે. આ પ્રકારની ઉચ્ચકક્ષાની માનસિકતા કેળવવા માટે જાપાનની પાયાની શિક્ષણ વ્યવસ્થા છે. જાપાનની શાળાઓમાં મોટેભાગે વર્ગખંડો, બાગ-બગીચા, ભોજનાલય, શૌચાલયની સફાઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવે છે. સફાઈકામ માટે વિદ્યાર્થિઓને નાના સમૂહમાં વહેંચવામાં આવે છે. જે એકબીજાના કામના વખાણ કરતાં કરતાં એકબીજાને મદદ કરતાં જાય છે. જાપાનના વિદ્યાર્થીઓને ઝાડું પકડવામાં કોઈ નાનમનો અનુભવ થતો નથી. સફાઈ કાર્યક્રમ પૂરો થયા બાદ અન્ય અભ્યાસ શરૂ થાય છે. ‘સફાઈનું કામ મારું છે.’ તેવી ભાવનાનો વિકાસ નાનપણથી જ જાપાનનાં બાળકોમાં ગળથૂથીમાં વણાઈ જાય છે.

આપણી શિક્ષણ વ્યવસ્થા પર નજર કરીશું તો, પ્રવર્તમાન સમયમાં ફાઈવસ્ટાર કલ્ચરની શાળાઓ અસ્તિત્વમાં આવેલી છે. જ્યાં કે.જી., નર્સરીમાં પ્રવેશ મેળવવાનો ‘ભાવ’ ૧ થી ૨ લાખ રૂપિયા જેટલો છે. આવી ફાઈવસ્ટાર શાળાઓમાં બધું જ ચોખ્ખું વાતાવરણ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. સમગ્ર ફાઈવસ્ટાર શાળાની સ્વચ્છતાની જવાબદારી ફલાણી એજન્સીને સોંપેલી હોય છે. આ ફાઈવસ્ટાર શાળાનાં બાળકોનાં હાથમાં ઝાડું પકડવાની વાત કોણ શીખવશે ? ‘સ્વચ્છતા’ આપણો જ વિષય છે, અન્યનો નહીં, તે કોણ સમજાવશે ? ફાઈવસ્ટાર શાળાઓ સિવાયની અન્ય ઘણાં પ્રકારની શાળાઓ પણ આવેલી છે. તેના પ્રકારોની ચર્ચામાં ઉતરવું નથી. એક શાળામાં જે અનુભવ થયો તે અહીં ટાંકવાનું મન થાય છે. પોતાનો વર્ગ સ્વચ્છ રાખવાની જવાબદારી વર્ગના વિદ્યાર્થીઓની જ છે તેનું તેને સ્મરણ રહે તે માટે શિક્ષક દ્વારા હાજરી નંબર મુજબની સફાઈનો વારો આવે તેમ નક્કી થયું. જે-તે વિદ્યાર્થીએ રીસેષ બાદ ઝાડું લાવી વર્ગની સફાઈ કરવી અને ત્યારબાદ ઝાડું નિયત જગ્યાએ મૂકી દેવું. એક દિવસ વર્ગની સફાઈ થઈ નહીં. પૂછતાં જણાયું કે, જે વિદ્યાર્થીનો સફાઈ વારો હતો, તેની દલીલ હતી કે, ‘મેં મારા ઘરમાં કોઈ દિવસ ઝાડું પકડ્યું નથી. મારી માતાએ મને આ કામ કરવા કદી જણાવ્યું નથી. આ કામ કરવા મારા ઘરે અન્ય વ્યક્તિ આવે છે. આ કામ થોડું મારું છે ?’ ત્યારે શિક્ષકે કોઈપણ પ્રકારના વાદ-વિવાદ વગર ઝાડું હાથમાં લઈ અન્ય વિદ્યાર્થીની મદદથી વર્ગખંડની સફાઈ કરી દીધી. અન્ય અનુભવના વિદ્યાર્થીએ પોતાના ઘરે જઈને પોતાના માતાપિતાને જણાવ્યું કે મારી શાળામાં અમારે વર્ગખંડમાં કચરો સાફ કરવો પડે છે. ત્યારે માતાપિતા તરત જ શાળામાં દોડતા આવ્યાં અને કહેવા લાગ્યાં, ‘અમે અમારા બાળકોને અહીં ભણવા મોકલ્યા છે કે સફાઈ કરવા ?’ આપણી શિક્ષણ વ્યવસ્થા કોઈ રીતે વિદ્યાર્થીને સ્વચ્છતા માટે પ્રેરિત કરતી નથી. સ્વચ્છતા અંગેના શાળા કક્ષાએ પરિપત્રો ખૂબ જ થાય છે. જેમકે સ્વચ્છ શાળાના વિવિધ સ્વચ્છ વિદ્યાલય નામાંકન સ્પર્ધામાં ૧૦૦% નામાંકન થવું જ જોઈએ. સ્વચ્છ શાળાના વિવિધ સ્વચ્છ ભાગોના ફોટોગ્રાફ અપલોડ થવા જોઈએ. ફલાણી શાળાનું નામાંકન બાકી છે. ડેશબોર્ડ પર દેખાય છે. ફોન થાય છે. નામાંકન થઈ ગયું. હાશ ! પતી ગયું.

એક તર્ક છે, જ્યાં લોકોને ગંદકી કરતાં જુઓ ત્યાં દંડ કરો. એક સોસાયટીમાં ગંદકી કરતાં રહીશો માટે ભારે દંડની વ્યવસ્થા કરવામાં આવી. સોસાયટી મહદ્અંશે સ્વચ્છ રહેવા લાગી. પણ સામાન્ય રીતે જોવામાં આવે છે તેમ દંડની હદ પૂરી થયા બાદ કોઈ જોવે નહીં તે રીતે તેવા સમયે કચરો ઠાલવી દેવો. ભારતીયોની આ સ્વાર્થી

વિચારસરણીમાં બદલાવ આવશે ?

૨૦મી સદીના મહાપુરુષ મહાત્મા ગાંધીએ સ્વચ્છતા માટે પશ્ચિમના દેશો પાસેથી પાઠ શીખવાનો દરેક ભારતીયોને અનુરોધ કર્યો હતો. પોતાનું જીવન સ્વચ્છતા અને સફાઈ કામદારો માટે અર્પણ કર્યું હતું. મહાત્મા ગાંધીજી ભારતીયોને કહેતા - 'સ્વચ્છતા આઝાદી કરતાં પણ વધુ મહત્વની છે, દરેક વ્યક્તિ જાતે પોતાનો સફાઈ કામદાર બને.' કમનસીબે ગાંધીજીએ સ્વચ્છતા પર ભાર મૂક્યો એટલે તે ફક્ત ગાંધીજીની જ વિચારસરણી બની ગઈ. ગાંધીજીની વિચારસરણી પર ચાલતી વિશ્વવિદ્યાલયોમાં જ સ્વચ્છતાના મૂળભૂત ખ્યાલોને સ્થાન આપવામાં આવ્યું. ગાંધીવિચારને રાજકીય રંગ અપાતા તેમના સ્વચ્છતા અંગેના મૂળભૂત ખ્યાલો અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં દાખલ ન થઈ શક્યા. તેને કમનસીબી ગણવી.

૪ ફેબ્રુઆરી, ૧૯૧૬ લગભગ ૧૦૫ વર્ષ પહેલા શ્રી મદન મોહન માલવિયા દ્વારા બનારસ યુનિવર્સિટીના ઉદ્‌ઘાટન કાર્યમાં ગાંધીજીને આમંત્રણ આપવામાં આવેલું. ગાંધીજીએ હિન્દુઓના સૌથી પ્રાચીન મંદિર વિશ્વનાથ મંદિરની મુલાકાત લેવાનું મન બનાવ્યું અને ત્યાં ગયા. મંદિરની આજુબાજુ અસ્વચ્છતા જોઈ ગાંધીજી બોલ્યા, 'આ મહાન મંદિરની દશા જોઈને આપણું ચારિત્ર્ય છતું નથી થાતું ?' મંદિરની આજુબાજુનાં મકાનો ધારાધોરણ વગર વાંકીચૂંકી સાંકડી ગલીઓમાં બાંધેલા છે. અસ્વચ્છતા ચારેબાજુ ફેલાયેલી છે. અંગ્રેજો બિસ્તરાં પોટલાં બાંધીને દેશ છોડીને ચાલ્યા જાય, પછી આ ગંદકી સાફ થાય તેની રાહ જોઈ રહ્યા છીએ ? (આજે વિશ્વનાથ મંદિર ૩૦૦૦ સ્ક્વેર ફૂટમાંથી ૫ લાખ સ્ક્વેર ફૂટમાં ફેલાઈ ગયું છે.)

ઝી ટીવી પર આવતા ડાન્સ ઈન્ડિયા ડાન્સ કાર્યક્રમમાં પાંચ વર્ષની આસામની આયુષીને જજ પૂછે છે, 'તું શું કહેવા માગે છે ?' ત્યારે આયુષી કહે છે, 'ગાય બહાર રોડ પર કચરો ભરેલી પ્લાસ્ટિકની કોથળીમાંથી ખાતી હતી. તે જોઈને ખૂબ દુઃખ થાય છે.' તે લોકોને અપીલ કરે છે કે, 'મહેરબાની કરીને આ રીતે અસ્વચ્છતા ના ફેલાવો.' જજ કહે છે, 'આપણે સૌએ આયુષી પાસેથી પ્રેરણા લેવી જોઈએ.' મને પ્રશ્ન થાય છે ક્યાં સુધી સ્વચ્છતા માટે આપણને સતત પ્રેરણાની જરૂર પડશે ?

●

## વિધાનપરિષદ : એક પરિચય

રીતે બહુમતી ધરાવતા પક્ષમાંથી અધ્યક્ષ આવતા હોય છે. ઘણાં રાજ્યોમાં વિરોધપક્ષમાંથી ઉપાધ્યક્ષ નિમવાની ઉદ્દાત લોકશાહી પ્રણાલિકા છે. સામાન્ય રીતે રાજ્યોમાં વિધાનપરિષદનું હવે કોઈ ઔચિત્ય રહ્યું નથી. એક માત્ર વિધાનસભામાં હારી ગયેલા કે પક્ષના નેતાઓને વિધાનપરિષદમાં ગોઠવીને પ્રધાનમંડળમાં સમાવાના માર્ગ તરીકે તેનો ઉપયોગ થાય છે.

**મતદાર મંડળ :** વિધાનપરિષદનું મતદારમંડળ પણ ઘણું રસપ્રદ છે. પાંચ કેટેગરીમાં વહેંચાયેલું છે. (૧) વિધાનસભાના સભ્યો : પરિષદના ત્રીજા ભાગના સભ્યોને ચૂંટે છે. (૨) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ : (ગ્રામ પંચાયતથી માંડીને મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્યો) ત્રીજા ભાગના સભ્યો ચૂંટે છે. (૩) રાજ્યના ગવર્નર : અલગ અલગ ક્ષેત્રના મહાનુભવોમાંથી કુલ સંખ્યાના ૧૨મા ભાગના સભ્યોની નિમણૂંક કરે છે. (૪) રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષથી રહેતા હોય એવા ગ્રેજ્યુએટ મતદારો : ૧૨મા ભાગના સભ્યો ચૂંટે છે. (૫) માધ્યમિક શાળાઓ અને તેનાથી ઉપરના સ્તરના શિક્ષકો : ૧૨મા ભાગના સભ્યોને ચૂંટે છે.

જે ૬ રાજ્યોમાં વિધાનપરિષદ આવેલી છે ત્યાં ગ્રામપંચાયતથી માંડીને મહાનગરપાલિકા સુધીની સ્વરાજ્યની સંસ્થાઓનું મહત્વ વધ્યું છે. તેમનો મતનિર્ણાયક સાબિત થતો હોય છે. તેવી જ રીતે માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને યુનિ. કૉલેજોના પ્રોફેસરો, આચાર્યોનું પણ મહત્વ વધ્યું છે. તેઓ પણ મત આપવાની પાત્રતા ધરાવે છે.

**ગુરુમંત્ર :** મતદાન એ લોકતંત્રનો અનેરો ઉત્સવ છે. આ ઉત્સવ લોકોને આત્મનિરીક્ષણનો અવસર પ્રદાન કરે છે. તેને ગુમાવી દેવો એ સમજદારી નથી.

# એક વખતની વાત - નાનાભાઈની અટલ શ્રદ્ધા

- હાજી. ફાજલભાઈ ચૌહાણ

ભાવેણ (ભાવનગર)ની માતબર સંસ્થા દક્ષિણા છોડી આંબલા, સણોસરા આવી ગ્રામ વિદ્યાપીઠ સુધીનું શિક્ષણ નિર્માણ કરનારને મહામાનવ કહીએ તો ખોટું નથી. તેવા પૂ. નાનાભાઈના જીવનપ્રસંગ પર ભૂતકાળમાં ડોકિયું કરીએ.

ગાંધીયુગના નવલાં વહાણાં વાયા, દેશ એક સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહ્યો હતો. આઝાદી મળી નહોતી. ગાંધી વિચારને ગામડાં સુધી પહોંચાડવાનો હતો. ગાંધીની સીમા નહોતી. આવા સમયે ઘણા મનોમંથન પછી શ્રી પૂ. નાનાભાઈએ સંકલ્પ કરી લીધો. નિર્ણય અફર છે. ગામડાંમાં જવું છે. શિક્ષણ રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા ગ્રામોત્થાન કરવાનો અભિનવ પ્રયોગ સાથે નવજાગૃત્તિ નવો સમાજ પ્રસ્થાપિત કરવાનું કાર્ય લઈ ભાવનગરથી માત્ર દક્ષિણા દેવની છબી લઈ નાનાભાઈ આંબલા આવ્યા.

અડીખમ યોદ્ધા જેવા - ભેખધારી શ્રદ્ધાના બળનો દીવો લઈ ગ્રામ નવસર્જનના સર્જક સમા નખશિખ સાદાઈની પ્રેરણામૂર્તિ. જાણે ઋષિની પ્રતિમા, આવું અદ્દ્ભુત વ્યક્તિત્વ ધરાવતા કેળવણીના ક્રાંતિકારીએ સર્વાંગીણ માનવવિકાસનો મંત્ર સાકાર કરવા હૈયામાં હામ લઈ કઠિન પથને સમજી નવા મૂલ્યો સ્થાપવા નીકળ્યા.

આ સમયનું પૂરું ચિત્ર એ વખતે કેવું હતું તે થોડું સ્પષ્ટ કરીશું. આંબલાને કેન્દ્ર બનાવી નજર ઠેરવી જરા જોઈએ આંબલાની ધરતીને. આંબલા ગામ નાનું પછાત પણ ઘણું અંત્યોદય કામ કરવા જેવું ખરું એ વિચારને આ ભૂમિ બરાબર લાગી.

આંબલા ગામ પંખીના માળા જેવું. નાનકડું ને રળિયામણું. પાઘડી પને પથરાયેલ. ગામને ગોંદરે નાનકડી નદી ગીત ગાતી વહે છે. ભલાં ભોળાં ભાવુક નમણાં નર-નાર અભણ છે. કોઠાસૂઝવાળા ગામલોકો વસે છે. ઝાલરને ઝણકારે, તબલાના અને નગારાના નાદે, આરતીના આરાધે, દયભાવથી ભરપૂર એવું આ ગામ આંબલા. નવલી દુનિયાનાં મંડાણની વાતો વિચારની શરૂઆત નાનાભાઈએ આંબલામાં કરી.

નાનાભાઈનું ગામમાં આવવું અને ચાલતી શાળાના શિક્ષકશ્રી ભાઈશંકરભાઈ રાજયગુરુનું મિલન થયું. ભાઈશંકરભાઈ પૂ. નાનાભાઈથી પરિચિત અને ગાંધીના રંગમાં રંગાયેલ ખરા. બુનિયાદી તાલીમ, જીવનની તાલીમ, નઈ તાલીમ ટૂંકમાં માનવવિકાસની વાત ! જે વાતનાં મંડાણ અહીંથી કરવા છે. તમે સહકાર આપશો ને ?

ભાઈશંકરભાઈએ ગામના આગેવાનોને બોલાવ્યા. જેમાં માધાભાઈ, લક્ષ્મણભાઈ, ગોવિંદભાઈ અને મણિભાઈ તેમની સાથે. નાનાભાઈએ આવવાનો હેતુ સમજાવ્યો. મારે નવી શાળા શરૂ કરવી છે જે વાત મહાત્મા ગાંધીએ કરેલ છે. તમે સૌ સાથે છો ને ! આગેવાનોએ કહ્યું. નાનાભાઈ ભાવતું હતું તે વૈદ્યે કહ્યું તમારા જેવા માનવીનો સથવારો ક્યારે મળે ? ધનભાગ્ય અમારા ગામનો ઉદ્ધાર થઈ જશે અને ગામનું જીવન સુધરી જશે અમે તમારી સાથે છીએ.

આ પછી નાનાભાઈ પ્રા.શાળા અને લોકશાળા શરૂ કરે છે. ૨૦થી ૨૫ છોકરા આવતા થયા. થોડો વખત ઠીક ચાલ્યું પછી છોકરા આવતા બંધ થયા. તપાસ કરતા જણાયું. અરે ! નાનાભાઈ તમે અમારા છોકરાને હરિજન સાથે બેસાડો છો તે લોકોને નથી ગમતું. લોકો નારાજ છે. નાનાભાઈ તમને આવા નહોતા ધાર્યા.

આગળ જતા સમજાવટથી લોકોને વાત સમજાવી. આપણે તો ભગવાનના માણસો છીએ. આપણે તો ભેદોની ભીંતો ભૂંસવાની છે. વાડાબંધી તોડવી છે. નાનાભાઈ અસ્પૃશ્યતાની બાબતમાં મક્કમ હતા. આગળ જતાં બધું સરખું થઈ ગયું. સાથે ભણવું, રમવું, સમૂહભોજન થતાં ગયાં. ભેદોની દીવાલ તૂટી. નાનાભાઈએ લોકોની નાડ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પારખી. સદીઓના અંધારા ઊલેચવા સહેલા નથી. લોકોને અભિમુખ કરવા જોઈએ. વાતાવરણનું નિર્માણ કરવું જરૂરી છે. મક્કમ નિર્ધારના બળે નાનાભાઈ મૂળશંકરભાઈ આંબલામાં ગરીબ કે તવંગરના ઘરે જઈ દુઃખ દર્દ પૂછે. માંદગી સમયે મદદ કરે, દવા આપે. ધર્મની વાતો કરતા જાય, આમ ગામગોષ્ઠિ કરતા જાય. લોકસેવાના ભેખધારીએ સમય જતાં શાળા સાથે ગામલોકોનો વ્યવહાર બદલાયો. લોકોનાં હૈયાં હેઠાં બેઠાં અને લોકો તરફથી સહાનુભૂતિ મળતી ગઈ.

નાનાભાઈ તમે ઘણું ગામ માટે કરો છો કોઈ ધર્મની વાત અમને કરો. સપ્તાહ કરો જેથી અમારા મનના મેલ ધોવાય. ગામને લાભ મળે. આથી નાનાભાઈએ ભાગવતકથા શરૂ કરી. લોકભાષામાં કથાની શરૂઆત થઈ. નાનાભાઈની મધુરવાણી સૌએ સાંભળી. અનેક દૃષ્ટાંતો દ્વારા પ્રસંગોની વાતો સમજાવી. આ કથાની અસર ઘણી સારી થઈ. જનસમૂહને હલબલાવી દીધો. દિલ, ધડકન, દયસ્પર્શી કથાની અસર થઈ. લોકમાનસના પડળ ખૂલી ગયા. અતૂટ શ્રદ્ધા નાનાભાઈ તરફ વધી. નાનાભાઈ સૌના બન્યા. થોડી ઘણી ભેદોની દીવાલો સમાજમાં હતી તે પણ તૂટી. આ મહાયજ્ઞમાં સૌ ભક્તિભાવથી નાહ્યા. કથા લોકઉત્સવ બની ગઈ.

કથા સાંભળ્યાં પછી નાનાભાઈને લોકો કહે છે, અમે તમોને ઓળખ્યા નહોતા, તમોને ખૂબ જ હેરાન કર્યા. તમે અમારા અજ્ઞાનના અંધારા ઉલેચ્યા, સાચે જ તમે ગાંધીના માણસ છો. તમે જેમ કહેશો તેમ કરીશું. અમે તમારાથી પહેલા ભડકતા હતા તે હવે દૂર થયું.

ઠીક માધાભાઈ, સમજ્યા ત્યારથી સવાર. હવે તો આપણે ગામની દુબળાઈ કાઢવી છે. ખૂણેખાંચરે પડેલ નબળાઈને કાઢી નાખવી છે. આપણે સૌ નજીક આવ્યા છીએ. સંસ્થામાં આવો આપણી ગૌશાળા જુઓ, આંબાવાડી જુઓ. આપણી નવી ખેતી જુઓ. વિઘે ૩૦-૪૦ મણ બાજરો પેદા થાય તેવી ખેતી કરો. આવો સૌ સાથે મળીને નવા કામ કરીએ. લોકોનો પ્રતિસાદ નાનાભાઈ, ખરેખર તમે નવી-જૂની પેઢીને રંગ લગાડી દીધો છે. નાતજાતના ભેદ ગયા. બાલમંદિરમાં નાના બાળકો જવા લાગ્યા. લોકશાળાનો લાભ મળતો ગયો અને છાત્રાલયમાં રહેનાર બાળકોનું ઘડતર બહુજ સારું થાય છે.

અરે નાનાભાઈ અમારો મોહન વાડીએ કોસ હાંકતા-હાંકતા ચોપડિયો વાંચે, દુહા, છંદ, ચોપાઈ, રામવાર, ગરબી, ગીતો લલકારતો થઈ ગયો. સારા પ્રતાપ અમારો દી' ઉજાળ્યો. કહેવત છે : 'અભણ ને આંધળા બરાબર.' ભણતર મેળવે જ છૂટકો. વચ્ચે નાનાભાઈ કહે છે મારે આંબલાને સોનાના થાંભલા કરવા છે. આંબલા એક આદર્શ ગામ બનાવવું છે. હજુ તો મારે આગળ જઈ લોકશાળાથી આગળનું શિક્ષણ માટેની યોજના કરવી છે. જવાબમાં લોકો કહે છે નાનાભાઈ તમે તો આંધળાને લાકડી બન્યા, આંખો આપી, સાચું જ્ઞાન આપ્યું. અનેકને ઉગાર્યા, તાર્યા, ભગવાન તમારું ભલું કરે.

નાનાભાઈ ગ્રામસભા કરે છે અને કહે છે, હવે આંબલાના શિક્ષણથી આગળ જઈ ગ્રેજ્યુએટ (સ્નાતક) સુધીનું શિક્ષણ મળે તે માટે સણોસરામાં બીજું કેન્દ્ર બનાવું છું. જેને ગ્રામવિદ્યાપીઠ કે ગામની મોટી કૉલેજ કરવી છે. (લોકભારતી) આ બધું તો ઠીક છે પણ માધાભાઈ એક વાત રહી જાય છે. લક્ષ્મણભાઈ, ભાઈશંકરભાઈ, મણિભાઈને દરબાર ડાયરો મળ્યો ન હોત તો આ ન થાત અને એમાં ભાવનગર મહારાજા સાહેબનો સથવારો તન-મન-ધનથી મળ્યો છે. આ યજ્ઞમાં નામીઅનામી સૌનો ભાગ છે.

નાનાભાઈ તમે ગજાવાળા માણસ છો. મોટા પહાડ જેવા છો. તમારી વડવાઈઓ તો દૂર દૂર સુધી સંદેશ લઈને પથરાણી છે. કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત ને દેશમાં તમારા ગુણ-ગાન ગવાય છે. લોકો તમને નહીં ભૂલે. આ વાત અમારા દિલની છે. નાનાભાઈ છેલ્લે કહે છે પ્રજામન, લોકમત, સમગ્ર સમાજ અનેક દૂષણો, પ્રપંચોથી ઘેરાયેલો છે. ખોટા રીતરસમ, નાના-મોટા ભેદો ઊંડા ઘર કરી બેઠા છે. આવા રૂઢિવાદી સમાજના ક્લેવર બદલવાનું કામ કઠિન હતું. આ સંઘર્ષમાં, વમળમાં શિક્ષણનાં માધ્યમ દ્વારા સમાજ પરિવર્તનનાં મૂલ્યો પ્રસ્થાપિત કરવા ભેખ લઈ નાનાભાઈ આંબલા આવ્યા ને સાથે જ સમાજની નવી દિશા આપી પલટાતા પ્રવાહમાં નવનિર્માણ કરેલ પ્રદાનની આ એક ઝાંખી ઝલક છે.

# લોકસાહિત્ય - કવિશ્રી દાદ

- વનિતાબેન વાછાણી
મ.શિ., જે.એન.બાલિકા વિદ્યાલય

ગુજરાતનાં લોકસાહિત્યને ધબકતું રાખનાર કવિશ્રી દાદ - સોરઠના પ્રાચીન ચારણી સાહિત્યને પોતાના ગીતો, ભજનો, દુહાઓ એ કવિતાઓમાં રજૂ કરી ગુજરાતી લોકસાહિત્યને જીવંત રાખવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

જૂનાગઢ જિલ્લાના વેરાવળ પાસે ઈશ્વરિયા ગામમાં જન્મેલા કવિ દાદને સાહિત્યનો વારસો પિતા પ્રતાપદાન ગઢવી તરફથી મળ્યો હતો. પ્રતાપદાન ગઢવી એ જૂનાગઢના નવાબી હકૂમતના રાજકવિ હતા.

ઉત્તમ કક્ષાની રચનાઓ લખનાર કવિશ્રીએ ચૌદ-પંદર વર્ષની ઉંમરે કવિતા લખવાનું શરૂ કર્યું. ખેતી કરતાં કરતાં વારસામાં મળેલા સંસ્કારોને ઉજાગર કર્યા તેમના કેટલાંક ગીતો ગુજરાતી સુપર ફિલ્મોમાં આજે પણ ગુંજી રહ્યા છે.

'પદ્મશ્રી' એવોર્ડનું સન્માન મેળવનાર કવિશ્રી દાદના નિધનથી ગુજરાતી લોકસાહિત્યને મોટી ખોટ પડી છે. માત્ર ચાર ચોપડી ભણ્યા હોવા છતાં સાહિત્યક્ષેત્રે તેમનું મોટું યોગદાન છે. પરિણામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી સાહિત્યમાં તેમના ઉપર પીએચ.ડી. પણ થયું છે.

"ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું" જેવી અનેક લોકપ્રિય રચનાઓથી પોતાનું નામ અમર કરનાર કવિશ્રી દાદનો સાહિત્યજગત હંમેશાં ઋણી રહેશે. "ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું" રચના ગુજરાતી ફિલ્મમાં ગવાઈ પણ છે. ખરેખર ખૂબજ કર્ણપ્રિય રચના છે. આ ગીતમાં રજૂ થતી માતૃભૂમિ પ્રત્યેની ઉચ્ચ ભાવનાની દૃષ્ટિએ મને ખૂબજ ગમે છે. આ રચનામાં એક 'પથ્થર' તેના ઘડવૈયાને કહે છે કે, મારે ઠાકોરજીની મૂર્તિ નથી બનવું, પ્રભુની મૂર્તિ બનવાને બદલે પોતે માતૃભૂમિ માટે લડતાં લડતાં જેને વીરગતિ મળી છે. તેની યાદમાં એક પાળિયો બની ખોળાય રહેવામાં પોતાના જીવનની સાર્થકતા સમજે છે. પથ્થરને ખ્યાલ છે કે જો એ ઠાકોરજીની મૂર્તિ થશે તો તેને રેશમી વસ્ત્રો પીળા પીતાંબર, જાતજાતના ભોગ પૂજા અને માન મળવાનું છે. જુદી જુદી પવિત્ર નદીનાં પાણીથી સ્નાન થવાનું છે. પણ આ બધું તેને મંજૂર નથી તેને આ કપટી જગતથી દૂર રહેવું છે.

એક પથ્થર કહે છે કે ધર્મ પ્રત્યેનો બાહ્ય આડંબર છે. તે આડંબરનો ભાગ મારે નથી બનવું. લોકો જેટલા મૂર્તિને પૂજે છે તેટલા શૂરવીરો, શહીદોને યાદ પણ નથી કરતા. ખરેખર તે આપણું કેટલું દુર્ભાગ્ય છે.

માતૃભૂમિની રક્ષા કરતાં કરતાં જે વીર સપૂતોએ પોતાના બલિદાન આપ્યા છે તેવા શહીદોની યાદમાં ગામનાં પાદરમાં પાળિયા ખોળાતા હતા. તે પાળિયાને રૂપ તરીકે લઈ કવિશ્રી દાદે માતૃભૂમિ પ્રત્યેની પોતાની ઉચ્ચત્તમ ભાવના ખૂબ સરસ રીતે વ્યક્ત કરી છે.

**ગીત**

**'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું'**

ધડ ધીંગાણે જેના માથા મસાણે,
એના પાળિયા થઈને પૂજાવું,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)
હોમ હવન કે જગન જાપથી મારે નથી રે ધરાવું,
બેટલે બાપના મોઢાં ન ભાળ્યા
એવા કુમળા હાથે ખોડાવું...
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)
પીળા પીતાંબર, જરકસી જામા એવા,
વાઘામાં નથી વીંટળાવું,
કાઢ્યા'તા રંગ જેણે ઝાઝા ધીંગાણે
એવા સિંદૂરે ચોપડાઈ જાવું,


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)
ગોમતી કે ઓલ્યા જમનાજીને આરે,
નીર ગંગામાં નથી નાવું,
નમતી સાંજે કોઈ નમણી વિજોગણના
ટીપા આંસુડાએ નાવું,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)
બીડ્યા મેદાનમાં બેસવું નથી મારે ખુલ્લા મેદાનમાં જાવું
શૂરા શહીદોની સંગાથે મારે, ખાંભીયું થઈને ખોડાવું,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)
કપટી જગતના કડાકૂડ રાગથી, ફોગટ નથી રે ફુલાવું,
મુડદાં બોલે એવા સિંધૂડા રાગમાં, શૂરો પૂરો સરજાવું...
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)
મોહ ઉપજાવે એવી મુરતિયું મારે,
ચિતારાથી નથી ચિતરાવું,
રંગ કસુંબીના ઘૂંટ્યા રૂદામાં એને 'દાદ' ઝાઝુ શું રંગાવું...
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)
ઘડ ધીંગાણે જેના માથા મસાણે એના,
પાળિયા થઈને પૂજાવું
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું (૨)

**- કવિ દાદ**

# શિક્ષક

**પટેલ હિતેન્દ્રભાઈ**
**શિક્ષક (સ.કુ.શા.નં.૧)**

***'તમારું ધ્યેય જાતે નક્કી કરો, નકલ કરી વારંવાર બદલવાથી સફળતા મળતી નથી.'***

એક વખત સ્વામી વિવેકાનંદ પાળેલા શ્વાન સાથે ફરી રહ્યા હતા. અચાનક એક યુવક એમની પાસે આવ્યો અને તેમના પગમાં પડી ગયો. તે ખૂબ હેરાન લાગી રહ્યો હતો. તેણે કહ્યું : 'સ્વામીજી હું રોજ ખૂબ મહેનત કરું છું પણ સફળતા મળતી નથી. ખબર નહીં મારી કિસ્મતમાં શું લખ્યું છે? જેટલું ભણવા છતાં મને સફળતા મળી નથી.' વિવેકાનંદ યુવકને જોઈ તેની તકલીફ સમજી ગયા. તેમણે એ યુવકને કહ્યું. 'ભાઈ ! મારા આ શ્વાનને થોડીવાર સુધી ફેરવીને લઈ આવો, ત્યાં સુધી હું તમારા પ્રશ્નો પર વિચાર કરીને સમાધાન આપું છું.'

યુવક હેરાન હતો અને સ્વામીજી તેની છેલ્લી આશા હતા. માટે તે કોઈપણ સવાલ કર્યા વગર શ્વાનને લઈને નીકળી પડ્યો. થોડીવાર શ્વાનને ફેરવ્યા બાદ જ્યારે યુવક પાછો આવ્યો તો વિવેકનંદે જોયું કે યુવકનો ચહેરો ચમકી રહ્યો હતો. નહીં જેવા શ્રમથી તેના માથા પર પરસેવાનાં ટીપાં ચમકી રહ્યા હતા.

બીજી બાજુ શ્વાન થાકના લીધે જોરજોરથી હાંફી રહ્યો હતો. તે બસી રહ્યો અને એકદમ બેચેન જણાતો હતો. સ્વામીજીએ પૂછ્યું, 'યુવક તમે તો એકદમ શાંત દેખાઈ રહ્યા છો પણ આ શ્વાન કેમ આટલો બધો થાકી ગયો ?' યુવકે કહ્યું : સ્વામીજી હું તો ધીરે ધીરે આરામથી ચાલી રહ્યો હતો પણ આ શ્વાન એકદમ અશાંત હતો. રસ્તામાં મળતા બધા જાનવરોની આગળ-પાછળ દોડી રહ્યો હતો. માટે સમાન અંતર કાપ્યા બાદ તે આટલો થાકી ગયો છે, જ્યારે હું સંપૂર્ણ રીતે શાંત છું. ત્યારબાદ વિવેકાનંદે કહ્યું, યુવક તમારી સમસ્યાનો પણ આ જ જવાબ છે. તમારો ધ્યેય તમારી આસપાસ જ છે. તે ક્યાંય બહુ વધારે દૂર પણ નથી. પણ તમે ધ્યેયનો પીછો કરવાનું છોડીને અન્ય લોકોની આગળ પાછળ દોડતા રહો છો. આમ આ રીતે તમે જે મેળવવા માંગો છો તેનાથી તમે દૂરને દૂર થતા જાવ છો. કોઈ એક હેતુ નક્કી કરો અને તેને પાછળ લાગ્યા રહેશો તો જ તમને સમય જતાં સફળતા મળશે. મન તમને તમારા ધ્યેય પર અફર રહેવા દેતું નથી.

**બોધ :** પોતાની ક્ષમતા, રુચિ અને પરિશ્રમને ધ્યાનમાં રાખીને ધ્યેય નક્કી કરો. ત્યાર બાદ તેના પર અંત સુધી અડગ રહેવાથી જીવનમાં સફળતા મળે છે.

# ચંપકની ચાલબાજી

**માધવી આશરા**
પ્લોટ નં. ૧૩૯, બ્રાહ્મણની વાડી સામે, ભાઉભાનો
ચોક, નિર્મળનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
મો. ૭૦૯૬૩૯૦૨૫૪

ચંપક નામે એક ઘેટાંનો રખેવાળ, એકદમ ભોળો, એ પણ ઘેટાંની જેમ કોઈ દોરાવે તેમ દોરે જાય. અને તેની પાછળ તેના ઘેટાંઓ પણ દોડે જાય. પણ ગામમાં તેના સિવાય કોઈપણ મૂંગા ઢોરને ચરાવવા ન જાય. એટલે ન છૂટકે ગામ લોકોને આ ચંપકને બોલાવવો પડે.

ચંપક ઘેટાંઓને ચરાવવા જાય એટલે સમજી લેવાનું કે જો તે ઢોરને લઈને સવારે ગયો તો બપોરે આવે અને બપોરે ગયો તો સાંજે આવે અને સાંજે ગયો તો રાત્રે પાછો ફરે. પણ ચંપક ઢોરને ચરાવવા જરૂર જાય પણ તે મૂંગા પશુઓની ભાષાને ઘણા અંશે સમજી લેતો. તેનું દય એકદમ નિઃસ્વાર્થી અને કોમળ હતું. તે ખૂબ જ દયાળુ હતો. મૂંગા પશુની ભાષા એ સમજતો અને તેની વાતો પણ કરતો. તેના પશુ પણ તેનું કહ્યું કરતા. જો એક વાર 'હેડ' કહે એટલે ગમે ત્યાંથી પશુઓ ચંપક પાસે ભેગા થઈ જાય.

આવા ચંપકની એક વાત આજે આપણે આ વાર્તામાં કરીશું. એક દિવસની વાત છે. ચંપક ગામલોકોના પશુઓને લઈને ગામની સીમ પર આવેલા એક ખુલ્લા મેદાનમાં ચરાવવા લઈ ગયો. પશુઓ તો પોતાની મસ્તીમાં એકની પાછળ એક એમ ચાલ્યા જતા હતા. પણ કોણ જાણે ચંપકને શું સૂઝ્યું તેણે કારણ વગરનો ઠેકડો માર્યો. ઘેટાંઓ ચંપકની આ હરકત જોતા હતા. તેઓ ચંપકની પાછળ પાછળ આવી રહ્યા હતા. ચંપકને ઠેકડો મારતા જોઈ પહેલા ઘેટાંએ ઠેકડો માર્યો, પહેલાને જોઈ બીજાએ પણ ઠેકડો માર્યો, પછી ત્રીજા, ચોથા, પાંચમા એમ એમ કરતાં બધાં જ ઘેટાંઓએ ઠેકડા માર્યા.

ચંપકને ઘેટાંઓની આ પ્રતિક્રિયા જોઈ એક રમૂજ સૂઝે છે. તેણે ફરી થોડે આગળ જઈ પાછો ઠેકડો માર્યો, પાછળથી બધા જ ઘેટાંઓએ ઠેકડા માર્યા. પછી તો એક દિવસ, બે દિવસ એમ એમ કરતાં દરરોજ ચંપક આવી કોઈને કોઈ હરકત કરે એટલે ઘેટાંઓ પણ એમ જ કરે. ક્યારેક આડો ચાલે તો ઘેટાંઓ પણ એમ ચાલે, ક્યારેક એક પગ ઊંચો કરે તો ઘેટાંઓ પણ એક પગ ઊંચો કરે. આમ ચંપક પાછળ ઘેટાંઓનો ગાડરિયો પ્રવાહ ચાલવા લાગ્યો.

એક દિવસની વાત છે. ચંપક ઘેટાંઓને ચરાવવા માટે પાસેના જંગલમાં લઈ ગયો. જંગલ હોય એટલે ત્યાં સિંહ, વાઘ, ચિત્તો, હાથી, ભાલુ, દીપડો, વગેરે અનેક ખતરનાક પ્રાણીઓ હોય. ઘેટાંઓ પોતાની ટેવ મુજબ બે..બે...બે... કરે. જંગલનાં પ્રાણીઓ તેનું આ બે..બે.. સાંભળી ગયાં અને જંગલનાં રાજા સિંહે ગર્જના કરી. સિંહની ગર્જના સાંભળી ચંપક તો સાવધાન થઈ ગયો. તેણે વિચાર્યું કે જો સિંહ સામે આવી જશે અને મારા ઘેટાંઓને ખાઈ જશે તો?

ચંપક વિચારી રહ્યો હતો કે મારે એવું કશુંક કરવું જોઈએ જેનાથી મારો અને મારા ઘેટાંઓનો જીવ બચી જાય. જોતજોતામાં તો પેલો સિંહ આવી ગયો. ચંપક ઊભો રહી ગયો. એટલે ઘેટાંઓ પણ ઊભા રહી ગયાં.

ચંપકે કંઈક યુક્તિ કરી પોતાનો અને ઘેટાંઓનો જીવ બચાવવાનું નક્કી કર્યું. તેને તરત જ યાદ આવ્યું કે આ ઘેટાંઓ હું જે પણ હરકત કરું છું તેનું અનુકરણ કરે છે. તો મારે આ સમયે એવું જ કશુંક કરવું જોઈએ.

પહેલા તો સિંહ સામે ઊભો હતો એટલે આગળ તો જવાઈ નહીં, જમણી કે ડાબી બાજુ જવાની જગ્યા ન હતી. પાછળ જાવું મુશ્કેલ હતું. તેણે વિચાર્યું કે જો હું ગોળ ગોળ ફરીશ તો આ ઘેટાંઓ પણ ફરશે. પછી તો ચંપક ખૂબ ઝડપથી ગોળ ગોળ ફરવાં લાગ્યો. ચંપકની પાછળ ઘેટાંઓ પણ ફરવાં લાગ્યાં. ઘેટાંઓની ગતિ એટલી ઝડપી હતી કે

સિંહ જો કોઈને પકડે તો બધાની વચ્ચે એ પણ અડફેટે આવી જાય. આમ ગોળ ગોળ ફરતા સારી તક મળી જતાં ચંપકે છટકીને કૂદકો માર્યો, ઘેટાંઓએ પણ તેની પાછળ કૂદકો માર્યો. આમ ચંપકની પાછળ એક પછી એક એમ બધા દોડવા લાગ્યા. સિંહ પણ આ ગાડરિયા પ્રવાહ પાછળ દોડી રહ્યો હતો.

હવે ગમે તેમ કરીને સિંહથી છુટકારો તો મેળવવો જ હતો. ચંપકે આગળ જોયું કે એક મોટું કાદવનું કુંડાળું છે, ચંપક કુંડાળાને કૂદી ગયો, તેની પાછળ ઘેટાંઓ પણ કૂદી ગયાં. પણ સિંહ તો કંઈ થોડું ઘેટું હતો, એ તો બસ દોડી રહ્યો હતો, અને તેનો પગ કાદવમાં પડ્યો, તે લપસીને પડી ગયો. તે આખેઆખો કાદવથી લથપથ થઈ ગયો.

આ બાજુ ચંપક ઘેટાંઓને લઈને ગામમાં પહોંચી ગયો, સિંહ ત્યાંને ત્યાં કાદવમાં પડ્યો રહ્યો.

•

# આપણું અસ્તિત્વ ઑક્સિજન

**શ્રી આશાબેન પંચાલ**
**શાંતિકુમાર કોઠારી વિદ્યાલય (બાલભારતી)**

આપણે જીવવા માટે હવા, પાણી અને ખોરાકની જરૂર છે. શ્વાસમાં આપણે હવા દ્વારા ઑક્સિજન લઈએ છીએ. હવા દિવસે-દિવસે પ્રદૂષિત થતી જાય છે. પ્રદૂષણનાં કારણે આવતાં પાંચેક વર્ષમાં જ આપણી આસપાસની હવા અપૂરતો ઑક્સિજન ધરાવનારી બની જશે ત્યારે ઘેર-ઘેર એરકન્ડિશનમાં ઑક્સિજન પંપ થતો રહે એવી ગોઠવણ કરવી પડશે.

સામાન્ય માણસો પણ ગેસના બાટલાની જેમ ઑક્સિજનના બાટલા ખરીદીને ઘરમાં રાખશે. જેમાંથી ઘરની હવામાં ઓક્સિજન ઠલવાતો રહે.

બાળકોએ સ્કૂલે જતાં પાણીની બોટલની જેમ ઑક્સિજનના બાટલા લઈને જવા પડશે તેવી પરિસ્થિતિ ઊભી થાય તો નવાઈ નથી.

**પ્રશ્ન :** હવામાં ઑક્સિજન ઘટે તો શું નુકસાન થાય ?

લોહીમાં ઑક્સિજન ઓછો થાય એટલે સૌથી વધુ નુકશાન મગજને છે. મગજને પ્રાણવાયુ ન મળતાં માથું સતત ભારે રહેશે. માથું દુખ્યાં કરશે. મગજનાં કોષો ધીમેધીમે કામ કરવાનું બંધ કરશે.

આપણાં શરીરને દરેક શ્વાસમાં ૨૦.૯ ટકા ઑક્સિજન અનિવાર્ય છે. આમાંથી બે ટકા ઘટે તો થાક લાગે, માથું દુઃખવા લાગે, પાંચ ટકા ઘટાડો થાય તો મગજ અને શરીર એકબીજાને સહકાર આપવાનું બંધ કરી દે. શરીર આપણા કાબૂમાં ન રહે. હજુ વધારે ઑક્સિજનનો ઘટાડો થાય તો શ્વાસ ચઢે, હોઠ વાદળી થવા લાગશે, બેભાન થઈ જવાય અને કદાચ મૃત્યુ પણ થઈ જાય.

હવામાં ઑક્સિજન વધારવાનું કામ વૃક્ષો જ કરે છે. આરોગ્યના નિયમ અનુસાર આપણને દરેક શ્વાસમાં ૨૦.૯ ટકા ઑક્સિજન મળી રહે તે માટે વ્યક્તિ દીઠ ઓછામાં ઓછા છ વૃક્ષ હોવા જોઈએ.

શહેરીકરણનાં કારણે પૂરતાં વૃક્ષો નથી. વૃક્ષો વાવવા હોય તો પણ જગ્યા નથી. લોકો ઑક્સિજનની ખોટથી પીડાઈ રહ્યા છે. એટલે સરકાર ગુજરાતના દરેક શહેરમાં ઑક્સિજન પાર્ક બનાવવા માગે છે.

**પ્રશ્ન :** આપણે શું કરી શકીએ ?

- તમારા ઘરની આસપાસ જમીન હોય તો વૃક્ષો વાવો અને જતન કરી તેમને મોટું થવા દો.
- દિવસના એક કલાક વૃક્ષ નીચે ગાળો.
- આસપાસ જમીન ન હોય તો અઠવાડિયે ત્રણ વખત ચાર-પાંચ કલાક બગીચામાં ગાળો.

જો આપણે આટલું કરીશું તો કદાચ આવનાર સંકટને થોડું દૂર કરી શકીશું.

# ૧૬ સપ્ટેમ્બર વિશ્વ ઓઝોન દિવસ

**ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ**
મુ.પો. રંગાઈપુરા, તા. પેટલાદ,
જિ. આણંદ - ૩૮૮૪૫૦.

## ઓઝોન સ્તરમાં ગાબડાં પડવાની ઘટના એ એક વૈશ્વિક સમસ્યા છે

ઓઝોન દિવસ દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૧૬ સપ્ટેમ્બરના રોજ ઊજવાય છે. ઓઝોન દિવસનો મુખ્ય ઉદ્દેશ ઓઝોન પરના સંરક્ષણ માટે જનતાને જાગૃત્ત કરવાનો છે. પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા UNEP (United National Environment Programme) દ્વારા દરવર્ષે ઓઝોન દિવસની ઉજવણી હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે વિષયવસ્તુ નક્કી કરવામાં આવે છે. 'ઓઝોન અને વાતાવરણ, જીવન માટે ઓઝોન, મોનિટ્રિયલ પ્રોટોકોલ - આપણને, આપણો ખોરાક અને રસીઓને ઠંડા રાખે છે.' આ સર્વ વિશ્વ ઓઝોન દિવસ એ ૨૦૨૧નાં સૂત્ર આપવામાં આવ્યાં હતાં.

'ઓઝોન અને હવામાન વિશ્વ એક થઈ તેને પુનઃપ્રસ્થાપિત કરે. વૈશ્વિક સ્તરે ક્લાયમેટ ચેન્જ, ગ્લોબલ વૉર્મિંગ અને ઓઝોન સ્તરનું પાતળું પડવું જેવી સમસ્યાઓ પરસ્પર એકબીજા સાથે જોડાયેલી છે. પૃથ્વીના વધતા જતા તાપમાન માટે કાર્બનડાયોક્સાઈડ મિથેન જેવા વાયુઓ જવાબદાર છે તો બીજી બાજુ ઓઝોન પડના સ્તરને નુકસાન કરવામાં ક્લોરિન સંયોજિત ક્લોરોફ્લોરો કાર્બન CFC, હાઈડ્રોફ્લોરો કાર્બન HCFCs જેવા વાયુઓ જવાબદાર છે. ગ્રીનહાઉસ ગેસ અને ઓઝોનને નુકસાનકર્તા ગેસનું પ્રમાણ જો ઘટાડવામાં આવે તો ક્લાયમેટ ચેન્જ અને ઓઝોન સ્તરના પડને સુરક્ષિત રાખવાની બાબતને નિર્ણાયક બનાવી શકાય. ઓઝોન એ ઓક્સિજનના ત્રણ પરમાણુ (O) ભેગા થવાથી બનતો વાયુ છે. સૂર્યમાંથી નીકળતા ઘણા રેડિયેશનોમાં અલ્ટ્રાવાયોલેટ (UV) એટલે કે પારજાંબલી કિરણો પણ છૂટતાં હોય છે. આ પારજાંબલી કિરણો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે ત્યારે ઓઝોન વાયુનું સ્તર તેનું શોષણ કરે છે અને આ પારજાંબલી કિરણો પૃથ્વી પરની જીવંત સૃષ્ટિને બચાવવા કુદરતે એક ફિલ્ટરની રચના કરી છે અને આ ફિલ્ટરને ઓઝોન વાયુનું પડ છે. જો ઓઝોન પડ ના હોય તો સૂર્યના પારજાંબલી કિરણો પૃથ્વી ઉપર સીધા આવી જાય અને જૈવિક સૃષ્ટિને નુકસાન કરે. માનવીને ચામડીના રોગ અને કેન્સર થાય તો વનસ્પતિ પ્રાણીઓના DNAને અસર કરે પરંતુ કુદરતી સંરચનાને કારણે ઓઝોન સ્તરમાં UV કિરણો શોષિત થાય છે અને જીવનસૃષ્ટિને આ ઘાતક કિરણોથી રક્ષણ મળે છે.'

આજથી ૩૦ વર્ષ પહેલા ધ્રુવપ્રદેશ પર સંશોધનકર્તા કેટલાક વૈજ્ઞાનિકોના ધ્યાને આવ્યું કે ઓઝોન કે ઓઝોનનું પડ પાતળું પડ્યું છે અને પારજાંબલી કિરણો પૃથ્વી સુધી આવવાના શરૂ થયા છે. આ દિશામાં વધુ સંશોધન થતાં ખ્યાલ આવ્યો કે ક્લોરિન અને ફ્લોરિન વાયુની બનાવટોના કારણે ઓઝોનના સ્તરને નુકસાન થઈ રહ્યું છે અને ઠંડા પ્રદેશોમાં ઓઝોન સ્તરમાં ગાબડાં જોવાં મળ્યાં છે. ક્લોરિનમાંથી બનતા પદાર્થો ODS (Oone Depleting Substances) કહે છે. વર્તમાનમાં ૧૦૦ જેટલા ODS બન્યા છે જે જુદા જુદા હેતુ માટે વપરાય છે. તેમાં ખાસ કરીને ફ્રિઝ અને એરકન્ડિશનિગ ACમાં ક્લોરોફ્લોરોક કાર્બન અને હાઈડ્રોફ્લોરો કાર્બન IIFCs વાયુઓ વપરાય છે. આ વાયુઓના કારણે ઓઝોન સ્તરને પારાવાર નુકસાન થયાનું વૈજ્ઞાનિકોએ સંશોધન દ્વારા સિદ્ધ કર્યું છે.

ઓઝોન પડ પાતળું પડવું અને તેમાં ગાબડા પડવાની ઘટના એ એક વૈશ્વિક સમસ્યા છે. તેના પગલે જૈવિક સૃષ્ટિ અને માનવજાતને નુકસાન ન થાય તે માટે ૧૯૮૭માં મોન્ટ્રિયલ ખાતે યોજાયેલ પરિષદમાં ઓઝોન સ્તરને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બચાવવા માટે ખૂબ જ આકરા નિર્ણયો લેવામાં આવ્યા. જેના વિકસિત દેશોએ ૨૦૦૦ સુધીમાં CFC અને IIFCLs નું ઉત્પાદન બંધ કરવું અને જે વિકાસશીલ દેશો છે તેમણે ૨૦૧૫ સુધીમાં ઉત્પાદન બંધ કરાવ્યું હતું. જે દુનિયામાં પ્રથમવાર એવું બન્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા કરારોનું ચુસ્ત પાલન થયું અને તેના પગલે ઓઝોન સ્તરને આપણે પુનઃસ્થાપિત કરવાની દિશામાં સફળ રહ્યા. આજથી ૨૦ વર્ષ પહેલા ઓઝોન સ્તરની જે સ્થિતિ હતી તેના કરતાં આ સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. તેનું મૂળ કારણ વૈશ્વિક સ્તરે દુનિયાના મોટાભાગના દેશોએ લીધેલા પગલાં અને તેમના પ્રયત્નો જવાબદાર છે. વિશ્વભરમાં હવે ઈકોફ્રેન્ડલી ચીજવસ્તુઓ ખરીદવાનો અને વેચવાનો એક શિરસ્તો શરૂ થયો છે, જેના કારણે પ્રજામાં જાગૃતિ આવવા લાગી છે.

UNDP દરવર્ષે ઓઝોન દિવસની ઉજવણી અંતર્ગત જે વિષયવસ્તુ આપે છે તેમાં કોઈને કોઈ વિશેષ મહત્વ છવાયેલું હોય છે. હવામાનમાં આવેલ પરિવર્તન અને ઓઝોન પડની સમસ્યા, ઓઝોન અને જીવન આજથી ૩૦ વર્ષ પહેલાં શરૂ થયેલી વૈશ્વિક સમસ્યાઓ છે. આ વર્ષના વિશ્વના બધા જ દેશો ભેગા મળીને ઓઝોન દિવસ ઊજવે અને ૩૦ વર્ષ પહેલાંની જે સ્થિતિ હતી તે સ્થિતિ સુધી લઈ જઈએ અને તે માટે શાળા, મહાશાળાઓ અને લોકોને જાગૃત કરી તેમના સહયોગ થકી નિર્ધારિત પરિણામ સુધી પહોંચી શકીએ.

૧૬ સપ્ટેમ્બરના રોજ શાળા-મહાશાળામાં ઓઝોન-દિવસની ઉજવણીના કાર્યક્રમો થતા હોય છે. મોટેભાગે આપણે સમસ્યાની ચર્ચા કરીને વિદ્યાર્થીઓ આગળ એક ભયનું વાતાવરણ ઊભું કરીએ છીએ. પરંતુ આપણે તેમને વાસ્તવિકતા જણાવવી જોઈએ. બધા જ દેશોના પ્રયત્નો થકી આપણે સમસ્યાને હળવી કરી શક્યા છીએ. થોડો વધુ પ્રયત્ન કરીને ૧૯૮૦-૮૫ની સ્થિતિને પુનઃપ્રસ્થાપિત કરવાની અને તે માટે નિષ્ઠાત્મક પ્રયાસોથી સફળતાને સિદ્ધ કરી શકીશું.

**શાળાઓને હરિયાળી બનાવી શકાય**

- શાળામાં રિસાયકલિંગ પુનઃચક્રિત કાર્યક્રમ શરૂ કરીએ. આવા કાર્યક્રમ દાખલ કર્યો હોય તો તેનું મૂલ્યાંકન કરી કચરો ઘટાડવા અને ચીજવસ્તુ બચાવવાના ઉપાયો શોધવા.
- શાળા અને તેની આસપાસની જગ્યામાં સ્વચ્છતા દિન નિમિત્તે કાર્યક્રમ યોજવા જોઈએ.
- કાગળની બંને બાજુનો ઉપયોગ કરી કાગળ વસાવીએ, રિસાયકલ્ડ પેપર વાપરીએ, દરેક વર્ગખંડમાં પેપર રિસાયકલ્ડ કરવા કાગળ નાખવાની કચરાપેટી રાખીએ.
- કેન્ટિન : કાફેટેરિયામાં ફરીથી વપરાય તેવા વાસણો, ટ્રે અને ડીશો વાપરીએ.
- પ્રિન્ટર, ફેક્સ, કોપિયર મશીનના કાર્ટિજનો પુનઃ વપરાશ કરવા કાર્ટિજ ભેગા કરીએ.
- શાળાના બગીચામાં કમ્પોસ્ટ ખાતર બનાવવાનું શરૂ કરીએ, બાગના છોડને આ જ ખાતર આપીએ.
- શાળાના નોટિસ બોર્ડ ઉપર પર્યાવરણ સંબંધિત લેખ, ગીત, વાર્તા અને જાણકારી મૂકીએ.
- વર્ષમાં પાંચ વખત તજજ્ઞોને બોલાવી - વ્યાખ્યાન પર્યાવરણલક્ષી ફિલ્મ શૉનું આયોજન કરવું જોઈએ.
- રિસેષના સમયે શાળાના વર્ગોની લાઈટ-પંખા બંધ કરીએ, નાસ્તાનો બગાડ ન કરીએ, વધેલો નાસ્તો ચોક્કસ ડસ્ટબિનમાં જ નાખીએ.
- ધરતીદિવસ, વિશ્વપર્યાવરણ દિવસ, ઊર્જાસંરક્ષણ દિવસ, જૈવિક વિવિધતા દિવસ, ઓઝોન દિવસ જેવા દિવસોની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરીએ.
- ઈકોફ્રેન્ડલી ચીજવસ્તુઓ વાપરવાનો અને ખરીદવાનો આગ્રહ રાખીએ.
- આપણી શાળાને હરિયાળી બનાવવા આચાર્ય, શિક્ષકો અને મિત્રો સાથે બેસી વર્ષ દરમિયાન જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરીએ તથા અમલીકરણ કાર્યો કરીએ.

આમ આપણી આવનારી જનરેશન અનુકૂળ વાતાવરણમાં ટકી રહે તે માટે જૈવ-વૈવિધ્યનું રક્ષણ અને સાચવવું જરૂરી છે.

# ગુગલથી ગુરુ તરફ...
## એટલે પ્રોજેક્ટ 'દધીચિ'

**ડો. મહેશકુમાર એન. ઠાકર 'દર્શન'**
આચાર્ય, નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ.
બી-૧૧, પટેલનગર સોસાયટી, પ્રમુખ પાર્ક સામે,
GNFC ટાઉનશીપ રોડ, ઝાડેશ્વર, ભરૂચ.'

● **ડિઝિટલ શિક્ષણ :** ૨૧મી સદી એટલે જ્ઞાનની સદી, માહિતી વિસ્ફોટની સદી. સમગ્ર વિશ્વ ડિઝિટલ ક્રાંતિના યુગમાં જીવી રહ્યું છે. આજે કોઈપણ માહિતી તમારાથી અછાની નથી રહી આંગળીના ટેરવે ગુગલ ગુરુની નિશ્રામાં આજનો માનવી તેનામય બની ગયો છે. સંસ્કૃતિ અને સંવેદનાનાં ટેરવાં બૂઠાં થઈ ગયાં છે. માનવસંબંધોમાં તેના માધ્યમોએ લકવો લગાવવાનું કાર્ય શરૂ કર્યું છે. પરિવાર અને કુટુંબની વિભાવના બદલાવા માંડી છે. પરિવાર સૌ એકબીજા સાથે નજીક હોવા છતાં સમય આપી શકતા નથી કે કાઢી શકતા નથી. જ્યાં જુઓ ત્યાં ડિઝિટલ ક્રાંતિના માધ્યમોમાં જ માનવજીવન અટવાયેલું, ગૂંથાયેલું છે અને તેમાંય કોરોના જેમે તેને વધુ સબળ માધ્યમ બનાવ્યું છે. હવે આપણને સમજાય છે કે જીવનની ગતિ કઈ તરફ વળી રહી છે ? સંસ્કૃતિ, પ્રકૃતિને વિકૃતિએ ઘેરી લીધી છે. તેમાંથી નીકળવું ખૂબ અઘરું છે. શિક્ષણ પણ તેનાથી વંચિત નથી રહ્યું. નાના બાળકોના હાથમાં પણ આપણે online શિક્ષણનાં રૂપે મોબાઈલ આપી દીધા છે. સમગ્ર વિશ્વની દુર્વૃત્તિઓનો સ્પર્શ તેના ટેરવાને સ્પર્શી રહ્યો છે ત્યારે તેમાંથી બહાર નીકળવું એ જરૂરી છે. કારણ કે આજે બાળપણ મૂરઝાવા માંડ્યું છે. યૌવન હતોત્સાહ થઈ ગયું છે. વ્યાવહારિક જીવન ખોખલું બની ગયું છે. સ્વાર્થ સાથે સ્વહિત વધ્યું છે. પરહિત અને સમાજની વ્યવસ્થાઓમાં લૂણો લાગ્યો છે. આવા સમયે આધુનિકતાને કારણે આપણે હલકી વૃત્તિઓને વકરવા દેતું જ્ઞાન, નાચ-ગાન, ચલચિત્રો અને નાટકોને જ સંસ્કૃતિ માનવા લાગ્યા છે. સમગ્ર વિશ્વ આ વિચારો સાથે જ વર્તે છે પરિણામે વિશ્વપર્યાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે અને થઈ ગયુ છે. શ્રી ગુણવંત શાહ સાચું જ કહે છે...

'આપણામાં રહેલી દુષ્ટતા એટલે આપણી અંદરનું પ્રદૂષણ.'

જે સંસ્કૃતિના નામે થઈ રહ્યું છે. પ્રદૂષણ એ પર્યાવરણનું હોય કે માનવમનનું. આધુનિકતાના શેતાન સર્જિત આ પ્રદૂષણ સમગ્ર માનવજાતને ભરખી જશે. માનવે જાતે જ પેટ ચોળીને શૂળ-દૂષણ ઊભું કર્યું છે. માનવ મનમાં રહેલી વિકૃતિઓનું સંસ્કૃતરૂપ તે પ્રદૂષણ. વિજ્ઞાને આપેલા ફળમાંથી નિપજેલો કચરો એટલે પ્રદૂષણ. વિજ્ઞાન આવ્યું, નવી ટેક્નોલોજી આવી, વિજ્ઞાનના જાદુઈ ચિરાગે નિતનવીન નુસખાઓરૂપે વિશ્વ સામે ગંભીર અને જટિલ પ્રશ્નો સર્જાયાં છે.

**તેનાથી બચવા હવે શું કરી શકાય ?**

● **પાછા વળો :** તો ચાલો 'સંસ્કૃતિ તરફ પાછા વળો.' એના વિના માનવજીવનનો ઉદ્ધાર થવાનો નથી.

શાળા તેના રજતવર્ષની ઉજવણીને સંસ્કૃતિ બચાવો, વિશ્વ બચાવોનાં અભિયાન સાથે ભારતીય મહત્તાને ફરીથી સમાજ સમક્ષ ઉજાગર કરવા માંગે છે. વિસરાતા જતા વારસાને ફરીથી પ્રસ્થાપિત કરવા શિક્ષણનાં માધ્યમથી સમાજમાં જઈને તેને માટે પોતાનું ઋણ અદા કરવાનું કાર્યરૂપે...

**ગુગલથી ગુરુ તરફ... એટલે શાળાનો પ્રોજેક્ટ 'દધીચિ'** દ્વારા પોતાનું સામાજિક કર્તવ્યને સમાજ ઉત્થાન માટે સમગ્ર વર્ષ પોતાના કાર્યક્રમો થતી રાષ્ટ્રઘડતર માટે પોતાનું યોગદાન એક યજ્ઞરૂપે કરશે અને તેનો શુભારંભ પણ કરી દીધો છે.

પ્રકૃતિ અને સંસ્કૃતિ એકબીજાનાં પૂરક છે. બંનેનો એકબીજામાં સમન્વય છે. પ્રકૃતિ એટલે જ સંસ્કૃતિ. પરંતુ પ્રકૃતિનો આજે હ્રાસ થઈ રહ્યો છે. એટલે કે પ્રકૃતિને નુકસાન એટલે સંસ્કૃતિને નુકસાન. વિશ્વ આજે અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે. સમાજ વ્યવસ્થા બદલાવા માંડી છે. આધુનિકતા સાથે આવેલી અસરોએ વિચાર કરવા પ્રેર્યો છે. સમાજ, સંસ્કૃતિ અને સનાતન મૂલ્યો એ જે માનવજીવનને ઘડ્યું છે તેમાં હવે છીંડા પડવા માંડ્યા છે.

આજે સમાજને સારા માનવોની જરૂર છે. ભાવિ પેઢીને સારા આદર્શો દ્વારા ઉત્તમ નાગરિકરૂપે ઘડવાની જવાબદારી હવે આવી છે. શિક્ષણ સાથે સાથે કેળવણી અને જીવનઘડતર કરવાનું છે. તેમજ પરંપરા અને સંસ્કૃતિની ઉત્તમ વિચારધારાનાં બીજમૂલ્યો થકી રાષ્ટ્રઘડતર અને સામાજિક ઘડતર સાથેના નવા વિચારો સાથેનું સાયુજ્ય રચી આપણા વારસાનું સંવર્ધન કરવાની દિશામાં નવી પેઢીને તૈયાર કરવી જરૂરી છે. દોરવી, પ્રેરવી જોઈએ.

इयं ते यज्ञिया तनूः । - યજુર્વેદ

તારું આ શરીર યજ્ઞ માટે છે. પરોપકાર માટે છે. **योगः कर्मसु कौशलम** એ ન્યાયે તારા કર્મ તું કુશળતાથી કર. બાળકોમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિના વિચારો કૌશલ્ય વર્ધિત શિક્ષણની વિચારધારાએ આપણી ગુરુકુળ અને આશ્રમ શિક્ષણ પ્રણાલીનું નવું સંવર્ધિત સ્વરૂપ છે. આપણે આ વિચારધારાને ફરી સમાજમાં પ્રસ્થાપિત કરવાની છે. આ એક યજ્ઞ કાર્ય જ છે. જેથી મૂલ્યોના આચાર-વિચાર અને ચિંતન સાથેનું શિક્ષણયજ્ઞ કર્તવ્ય અને ફરજરૂપે સમાજમાં વિસરાતી જતી પરંપરાઓ રીત-રિવાજો, આનંદ-ઉત્સવના પ્રસંગો, મેળાઓ, તહેવારો, ગીતો-રમતો, જે જન્મથી જ મનુષ્યનાં જીવન સાથે વણાયેલ હતું. જેમાં નાની નાની ખુશીઓને આનંદ સાથે વહેંચી, સુખદુઃખમાં સાથે સમાજ કર્તવ્ય, રાષ્ટ્ર કર્તવ્ય અને 'વસુધૈવ કુટુંબકમ્' અને સર્વ સમભાવ, મમભાવને જીવતા આવ્યા હતા તેને ફરીથી જીવંત કરી ઉન્નત રાષ્ટ્રના નિર્માણ માટે ફરીથી પ્રસ્થાપિત કરીએ.

● **શાળાઓ સામાજિક ચેતના કેન્દ્રો :** શાળા એ આધુનિકતા સાથે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેના કર્તવ્યની વિચારધારાને પોતાનો સ્વધર્મ માન્યો છે અને તે સાથેનું યજ્ઞકાર્ય સતત કરતી રહી છે. શાળાનું ચાલુ વર્ષ રજત વર્ષની ઉજવણી રૂપે છે. શાળા ૨૫મા વર્ષમાં પ્રવેશવા જઈ રહી છે તે પહેલા તેની ઉજવણી સામાજિક કર્તવ્યને લઈને સમાજ સામે, આધુનિકતા સામે વિસરાતી જતી સાંસ્કૃતિક ધરોહરને તેના સમાર્જન માટે પ્રોજેક્ટ 'દધીચિ'ની કેટલાક ઉદ્દેશ અને હેતુ સાથે શુભ શરૂઆત કરી છે.

*જીવે જે કો સ્વપ્ન વિણ તે જિંદગી જિંદગીના,*
*પ્રેરે કાર્યે નહીં, ન બલ દે સોણલા સોણલાના.*
*છોને સાથે તવ વિપદના પ્હાડ ઊભેલ ભાસે,*
*જે આજે છે સ્વપ્ન રમશું કાલે તે સિદ્ધ થાશે.*

શાળાના સ્થાપનાકાળથી જ વિઝન અને મિશન એક દૃષ્ટિકોણ રૂપે ટ્રસ્ટીઓનું રહ્યું હતું. કે શાળાનો પ્રત્યેક વિદ્યાર્થી ગ્લોબલ વિશ્વનાગરિક બને આ કલ્પના આ બાળકોમાં તેમનું સ્વપ્ન હતું. જેનું સાકાર કરવું અને સમાજમાં સતત સામાજિક ઉદ્દેશોને લઈને જવું એ તેનું કર્તવ્યને દૃષ્ટિવંત અને સમાજ અને શિક્ષણની, રાષ્ટ્ર પ્રત્યેની, સંસ્કૃતિ પ્રત્યેની જેમના મન, દયમાં જીવન સાથે વણાઈ ગયેલી એક ચિંતા સાથેની ખેવના તેને માટે સતત મથતા એવા આચાર્ય શ્રી ડૉ. મહેશ ઠાકર એ સ્વપ્નોને સાકાર સ્વરૂપ આપતી અનેક પ્રવૃત્તિઓ સામાજિક ઋણ સ્વરૂપે શાળા કર્તવ્ય સ્વરૂપે, શાળાનાં વિઝન-મિશન ઉદ્દેશના હેતુ સ્વરૂપે સતત સમાજને નવું કંઈક વિચારબીજ સાથેની પ્રવૃત્તિ આપે છે. મૂકે છે. જે સમગ્ર સમાજનો એક નવો જ વિચાર બની જાય છે.

પરિણામ સ્વરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમો તેના દર વર્ષે એક સાંસ્કૃતિક વિચારધારાના બીજ સ્વરૂપ થીમ સાથે સમાજને નવ દૃષ્ટિ રૂપે કર્યા છે તો રાષ્ટ્રકર્તવ્ય, સામાજિક જાગૃતિ સાથેનું શિક્ષણ કર્તવ્યને પર્યાવરણ સાથે જોડી પ્રવાસો હંમેશાં પ્રકૃતિના ખોળે જ ! પ્રકૃતિ અને પર્યાવરણના શિક્ષણ રૂપે બાળકોમાં તેના જતન સંવર્ધન રૂપે પ્રાકૃતિક સ્થળો એ જ ગોઠવે છે જેમાં ટ્રેકિંગ સાથે પર્વતીય વિસ્તારોમાં સાહસ, હિંમત, પર્યાવરણ જતન, પોતાના વારસાના લુપ્ત થતા વનસ્પતિ અને પશુ પંખીઓના જતન અને સંરક્ષણ માટેના શિક્ષણબીજ એક મૂલ્ય શિક્ષણરૂપે, પર્યાવરણ શિક્ષણરૂપે તેમનામાં જાગૃતતા આવે તે રીતે કરી રહી છે. જેથી તેને તે જુએ, સમજે વિચારે અને તેના પ્રત્યેની કર્તવ્યભાવનાને પોષે.

શાળાએ ચાલુ વર્ષ રજત જયંતિ ઉજવણીના પ્રસંગે પ્રોજેક્ટ 'દદીચિ' સમાજ સમક્ષ મૂક્યો છે તેની શુભ શરૂઆત અને ઉદ્‌ઘાટન કર્યું. જેમાં ચાલુ વર્ષ દર ગુરુવારે શાળાના શિક્ષકો ૫૧ જેટલી સોસાયટીમાં રાત્રે ૯.૦૦થી

૯.૩૦ કલાક સુધી એટલે કે અડધો કલાક સુધી જે તે સોસાયટીના અબાલ વૃદ્ધ સાથે પ્રમુખ અગ્રણીય વ્યક્તિઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે રાષ્ટ્રીય ગીતો દેશી રમતો એક લોકવાર્તા રજૂ કરી વિસરાતી જતી આપણી ધરોહર એવા વારસાને સમાજ સમક્ષ પુનઃ ફરી લઈ જઈ તેના પ્રત્યે સમાજ ઋણ અદા કરશે.

આ કાર્યક્રમ પાછળ બે વસ્તુઓ એક ઉદ્દેશ્ય સાથે મહત્વની છે કે (૧) વિસરાતી જતી સાંસ્કૃતિક પરંપરા તેનું ઐતિહાસિક રાષ્ટ્રીય મહત્વ પ્રસ્થાપિત કરવું. (૨) રાષ્ટ્રભાવના અને જીવન મૂલ્યો બાળકોના સંસ્કાર ઘડતરમાં દૃઢ કરવા.

● **જનની જન્મભૂમિ :** ભારતીય સંસ્કૃતિ તેનો ભવ્ય ઈતિહાસ અને વારસો તેના વિશે જાણે સમજે અને પોતાના કર્તવ્ય પ્રત્યે અભિમુખ થાય તેને પ્રસ્થાપિત કરવાનો મૂળ હેતુ હતો એક અનોખો જ્ઞાનયજ્ઞ જેમાં શાળા સમય પછીનું સમયદાન સૌ શિક્ષકો આપશે. પોતાના કર્તવ્યને બજાવશે.આ માટે શાળાના ૯૫ જેટલા શિક્ષકો ૫૧ જેટલી સોસાયટીમાં જ ૭૦૦૦ કુટુંબો ઘરોને સાંકળી ૩૦,૦૦૦ કરતાં વધુ લોકો સમક્ષ સમાજના અગ્રણીઓ, સોસાયટી પ્રમુખો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે મળી નાના બાળકોના ઘડતરમાં વાર્તા ગીત અને રમત રમાડશે, ગાશે અને કહેશે.

પહેલાના સમયમાં દાદાદાદી આ કાર્ય કરતાં હતાં તે હવે શિક્ષકો કરશે. રાષ્ટ્રની આઝાદીનો અમૃત મહોત્સવ ચાલે છે રાષ્ટ્રના ઘડતરમાં, તેની એકતામાં આઝાદીના સંગ્રામમાં લોક સમાજમાં પ્રેરણા અને ઉત્સાહ પૂરનારા આપણાં રાષ્ટ્રીય ગીતો જેણે એક જોમ અને જુસ્સો પૂરવાનું કાર્ય કર્યું હતું તે અને તેવા ગીતો દ્વારા આજની પેઢીને દુનિયામાં લાવવા માટે તે માટે પ્રેરિત કરવા એ ખૂબ મહત્વનું છે. બીજું કે આજના બાળકો રમતોથી દૂર થતાં જાય છે. મોબાઈલ અને ટી.વી., કમ્પ્યૂટર, લેપટોપમાંથી બહાર નીકળી શકતા ન હોવાથી તેમનું શરીર અને માનસિક તંદુરસ્તી માટે જાગૃત કરવા જરૂરી છે. અનેક ચિંતાઓ અને પ્રશ્નો સમસ્યાઓ સાથે જીવતા હોવાથી હતોત્સાહ અને નાસીપાસ જલદી થઈ જાય છે, પરિણામે કુપોષણ આત્મઘાત વગેરેના પ્રશ્નો ઊભા થયા છે. રાષ્ટ્રના માટે પોતાની શું ફરજ છે ? તે કર્તવ્ય ભાવના પોષવામાં સાથે પોતાના તંદુરસ્તી માટે વિચારે સ્વસ્થ મન, તન તંદુરસ્ત હશે તો જ શિક્ષણમાં પરિણામ સારા આવશે. યાદ રહેશે પ્રફુલ્લિત કરી તેમને ખીલવવા દેશી રમતો ખૂબ જરૂરી છે જેને આપણે દર અઠવાડિયે રમાડીશું જેથી સાહસ હિંમત કેળવાય.

આ માટેની વાર્તાઓ, ગીતો, રમતો પણ નક્કી કરી તેને પુસ્તક આકારે બૂકલેટો સાથેની ચોક્કસ નક્કી કરી દેવામાં આવ્યા છે. જેનું ઉદ્ઘાટન અને વિમોચન સમાજના અગ્રણીઓ એવાં ગુજરાત રાજ્ય નાયબ મુખ્ય દંડક, ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈ પટેલ તથા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી નવનીત મહેતા, સોસાયટીઓના પ્રમુખશ્રીઓ, પ્રતિનિધિઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા તેમની ઉપસ્થિતિમાં વિમોચન કાર્ય સંપૂર્ણ સંપન્ન કરવામાં આવ્યું જેની નોંધ મીડિયા અને પ્રેસ ચેનલે લઈ સમાજમાં તેને પ્રસરાવવામાં અમને ખૂબ સાથ સહકાર આપ્યો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન શ્રી દંડક દુષ્યંતભાઈએ પ્રોજેક્ટ 'દધીચિ'ને ગુજરાત રાજ્યમાં વિધાનસભામાં લઈ જઈ રાજયના અન્ય જિલ્લાઓમાં શિક્ષણમાં સમાજમાં પ્રસ્થાપિત થાય તે માટે તે પ્રયત્ન કરશે તેમ કહ્યું. તો જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ભરૂચ જેમણે પોતે ભરૂચની અન્ય શાળાઓ દ્વારા તથા વડોદરા જિલ્લામાં પણ તેમની કાર્યકારી હોવાથી ત્યાં પણ અમલમાં મૂકી શકાય તે માટે પરિપત્ર જારી કરી સમાજ માટેના પ્રયત્નો, સંસ્કૃતિ અને વિસરાતા વારસા પ્રત્યેના અભિગમ માટે પ્રયત્નો કરશે તેમ કહ્યું હતું.

● **પ્રોજેક્ટ 'દધીચિ' :**

આ નો ભદ્રાः क्रतवो यन्तु विश्वतोऽदब्धासो
अपरितासउद्‌भिदः । – યજુર્વેદ

એટલે કે અમારા જીવનમાં ચારે બાજુથી કલ્યાણકારી સદ્‌વિચારોરૂપી સંકલ્પો યજ્ઞોનું શુભાગમન થાઓ. આજ હેતુ સાથેના પ્રોજેક્ટ 'દધીચિ'ના અન્ય સંકલ્પો એટલે...

(૧) પ્લાસ્ટિક મુક્તિ (૨) સ્વચ્છતા
(૩) ઊર્જા બચત (૪) વ્યસન મુક્તિ

● **પ્લાસ્ટિક મુક્તિ :** આ અભિયાનો સંકલ્પો શાળાએ બે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બે માસના પૂર્વયોજિત ઝુંબેશ સ્વરૂપે સામાજિક ભૂમિકામાં મંગલાચરણ જૂન, જુલાઈના પ્રોજેક્ટ અભિયાન સ્વરૂપે 'પ્લાસ્ટિક મુક્તિ' પણ શરૂ કર્યું છે જેમાં Google ફોર્મ દ્વારા લિંક મૂકી કેટલાક પર્યાવરણના પ્રશ્નો દ્વારા જાગૃતિ માટે રજિસ્ટ્રેશન અને અભિયાન શરૂ કર્યું. પ્લાસ્ટિક ન વાપરવા માટે સંકલ્પો લેવડાવ્યા. ભારત સરકારે મૂકેલ પ્રતિબંધ સિંગલ યુઝ પ્લાસ્ટિક સાથેનો અનુબંધ સાથે સમાજમાં દરેક સોસાયટીમાં વાલીઓ, બાળકો, સમાજના અગ્રણીઓ તેમાં જોડાય અને પ્લાસ્ટિકથી થતા નુકસાન પર્યાવરણને તેની અસરો પ્રદૂષણ માટે નિમિત અને ગાય જેવા પ્રાણીઓ માટે ભયજનક રૂપ બાબતો તથા આરોગ્ય અને તેનું કેટલું નુકસાન થાય છે તે વિશે અવગત કરવા વિવિધ સ્પર્ધાઓ, પ્રવૃત્તિઓ સમાજ સમક્ષ મૂકી છે. સ્લોગનો તૈયાર કર્યા છે.

● **સ્વચ્છતા :** પોતાના શરીરથી માંડી ઘર, આંગણ અને ગામ, શહેર, રાજ્ય સુધી આરોગ્ય સાથે સ્વસ્થ સમાજ તંદુરસ્ત સમાજ માટે કટિબદ્ધ કરવા. વડાપ્રધાનશ્રીના આ માટે ચાલતા અભિયાન અને સમાજને તે માટે જાગૃત કરવા કેટલાક આયોજનો શાળા સફાઈ, શેરી સફાઈ, ગ્રામ સફાઈ વગેરેનું આયોજન છે. જેથી આરોગ્યના પ્રશ્નો ઘટશે. તંદુરસ્તી વધશે.

● **ઊર્જા બચત :** દેશ અને રાજ્ય ઊર્જા સંસાધનોથી ખૂબ આજે વિશ્વ સાથે ત્રસ્ત છે ત્યારે પ્રાકૃતિક સંસાધનો અન્ય વિકલ્પ સંસાધનો પ્રત્યે સંસાધન થાય તે તરફ દોરવા.

ઘરથી માંડી સમાજના જાહેર માધ્યમોમાં વપરાતા વીજ સંસાધનો અન્ય ઊર્જાના સ્ત્રોત વગેરેમાં કાળજી લેવાય તે પ્રત્યે રાષ્ટ્ર સાથે કદમ મિલાવવા.

● **વ્યસન મુક્તિ :** તંદુરસ્ત સ્વસ્થ સમાજના નિર્માણ માટે કેટલાંક વ્યસનો દારૂ, સિગારેટ, ચોરી વગેરે તેમજ અપ્રમાણિકતા, ભ્રષ્ટાચાર વગેરે સામે જાગૃત કરવા.

આ તમામે તમામ અભિયાનો દર બે બે માસે સમાજ સમક્ષ મૂકી સમાજના કલ્યાણ માટે, રાષ્ટ્રના ઉત્થાન માટે ભૂમિકા ઊભી કરવાનો હેતુ.

● **વંદે વસુંધરા :** દેવને દુર્લભ માનવ જીવન છે એ જીવન માટે અનુવાર્ય છે શુદ્ધ હવા, ચોખ્ખું જળ, નિર્વિષ આકાશ. કોરોના સમયમાં શુદ્ધ હવા, ઓક્સિજનને પર્યાવરણનું મહત્વ સૌને સમજાવી દીધું.

શાળા તેના શિક્ષણ અને જીવન ઘડતરના પાયાના મૂલ્યમાં હંમેશાં પર્યાવરણ જાગૃતિ થાય શિક્ષણ સાથે સાથે બાળકો તેના મહત્વને સમજે તેવો પ્રયાસ ઘણી બધી પ્રવૃત્તિઓ થકી આજ સુધી કરતી આવી છે. જેમાં... ૧૦:૩૦ વર્ષે વૃક્ષારોપણ તો કરે જ છે છતાંય વિશિષ્ટ રીતે 'વંદે વસુંધરા' પ્રોજેક્ટ હેઠળ સતત પાંચ છ વર્ષથી લીમડાનાં વૃક્ષો ભરૂચ શહેરમાં અને વાલીઓ જે સોસાયટીમાં રહેતા હોય ત્યાં તે બાળકો તેનો ઉછેર કરે સંવર્ધન કરે તેવા આશય સાથે દર વર્ષે ૧૨૫ લીમડા વાવવાનું કાર્ય ગ્રીન ભોલાવ ગ્રીન ભરૂચ હેઠળ શરૂ કર્યું. જેમાં ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંગ ચુડાસમા, શ્રી ઈશ્વરસિંહ પટેલ, શ્રી દુષ્યંતભાઈ પટેલ તેમજ પૂર્વ મંત્રીશ્રીઓ તથા ભરૂચના અગ્રણી મહાનુભાવોનાં હસ્તે વૃક્ષારોપણ કાર્ય થયું. જેનો શાળાના વિદ્યાર્થીઓમાં ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો. આજે બાળકો આ પ્રવૃત્તિમાં વૃક્ષ મિત્ર રૂપે કાર્ય કરે છે. તેમને પ્રશસ્તિપત્ર થકી સન્માન પણ આપવામાં આવ્યું છે.

ચાલુ વર્ષે ૫૧ સોસાયટીના તમામ પ્રમુખશ્રીઓ, અગ્રણીઓને તેમજ શિક્ષકોએ ૧૨૫ લીમડા વાવી આ પ્રોજેક્ટ 'દધીચિ' સાથે સમાજ ઉત્થાનમાં પોતાનું વિશેષ યોગદાન રૂપે મહત્વનો બની રહ્યો છે. જેમાં સૌથી વધુ લીમડા ૨૫ શાળાના શિક્ષિકાબેન શ્રીમતી રૂપલબેને વાવ્યા, ઉછેર્યા તે માટે તેમજ અન્ય શિક્ષકોને પણ સન્માનિત કર્યા હતા.

બાળકોમાં પર્યાવરણ પ્રેમ ખીલે જાગૃત બને તે માટે પ્રાકૃતિક સ્થળો જેવા ઝરવાણી, વજેરિયા, દેવ કેમ્પ, સાપુતારા, જાંબુઘોડા અભ્યારણ્ય જેવા કુદરતી પ્રાકૃતિક સ્થળોએ પ્રવાસ ગોઠવી તેનો પર્યાવરણ નાતો મજબૂત કરતા તેને સમજે સંવર્ધિત કરવા પ્રેરાય તેવા પ્રયાસો કરે છે.

આમ સમાજ ઉત્થાન માટે, રાષ્ટ્ર ઘડતર અને રાષ્ટ્ર માટેની ભૂમિકામાં શાળા સતત દર વર્ષે પોતાનું અમૂલ્ય યોગદાન આપે છે.

# વિધાનપરિષદ : એક પરિચય

**પ્રા. મહેન્દ્ર જે. પરમાર**
બી-૧૦૧, સ્વાગત સીટી, અડાલજ, જિ. ગાંધીનગર.
મો. ૯૪૨૯૫૨૪૨૦૫

આજના ભારતીય મતદારો વધુ સુરક્ષિત, વધારે સમજદાર, ઘણા જાગૃત્ત, જબરા ગણતરીબાજ અને રાષ્ટ્રીય જવાબદારી સમજનારા છે. તેઓ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખે તેવા છે. જનતા પોતાની સૂક્ષ્મદર્શક યંત્ર જેવી આંખોથી બધા રાજકીય તમાશા નિહાળી રહી છે. મતદાન નામના પોતાના બહમૂલ્ય અધિકારથી અને એ જ અધિકારની પ્રચંડ થપાટથી ભલભલા વજનદાર નેતાઓને પણ ધૂળ ચાટતા કરી દે છે.

તાજેતરમાં એપ્રિલ-૨૦૨૨માં ઉત્તરપ્રદેશ અને જૂન ૨૦૨૨માં મહારાષ્ટ્રમાં થયેલ વિધાનપરિષદની થયેલ ચૂંટણીએ આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે. જે રાજ્યોમાં વિધાનપરિષદ આવેલી છે ત્યાં મહદ્અંશે આમપ્રજા તેનાથી સંપૂર્ણ વાકેફ છે. પરંતુ જે રાજ્યોમાં વિધાનપરિષદ નથી ત્યાં તેના વિશે કોઈ ખાસ જાણકારી વિદ્યાર્થીઓ, શિક્ષકોમાં નહીંવત હોય છે. અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં લોકસભા, રાજ્યસભા અને વિધાનસભા વિશે માહિતી હોય છે. વિધાનસભાનો નામમાત્રનો ઉલ્લેખ હોય છે. આપણા વિષય શિક્ષકોએ તેના વિશે વિસ્તૃત જાણકારી મેળવી આપણા વિદ્યાર્થીઓને પરિચય કરાવવો જોઈએ.

ભારતના ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક અને તેલંગાણા એમ ૬ રાજ્યોમાં વિધાનપરિષદ છે. અંગ્રેજીમાં તે લેજિસ્લેટિવ લોકસભા એ ઉપલાગૃહ તરીકે રાજ્યસભા ગણાય છે. તેવી જ રીતે વિધાનસભા નીચલું ગૃહ અને વિધાનપરિષદ ઉપલું ગૃહ ગણાય છે. રાજ્યસભા જેટલું મહત્વ અને અધિકારો વિધાનપરિષદ ધરાવતી નથી. પણ તેના માધ્યમ દ્વારા રાજ્યમાં પ્રધાનમંડળમાં જોડાવાનો માર્ગ ઘણી વખત વિધાનસભામાં પરાજિત થયેલ ઉમેદવારો માટે ખૂલતો હોય છે.

સામાન્ય રીતે વિધાનપરિષદના ચૂંટણીમાં કોઈ મહત્વના મુદ્દા હોતા નથી. પણ ઉમેદવાર તથા પક્ષનો વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કેવો દબદબો છે, કેવું વર્ચસ્વ છે,તેના આધારે ચૂંટણી લડાતી હોય છે. લોકસભાની ચૂંટણીમાં ઘણી વખત જે તે પક્ષના મહત્વના નેતાઓનો પરાજય થતા તેમને રાજ્યસભામાં મોકલીને સન્મામ જાળવવામાં આવતું હોય છે. ઘણી વખત વહીવટી કુશળતા, બહોળો અનુભવ અને દીર્ઘકાલીન ઉત્કૃટ સેવાઓને ધ્યાનમાં લઈ લોકસભામાં ચૂંટાવાની કે ટિકિટ મળવાની કોઈ ગુંજાઈશ ન હોય ત્યારે રાજ્યસભામાં મોકલી કન્દ્રિય પ્રધાનમંડળમાં સ્થાન આપવામાં આવે છે.

હાલના વિદેશપ્રધાન પી. જયશંકર ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્ય છે. માર્ચ-એપ્રિલ ૨૦૨૨માં ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી હારી જતા શ્રી કેશવપ્રસાદ મૌર્ય ઉત્તરપ્રદેશની વિધાનપરિષદમાં ચૂંટાઈને પુનઃ નાયબ મુખ્યમંત્રી બન્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર પણ બિહાર વિધાનપરિષદના સભ્ય છે. ટૂંકમાં કેન્દ્રસરકારમાં રાજ્યસભા દ્વારા અને રાજ્યોમાં વિધાનપરિષદ દ્વારા રાજ્યપ્રધાનમંડળમાં જોડાવા અનુક્રમે રાજ્યસભા અને વિધાનપરિષદના સભ્ય હોવું અનિવાર્ય છે. ડૉ. મનમોહનસિંઘ ૧૦ વર્ષ દેશના વડાપ્રધાન રહ્યા. પણ લોકસભાના સભ્ય નહોતા, પણ રાજ્યસભાના સભ્ય હતા.

**સભ્યસંખ્યા :** વિધાનસભાના કુલ સભ્યોની સંખ્યાના ત્રીજા ભાગની સંખ્યા હોય છે. જેમકે, ઉત્તરપ્રદેશમાં ૪૦૫ વિધાનસભા બેઠકોની સામે ત્રીજાભાગની ગણતરી પ્રમાણે ૧૩૪ સભ્યોની સભાના કુલ ૧૮૨ સંખ્યા પ્રમાણે ત્રીજા ભાગની ૬૦ સંખ્યા હોય. રાજ્યસભાની જેમ વિધાનપરિષદ પણ કાયમીગૃહ છે. દર બે વર્ષે ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ સભ્યો ઉમેરાતા જાય છે. સભ્યોની મુદત પણ ૬ વર્ષ હોય છે.

લોકસભા, રાજ્યસભા અને વિધાનસભામાં જે રીતે અધ્યક્ષ-ઉપાધ્યક્ષ નિમાતા હોય છે તે જ રીતે વિધાનપરિષદમાં અધ્યક્ષની વરણી થતી હોય છે. સામાન્ય

**(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)**



વિજ્ઞાન પ્રોજેક્ટ - અસારવા વિદ્યાલય



વિજ્ઞાન પ્રોજેક્ટ - સરસ્વતી કુમારશાળા નં.૧





શૈક્ષણિક પ્રવાસ - ભાટ બોટોનિકલ ગાર્ડન - જે.એન. બાલિકા વિદ્યાલય





જ્ઞાન ગૌરવ કાર્યક્રમ - સરસ્વતી કુમારશાળા નં.૨



જ્ઞાન ગૌરવ કાર્યક્રમ - શાંતિકુમાર કોઠારી વિદ્યાલય

ઘરશાળા
સપ્ટેમ્બર-૨૦૨૨

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ.૧૫૦/-

# અશોક ચક્રનો સંદેશ



૧. પવિત્રતા
૨. આરોગ્ય
૩. શાંતિ
૪. બલિદાન
૫. નૈતિકતા
૬. સેવા
૭. ક્ષમા
૮. પ્રેમ
૯. મિત્રતા
૧૦. બંધુત્વ
૧૧. સંસ્થા
૧૨. કલ્યાણ
૧૩. સમૃદ્ધિ
૧૪. ઉદ્યોગ
૧૫. સલામતી
૧૬. જાગૃતિ
૧૭. સમાનતા
૧૮. અર્થા
૧૯. નીતિ
૨૦. ન્યાય
૨૧. સહકાર
૨૨. ફરજો
૨૩. અધિકારો
૨૪. શાણપણ

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.